

સોનેરી સુવાક્યોનો ખજાનો

દુનિયાના મહાન ચિંતકોના
અનુભવી જીવનની મૂલ્યવાન વાતો

સંકલન ડૉ. કાન્તિભાઈ પ્રજાપતિ

VISIT…

LANZAROTE Caliente.COM



સોનેરી સુવાક્યોનો ખજાનો

દુનિયાના મહાન ચિંતકોના
અનુભવી જીવનની મૂલ્યવાન વાતો

સંકલન ડૉ. કાન્તિભાઈ પ્રજાપતિ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

સોનેરી સુવાક્યોનો ખજાનો

દુનિયાના મહાન ચિંતકોના અનુભવી જીવનની મૂલ્યવાન વાતો

સંકલન

ડૉ. કાન્તિભાઈ પ્રજાપતિ

સંપર્કસૂત્ર

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

7, 'અર્થબાગ' 116, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441

'દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573

Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

SONERI SUVAKYONO KHAJANO
Collection of Immortal Quotations
Compiled by Dr. Kantibhai Prajapati
Published by **R. R. Sheth & Co. Pvt. Ltd.**
Mumbai □ Ahmedabad
2018

ePub Version 3.0.1
eISBN : 978-93-8888-244-6

અર્પણ

મારા વિકાસપથની કેડી કંડારનાર
પ્રો. મહેન્દ્ર અમીન અને
તેમનાં જીવનસંગીની **અંજનાબહેન** ને

નિવેદન

સુગંધી વાણીનો અર્ક તે અવતરણ, વાણીની સુગંધનું મૂળ વિચારમાં હોય તેમજ શબ્દમાં પણ હોય. પ્રત્યેક માનવીનું જીવન તેના આંતરિક વિચારોથી ઘડાય છે. જેવા વિચારો એવું માનવીનું મન કે જીવન. સારા યા ખરાબ, હકારાત્મક અથવા નકારાત્મક વિચારો માનવ-જીવન નિર્માણમાં ખૂબ નોંધપાત્ર અસર ઊભી કરે છે. જેવો વિચાર તેવો આચાર. આચારને સ્વચ્છ-સુગંધિત રાખવા એવા જ વિચારો મનમાં રોપતા રહેવું જોઈએ.

શબ્દ અને અર્થ બંનેનું સુભગ સાયુજ્ય સધાય ત્યારે જ વાણી અવતરણક્ષમ બને, પણ વિચારમાં અને શબ્દમાં જે સુગંધ પ્રગટે છે તે નીપજે છે. તો લખનાર કે બોલનારના વ્યક્તિત્વની ભોંયમાંથી શબ્દ અને અર્થનો સંવાદ જો વ્યક્તિત્વ સાથે ન સધાયો હોય તો એ વાણી કદાચ નોંધપાત્ર બને અવતરણક્ષમ નહીં. **'પરસ્ત્રી જેને માત રે'** એમ નરસિંહ મહેતા કહે તો અવતરણક્ષમ બને, પણ એ જ શબ્દો રાવણ કહે તો અવતરણક્ષમ ન બને. **'અલ્પાત્માને માપવા સત્યનો ગજ કદી ટૂંકો ન બનો'** એમ ગાંધીજી કહે તો અવતરણક્ષમ બને, ગોડસે કહે તો નહીં.

માણસ માટે શારીરિક સ્વસ્થતા કરતાં પણ વધારે જરૂરી અને ઉપયોગી માનસિક સ્વસ્થતા છે. ક્યાંકથી મળી આવતા સારા વિચારો, સારા શબ્દો માણસને માનસિક સ્વાસ્થ્ય બક્ષે છે. સારાં દૈનિક અગ્રલેખની શરૂઆત થાય તે પહેલાં છેક મથાળે એક સુવાક્ય કે સુભાષિત દરરોજ છાપે છે. રોજ એક સારો વિચાર, એક સારી ભાવના વાચકને આપવાની એની નેમ હોય છે. એનું એકાદ વાક્ય ક્યારેક પગ ખાડામાં પડતો બચાવી શકે, ક્યારેક મનને નબળું પડી જતાં અટકાવી શકે, ક્યારેક જીવનમાં નવી કેડી પણ ચીંધી શકે. **સુવિચારો કે સુભાષિતો શબ્દમાંથી પ્રગટે છે આ શબ્દમાં શક્તિ છે, શબ્દમાં ભક્તિ છે, શબ્દ માણસને શણગારે છે અને શબ્દ માણસને જીવંત રાખે છે. એક શબ્દ યા એક સુવિચારમાંથી એક આખું શાસ્ત્ર વિસ્તરતું હોય છે, યા કહો કે એક નાના છિદ્રમાંથી આભને અવલોકવાનું હોય છે.**

જીવન-સાધના માટેનું પાથેય સુવિચારો છે. એનું ચિંતન-મનન અંતરમાં પડેલી ચેતનાશક્તિને જાગૃત કરે છે અને એ શક્તિ જ અલ્પ એવા માનવજીવનને વિશ્વજીવન સાથે એકરૂપ થવા દૃષ્ટિ અર્પે છે. એને સહારે જ માનવ ઉન્નતજીવનની યાત્રા પર ડગલાં માંડે છે. હૃદયને સ્પર્શી જતો એકાદ શબ્દ યા સુવિચાર ક્યારેક માણસના સમગ્ર જીવનને બદલી નાખે છે. ક્યારેક તો આવો સદ્વિચાર માનવ-જીવનનો આદર્શ બની જાય છે. સારો શબ્દ યા વિચાર માણસના હૃદયના ઊંડાણને સ્પર્શે છે. અહીં સંકલિત કરેલ સદ્વિચારો પૈકી એકાદ સુવિચાર વાચકના હૃદય સુધી પહોંચી તેના જીવનને સુવાસિત બનાવશે તો પણ આ પ્રયાસ સાર્થક ગણાશે.

આ પુસ્તક પુષ્પ આપના કર-કમળમાં મૂકતાં અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું. આ સંગ્રહમાં વિવિધ પુસ્તકો, સામયિકો, સુભાષિત ગ્રંથોમાંથી કાળજી ને જહેમતપૂર્વક તારવેલ છે તથા અન્ય ભાષામાંથી અનુવાદિત ઉત્તમ વિચારોનું ભાથું આપવામાં આવ્યું છે.

વેદ ઉપનિષદ્ના ઋષિઓ, બુદ્ધ, મહાવીર, ઈશુ, જરથુષ્ટ, મોહમ્મદ પયગંબર વગેરેની વાણી તો ન્યારી છે. અહીં ગાંધીજી, રવીન્દ્રનાથ, વિવેકાનંદ, રામતીર્થ, રોમારોલાં, આઇન્સ્ટાઇન, સોક્રેટીસ, થોરો, ટોલ્સ્ટોય, રસ્કિન, બેકેન, હેગેલ, વિલિયમ શેક્સપિયર, કાલિદાસ જેવી મહાન વિભૂતિઓ તેમજ વિવિધ કવિઓ, લેખકોનાં અવતરણો તેમજ પંક્તિઓને સંકલન સ્વરૂપે રજૂ કર્યાં છે. સંકલનમાં સમાવિષ્ટ, અવતરણો, પંક્તિઓનાં રચયિતાઓનો ઋણી છું.

રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે 'પ્રકાશ ગમે ત્યાંથી મળે તો મેળવનારને માટે તો એ પ્રકાશ જ રહે છે.' આ દૃષ્ટિએ આ મહાન સંકલન વાચનરસિકો, સાહિત્યપ્રેમીઓ, જીવનવિદ્યાના ઉપાસકો તેમજ વિચારવંત નાગરિકો માટે રસદાયી અને પ્રેરણાદાયી સામગ્રી પૂરી પાડશે એવી મને શ્રદ્ધા છે. વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં, પત્રકારોને વ્યવસાયમાં, શાળા-મહાશાળાઓમાં નિયમિત સુવિચાર લેખન માટે, શિક્ષકો, અધ્યાપકો, રાજકીય, ધાર્મિક તેમજ સામાજિક સંગઠનો સાથે સંકળાયેલ વ્યક્તિઓ તેમજ લાયન્સ, જાયન્ટ્સ ક્લબ, શ્રેષ્ઠ વક્તા બનવા ઇચ્છતા વ્યક્તિઓને આ સંકલન ઉપયોગી થશે. પણ વિશેષ તો કોઈપણ માનવીને નિત્ય મનન માટે ઉપયોગી પુરવાર થશે.

માણસજાતે સારવેલાં મહાન સત્યો અને સન્માનેલ મહાન મૂલ્યો પ્રતિ આપણી ઊગતી પેઢીને અભિમુખ કરી તેમને વિચારશીલ નાગરિક બનાવવા તેમજ તેમના જીવનની ચેતનાનો સર્વાંગી વિકાસ આ સુવિચારો દ્વારા થાય અને જીવન સુખમય, સેવામય અને સુવાસમય બની રહે, સંસાર પ્રસન્નતા અને આનંદથી ભરપૂર બને, તેમની બૌદ્ધિક ચેતનાની અને સમજની વાટને સંકોરવામાં આ સંકલન સંગ્રહ મદદરૂપ થશે તો મારો આ શ્રમ સાર્થક થયો ગણાશે. અનેક ચિંતકોની ચિંતન પ્રસાદીરૂપ તારવેલા આ અમૃતનું શ્રેય એ ચિંતકોનું છે, સંકલન તો નિમિત્તરૂપ છે.

અંતમાં સર્જનના સૌ સહભાગીઓનું સ્મરણ કેવી રીતે ભૂલી શકાય? સૌ પ્રથમ વિદ્યાદેવી સરસ્વતીને વંદન કે એમણે મને જેવો છું તેવો સ્વીકાર્યો. આ પ્રસંગે અમારી કૉલેજના આચાર્ય ડૉ. કામેશ્વર પ્રસાદ, પ્રો. મહેન્દ્ર અમીન (હાલ અમેરિકા), મોડાસા કૉલેજના પ્રો. જિતેન્દ્ર દેસાઈ, ડૉ. શ્રીનિવાસન ઐયર (ઉદેપુર), એચ. કે. દેસાઈ (આર.એફ.ઓ), પ્રો. મંગુભાઈ પટેલ, પ્રો. એસ. કે. પટેલ, ઘડકણ હાઈસ્કૂલના નટુભાઈ પટેલ, પુંસરીના કનુભાઈ પટેલ તેમજ કૉલેજ પરિવારના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારી ગણનો આભાર વ્યક્ત કરું છું.

આ પુસ્તકને ધીરજ અને લગનથી પૂર્ણ કરવામાં સત્પ્રેરણા પૂરી પાડનાર મારા માતાજી ગં.સ્વ. જીવીબહેન, પિતાજી શંકરભાઈ પ્રજાપતિએ અથાગ પરિશ્રમ કરીને મારામાં જ્ઞાનરૂપી સંસ્કારોનું સિંચન કર્યું, તેમનો હું જીવનભર ઋણી છું અને રહીશ. મારી જીવનસંગિની પ્રેમીલા, પુત્રી પ્રિયંકા અને પુત્ર હર્ષનો પણ સદાયને માટે ઋણી રહીશ. એટલા માટે નહીં કારણકે એ મારી પત્ની, પુત્રી અને પુત્ર છે પણ એટલા માટે કે એમને આપવાનો સમય મેં સામાજિક કાર્યો માટે આપ્યો છે અને એમણે મને આ બાબતની ક્યારેય ફરિયાદ કરી નથી.

હા, અહીં થોડાક વિષયો પરનાં અવતરણોનું સંકલન કર્યું છે. અહીં મંજૂષાનું માત્ર થોડું ઢાંકણ જ ઉઘાડી શકાયું છે. બધાં અવતરણો બોધક છે એ તેની વિશિષ્ટતા છે.

પ્રત્યેક પુસ્તક એટલે અનુભવનું અવતરણ,
પ્રત્યેક ઘર એટલે વૃક્ષો અને પથ્થરોનું અવતરણ,
પ્રત્યેક માણસ એટલે એના તમામ પૂર્વજોનું અવતરણ.

રાલ્ફ વાલ્ડો એમર્સન

ડૉ. કાન્તિભાઈ પ્રજાપતિ
આટ્‌ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતિજ

7-એ, હરિઓમ પાર્ક સોસાયટી
એપ્રોચ રોડ, પ્રાંતિજ - 383 205
મોબાઇલ: 94265 41087

અજ્ઞાનતા

હું જાણતો નથી તે વિષયમાં મારી અજ્ઞાનતા સ્વીકારવામાં
મને સહેજ પણ શરમ આવતી નથી.

સિસરો

♦

અજ્ઞાન રહેવા કરતાં ન જન્મવું સારું, એ અધિક કલ્યાણકર છે, કારણકે અજ્ઞાન જ દુર્ભાગ્યનું મૂળ છે.

પ્લેટો

♦

અજ્ઞાનતા એક એવી રાત્રી છે
જેમાં ન હોય ચંદ્ર કે ન હોય તારાગણ.

કન્ફ્યુશિયસ

♦

જ્યાં અજ્ઞાનતા જ વરદાન હોય ત્યાં
બુદ્ધિ વ્યક્ત કરવી એ પણ મૂર્ખતા છે.

ગ્રેવિલ

♦

અજ્ઞાનની સર્વ સંપત્તિ કરતાં મોટી સંપત્તિ છે મૌન
અને જ્યારે તે આ રહસ્ય જાણે છે ત્યારે મૌન ટકતું નથી.

શેખ સાદી

♦

અજ્ઞાનતાથી ઘમંડ વધે છે. જે પોતાને વધુ જ્ઞાની સમજે છે
તે બધા કરતાં વધુ મૂર્ખ હોય છે.

ગેટે

♦

પોતાની અજ્ઞાનતાનો આભાસ
બુદ્ધિમત્તાના મંદિરનું પ્રથમ સોપાન છે.

સ્પર્જન

♦

અજ્ઞાનતા જ મોહ અને સ્વાર્થની જનની છે
તેથી અજ્ઞાની દુષ્ટ અને કાયર હોય છે.

મહાત્મા ગાંધી

અહંકાર

ઘમંડ મૂર્ખતાનું ચિહ્ન છે.
જેમ શરીરમાંથી લોહી ઓછું થાય
ત્યારે વાયુ એમાં ભરાઈ શરીરને ફુલાવી દે છે.
તે જ રીતે જ્યાં સુધી બુદ્ધિ ઓછી હોય છે
ત્યાં અહંકાર ભરાઈ જવાથી મન ફુલાઈ જાય છે.

બૅકન

♦

મનુષ્ય જેટલો નાનો હોય છે
તેનો અહંકાર એટલો જ મોટો હોય છે.

રોમો

♦

દંભનો અંત સદૈવ અહંકાર હોય છે
અને અહંકારી આત્મા સદૈવ પતિત થાય છે.

બાઇબલ

♦

અહંકારીને લાગે છે કે 'હું ન હોત તો દુનિયા નભત નહીં'
જ્યારે સત્ય તો એ છે કે હું તો શું, સમગ્ર જગત
પણ ન હોત તો પણ દુનિયા ચાલતી રહેત.

અજ્ઞાત

♦

જે ઈશ્વરને પિછાણે છે તે નમ્ર છે.
જે પોતાને ઓળખે છે તે અભિમાની ન થઈ શકે.

પલવેલ

♦

જ્યારે મનુષ્યનો નાશ થવાનો હોય
ત્યારે તે અહંકારી થઈ જાય છે.
આ આપણો અહંકાર જ નિમિત્ત છે કે,
જે આપણે આપણી આલોચના સાંભળીને દુઃખી થઈએ છીએ.

મેરી કેનેડી

♦

નાશ પામતા પહેલાં વ્યક્તિ અહંકારી થઈ જાય છે,
પરંતુ સન્માન સદૈવ વ્યક્તિને નમ્રતા પ્રદાન કરે છે.

બાઇબલ

♦

અભિમાન આઠ પ્રકારનાં છેઃ સત્તાનું અભિમાન, સંપત્તિનું અભિમાન, બળનું અભિમાન, રૂપનું અભિમાન,
કુળનું અભિમાન,
પરંતુ મને અભિમાન નથી એવો દાવો કરવો

એના જેવું ભયાનક અભિમાન બીજું એકેય નથી.

વિનોબા ભાવે

અવસર

અવસર કોઈ એવી ચીજ નથી
જે દાળભાતની જેમ બધાને પીરસી શકાય.
તે પ્રાપ્ત કરવા માટે પોતાના ગુણોનો વિકાસ કરવો જોઈએ,
મુત્સદ્દી અને ધીરજ પણ શીખવી જોઈએ,
સાથે સાથે ઉંમર અને અનુભવોનો પણ ખ્યાલ રાખવો જોઈએ.

રામધારીસિંહ દિનકર

♦

હંમેશાં ભાગ્યની રાહ કોણ જોઈ શકે છે?
એક ક્ષણ માટે શુભ અવસર આવે છે,
આપણે તે ગુમાવી દઈએ છીએ
અને મહિના અને વરસોનો નાશ થઈ જાય છે.

કાર્લાઇલ

♦

અનિષ્ટ કરવાના અવસર તો દિલમાં સો વખત આવશે,
પરંતુ ભલાઈનો અવસર વરસમાં એક વખત આવે છે.

વૉલ્ટર

♦

જેણે પોતાનો માર્ગ કરવાનો નિશ્ચય કર્યો છે,
તેને સતત પૂરતા અવસર પ્રાપ્ત થશે
અને પ્રાપ્ત ન થાય તો તે ઉત્પન્ન કરી શકે છે.

સ્માઇલ્સ

♦

જે અવસરનો – સમયનો ઉપયોગ કરવાનું જાણે છે
એ તેને પેદા પણ કરી શકે છે.

જોન સ્ટુઅર્ટ

♦

તક કદી એળે જતી નથી.
તમે જે ગુમાવી તેને બીજો ઝડપી લે છે.

આલ્બર્ટ સ્વાઈટ્ઝર

♦

એક મોટી તક આવી પહોંચે તેની રાહ જોઈને
બેસી રહેવાને બદલે નાની તકોને ઝડપી
લેવાથી આપણે મુકામે ઝડપથી પહોંચીએ.

હ્યુ ઍલન

♦

કેટલાક મનુષ્યો સાધારણ અવસરની પ્રતિક્ષામાં રહે છે,
પરંતુ વાસ્તવમાં કોઈપણ અવસર નાનો કે મોટો નથી.

આપણે એમાં રસ લઈએ તો તે જ નાનો
અવસર મોટો થઈ જાય છે.

સ્વેટ માર્ડન



ભીંજવામાં નડતર જેવું લાગે છે,
શરીર સુધ્ધાં બળતર જેવું લાગે છે.
મને કહ્યું પુરાણી છત્રીએ;
'ઊઘડી જઈએ' અવસર જેવું લાગે છે.

ઉદયન ઠક્કર

આશા

સાહસ વગરનું ડહાપણ અને
આશા વગરની શ્રદ્ધા, બંને વાંઝણાં.

માર્ટિન લ્યૂથર



બધાં દુ:ખોની એક જ દવા છે... આશા.

વિલિયમ શેક્સપિયર



જે સરકારમાં ડહાપણ હોય તે લોકોને સંતોષ
ન આપી શકે તોય આશા તો જરૂર આપતી રહે છે.

ફ્રાન્સિસ બેકન



આશા એટલે ગરીબની રોટી.

જ્યોર્જ હર્બર્ટ



આશા એટલે જાગતાંનું સપનું.

મેથ્યુ પ્રિયોર



માણસના મનની સફર એક સુખથી બીજા સુખ
તરફની નહીં, એક આશાથી બીજી આશા તરફની હોય છે.

સેમ્યુઅલ જોનસન



આશા એટલે શ્રદ્ધાની માતા.

સી. એ. બાર્ટલ



આશા જેવો ઘાતકી બીજો કોઈ શત્રુ નથી,
કારણ તે માણસની યાતનાને સતત લંબાવતો રહે છે.

ફ્રેડરિક નિત્શે

આત્મા

જે માનવ આત્માનો અવાજ સાંભળતો નથી
એનો આત્મા મૂંગો થઈ જાય છે.
સેમ્યુઅલ બટલર



આત્મા નિર્વિચાર છે, વિચારથી ત્યાં સુધી પહોંચી શકાતું નથી, આત્મા નિઃશબ્દ છે, શબ્દના માધ્યમથી ત્યાં સુધી નથી પહોંચાતું. આત્મા અચિન્ત્ય છે, ચિંતન દ્વારા ત્યાં નથી પહોંચાતું.
ત્યાં પહોંચી શકાય છે નિર્વિચાર, નિઃશબ્દ, નિર્વિકલ્પ,
નિશ્ચિત અને નિર્મનસ્ક સ્થિતિ દ્વારા. એ સ્થિતિનો જે અનુભવ છે,
તે આપણા શાસ્ત્રોનો નિચોડ છે.
યુવાચાર્ય મહાપ્રજ્ઞ



માત્ર શરીરની ચિંતા ન કરશો,
શરીરની અંદર રહેલા આત્માની ચિંતા કરજો,
તેના આનંદ માટે પણ કંઈક કરજો.
સ્વેટ માર્ડન



પોતાના આત્માની પોતે વગોવણી કરતાં બચવું
મનુષ્યની પહેલી જરૂરિયાત હોવી
અને જગતની બદનામીથી બચવું એ બીજી.
એડીસન



કોઈનાય આત્માને દુઃખ ન પહોંચાડવું એ સર્વશ્રેષ્ઠ માનવધર્મ છે.
ગૌતમ બુદ્ધ



મને મારા આત્માએ સલાહ આપી,
તું ચામડી, આકૃતિ અને રંગની અંદર છુપાયેલું
આંતરિક સૌંદર્ય નિહાળ, લોકો જેને કદરૂપું કહે છે,
તેને તું ઝીણવટથી જોજે. છેવટે તને એ 'કદરૂપા'ની
સાચી મોહકતા જાણવા મળશે
ને સાચો આનંદ પણ તેમાંથી પ્રગટશે.
ખલીલ જિબ્રાન



અન્ય વ્યક્તિ સાથેના સક્રિય વ્યવહાર દરમ્યાન
પોતાના વ્યવહારનું અધ્યયન એ જ સાચી આત્માની ઓળખ.
હ્યુસલી



આત્મા જે આપણું આધ્યાત્મિક જીવન છે,

તે આપણા અમરત્વમાં છુપાયું છે.

મહાત્મા ગાંધી

આનંદ

મારા જીવનની આનંદદાયક પળો બહુ ગણીગાંઠી છે,
જે મેં મારે ઘરે મારા પરિવાર સાથે વિતાવી છે.
થોમસ જેફરસન



આનંદ આપણો ઉપભોગ કરે છે.
શ્રમ આપણને સામર્થ્યવાન બનાવે છે.
બોદલેયર



વેચાઈ જવા કરતાંય વધુ વહેંચાઈ જવામાં લિજ્જત છે.
હર ફૂલ મહીં ખુશ્બૂ પેઠે ખોવાઈ જવામાં લિજ્જત છે.
અમૃત ઘાયલ



જે ફક્ત બહારથી વાહવાહ ઇચ્છે છે,
તે પોતાનો બધો આનંદ બીજાની મુઠ્ઠીમાં રાખે છે.
ગોલ્ડસ્મિથ



આનંદ પરિસ્થિતિને આધિન નથી. આ ભ્રમનું નિવારણ કરી,
સ્વયંમાં જ તે આનંદસ્વરૂપ જ્યોતિને શોધે.
આમાં જ જીવનનું ગૂઢ રહસ્ય ભર્યું છે.
હરિકિશનદાસ અગ્રવાલ



એક અત્યંત મધુર આનંદ પણ હોય છે,
જે વિષાદની અંદરથી આપણી સમક્ષ આવે છે.
સ્પર્જિયન



બાહ્ય આનંદથી અધિક આનંદ મનુષ્યના હૃદયમાં છે.
જો જરાક ગહન થઈ ડૂબકી લગાવે તો
પોતાનામાં જ પરમશાંતિ પામી શકે છે.
કબીર



માનવના આનંદનું રહસ્ય આમાં જ છે કે
તે પોતાની શક્તિ સડવા ન દે.
આદમ ક્લાર્ક

ઈશ્વર

ઈશ્વર જેવો સંપૂર્ણ કવિ બીજો કોઈ નથી.

રોબર્ટ બ્રાઉનિંગ

♦

ઈશ્વર માટે કશું અશક્ય નથી.

સિઝેરો

♦

ઈશ્વર સર્જન કરે છે, માણસ તેને આકાર આપે છે.

રોબર્ટ બર્ટન

♦

ઈશ્વર મળવા આવે છે ત્યારે બારણે ટકોરા મારતો નથી.

જ્યોર્જ હર્બર્ટ

♦

જો ઈશ્વરનું અસ્તિત્વ ન હોય તોપણ
ઈશ્વરની શોધ કરવાનું માણસ માટે અનિવાર્ય બન્યું હોત.

બોલ્તેર

♦

ઈશ્વર છે એમ માનવું જેટલું અઘરું છે
તેનાથી દસ ગણું અઘરું ઈશ્વર નથી એમ માનવું છે.

થોમસ પાઇન

♦

માણસનું સર્વોત્તમ સર્જન એટલે ઈશ્વર.

આર. જી. ઇન્ગરસોલ

♦

સાચું શું છે? માણસ એ ઈશ્વરે કરેલી ભૂલ છે કે
ઈશ્વર એ માણસે કરેલી ભૂલ છે?

ફ્રેડરિક નિત્શે

♦

તેં બધા જ સંજોગો મારા કલ્યાણ માટે સર્જ્યા છે,
તેવી મારી શ્રદ્ધા અમર રહો.

શ્રી અરવિંદ

♦

ભગવાન હંમેશાં ભક્તના હૃદયમંદિરમાં રહે છે
અને પોતાના પ્રિયભક્ત સાથે હંમેશાં સંવાદ કરતા હોય છે.

સ્વામી રામદાસ

♦

હે પ્રભુ! અમે જેઓને સમજતા નથી
તેઓનો તિરસ્કાર કે વિરોધ ન કરવામાં અમને સહાયરૂપ થજે.

વિલિયમ પેન

♦

ઈશ્વરમાં ન માનવું તે માણસ ધારે તેનાં કરતાં ઘણું મુશ્કેલ છે.

આન્દ્રે જિદ



તારા મનના માનેલા બધા જ ધર્મોને છોડીને
કેવળ મારા શરણે આવી જા. હું તને બધાં પાપોથી
મુક્ત કરીને તને મોક્ષની ભેટ આપીશ.

શ્રીમદ્ ભગવદ્ગીતા



આપણું ધાર્યું થાય તો હરિકૃપા,
આપણું ધાર્યું ન થાય તો હરિઇચ્છા.

મોરારિબાપુ



ચલો, ભેગા મળી ભગવાનના વારસ બની જઈએ,
શરત બસ એટલી કે સૌ પ્રથમ માણસ બની જઈએ.

હિતેન આનંદપરા



રહિમન ઈસ સંસાર મેં સબસે મિલિયો ધાઈ;
ના જાને કિસ રૂપમેં નારાયણ મિલ જાઈ.

રહિમ



પ્રત્યેક મનુષ્યને પોતાનું લક્ષ્ય
અને તે સાધવાની શક્તિ ઈશ્વરે આપેલ છે.

ગૌતમ બુદ્ધ



આજે આફતના ડુંગર વચ્ચે રઝળાવતો ભગવાન
આવતીકાલે સુખની સાગર છોળોથી નવડાવવાનો જ છે.
માટે દુ:ખથી ડગી જઈ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા છોડશો નહીં.

ઠક્કરબાપા



ઈશ્વર વિશેનો ખ્યાલ ઈશ્વર નથી.
એ ખ્યાલ તો આપણા સંસ્કાર પ્રમાણેનો જ હોય છે,
અને તે કાળ તથા સ્થળથી મર્યાદિત હોય છે.
આથી હિન્દુનો અને મુસલમાનનો ઈશ્વર જુદો હોય છે
અને તેઓ ઈશ્વરના નામે ઈશ્વર વિરોધી પ્રવૃત્તિઓ કરીને
દુ:ખી થાય છે અને દુ:ખી કરે છે.

જે. કૃષ્ણમૂર્તિ



પુષ્પોની અંદર સુંદરતા અને મધુરતા મૂકવાના કાર્યમાં
ઈશ્વર એટલો તો લીન બની ગયો કે
તેમાં વાચા મૂકવાનું જ તે વીસરી ગયો!

એચ. બીચર



દુ:ખમાં સાહસ અને સુખમાં સંયમથી કામ લો
અને તમારે ભાગે જે કામ આવ્યું હોય તે પ્રામાણિકપણે પૂરું કરો. બસ, રોજ આટલું કરીને શાંતિથી સૂઈ જાઓ,
ભગવાન તમારો પ્રહરી બનીને જાગતો રહેશે.

વિક્ટર હ્યુગો



જેમ પુષ્પમાં સુગંધ છે અને અરીસામાં પ્રતિબિંબ છે,
એ રીતે પ્રભુ તારામાં વસે છે, તારા અંતરતલમાં એનો વાસ છે,
ત્યાં તારે એને શોધવો જોઈએ.

નાનક



ઠોકરની સાથે નામ તું જ લેવાય છે ઈશ્વર
તું કેવો અકસ્માતથી સર્જાયો છે ઈશ્વર
દૂર પેલી નાની ઝૂંપડીમાં ભૂખ્યાં છે ભૂલકાં
લાગે છે તને પણ દૂરનાં ચશ્માં છે ઈશ્વર.

સૌમ્ય જોશી



મનુષ્ય નાની સરખી હવેલી ઊભી કરે તોય પોતાનાં નામ કોતરે છે. સર્વેશ્વરે સૃષ્ટિ રચી છતાં ક્યાંય પોતાનું નામ થી કોતર્યું.

અજ્ઞાત



ઈશ્વરે જે આપ્યું છે તે અધિક છે
એમ માની જે સંતોષથી જીવે છે તે શ્રીમંત છે,
ઓછું માની હાય હાય કરે તે કંગાલ છે.

અજ્ઞાત



જ્યારે જિંદગીની ભોમકાની તમામ હરિયાળી સુકાઈ જાય,
અને આસમાનની તમામ તારાજી મારા ઉપર વરસવાની હોય
ત્યારે હે પ્રભુ! તું મારા ઉપર આટલી કૃપા કરજે
કે મારા હોઠ ઉપર સ્મિતની એક શુભ્ર રેખા જાગી ઊઠે.

યોગ નાગુચી



હું પ્રવાહીમાં રસ છું, સૂર્ય અને ચાંદમાં પ્રકાશ,
વેદોમાં ઓમ, આકાશમાં અવાજ છું, લોકોમાં હિંમત છું,
જમીનમાં સુગંધ, આગમાં એની ચમક, તપસ્વીઓનું તપ
અને જીવનધારીઓનું જીવન છું.

શ્રીકૃષ્ણ



સબકી પૂજા એક હી, અલગ અલગ હર રીત,
મસ્જિદ જાયે મૌલવી, કોયલ ગાયે ગીત.
નિદા ફાઝલી

ઇતિહાસ

સાચો ઇતિહાસ માત્ર આઝાદ દેશમાં જ લખી શકાય.

વોલ્તેર

♦

ઇતિહાસ એટલે – સમયનો સાક્ષી, સત્યની મશાલ,
સ્મૃતિની સંજીવની, જિંદગીનો ઉપદેશક, પ્રાચીનતાનો સંદેશવાહક.

સિઝેરો

♦

ઇતિહાસ સિવાય બીજું ગમે તે વાંચો, પણ ઇતિહાસ નહીં.
કારણ ઇતિહાસ હંમેશાં ખોટો જ હોય છે.

રૉબર્ટ વોલપોલ

♦

ઇતિહાસ એટલે સેળભેળ થઈ ગયેલી હકીકતોનો ઢગલો.

લૉર્ડ ચેસ્ટરફિલ્ડ

♦

ઇતિહાસમાં જો બધું સાચેસાચું જ લખવામાં આવે તો
લોકો એ ઇતિહાસને સાચો માનવા જ તૈયાર ન થાય.

રૉબર્ટ લી

♦

ઇતિહાસ લખનાર કરતાં ઇતિહાસ ઘડનારની વધુ જરૂર હોય છે.

બિસ્માર્ક

♦

ઇતિહાસ એટલે શું નહીં એ જાણવું છે? તો ઇતિહાસ વાંચો.

ડબ્લ્યુ. જી. સમનર

♦

નરસંહારે ક્યારેય ઇતિહાસ બદલ્યો નથી.

ડિઝરાઈલી

♦

માનવ ઇતિહાસ મુખ્યત્વે વિચારોનો ઇતિહાસ છે.

એચ. જી. વેલ્સ

♦

વાસ્તવમાં ઇતિહાસ માનવતાનાં અપરાધો, મૂર્ખતાઓ
અને દુર્ભાગ્યોના લેખથી અધિક કાંઈ નથી.

ગિબન

ઈર્ષા

ઈર્ષાળુની આંખ બીજાને બાળશે,
પણ તે પહેલાં તો તે પોતે જ બળીને ખાખ થઈ જશે.
દીવાસળી બીજાને સળગાવતાં પહેલાં પોતે જ સળગી ઊઠે છે
એ ભૂલી જવું ન જોઈએ.

રાહુલ સાંકૃત્યાયન



કૅન્સરથી મૃત્યુ પામનારા લોકો કરતાં
ઈર્ષાથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ઘણી મોટી છે.

જોસેફ પી. કેનેડી



માણસ માણસની જેટલી ઈર્ષા કરે છે
કે તેના પર દાઝ રાખે છે, તેટલી યમદૂત પ્રત્યે રાખતો નથી.

રવીન્દ્રનાથ ટાગોર



ઈર્ષાળુ માણસને પહોંચી વળવા માટે એક ઈર્ષા જ પૂરતી છે.
જો તેનો દુશ્મન તેને માફ કરે
અથવા તેના પ્રત્યે કોઈ ધ્યાન ન આપે
તો પણ તેની ઈર્ષા જ તેનો નાશ કરશે.

તિરુવલ્લુવર



ઈર્ષા એક કાળી નાગણ છે,
જે સમગ્ર પૃથ્વીમંડળમાં વિષના ફૂંફાડા મારતી રહે છે.
આ ભ્રમ–મોહિની તે ઉષ્ણ વાયુ છે, જે લૂની જેમ માનસિક શક્તિઓને શેકીને રાખ કરી નાખે છે.

શ્રીવાસ્તવ



જેવી રીતે કંસારી વસ્ત્રો કોતરી નાખે છે,
એ જ પ્રકારે ઈર્ષા મનુષ્યને નષ્ટ કરી નાખે છે.

સંત ક્રિસોસીમ



ઈર્ષાળુ મનુષ્યને એટલું દુઃખ પોતાની નિષ્ફળતા પર થતું નથી,
જેટલું અન્યની સફળતા જોઈને તેને થાય છે.

નાનક સિંહ

ઉન્નતિ

કોઈપણ દેશની ઉન્નતિ ટૂંકા – અલ્પવિચારના મોટા માણસો પર નહીં પરંતુ ઉન્નતિના વિચારો કરતા નાના માણસો પર નિર્ભર છે.

અજ્ઞાત

♦

શારીરિક ઉન્નતિ વગર આધ્યાત્મિક ઉન્નતિ અસંભવ છે.

રામકૃષ્ણ પરમહંસ

♦

પ્રત્યેક પ્રકારની ઉન્નતિનો આધાર પ્રત્યેક વ્યક્તિની
પોતાની આવકથી અધિક ઊંચે રહેવાની આંતરિક આકાંક્ષા પર છે.

સેમ્યુઅલ બટલર

♦

આપણે સ્વશક્તિથી પ્રગતિ કરવી જોઈએ –
આગળ ડગ ભરવાં જોઈએ, નહીં કે અન્યની મહેરબાનીથી.

અજ્ઞાત

♦

આધુનિક ઉન્નતિથી જ સંપત્તિ વૃદ્ધ પામે છે,
પરંતુ જે સંપત્તિનું નિર્માણ વધુ વિલાસીતાની ઉન્નતિમાં થાય છે
તે ઉન્નતિ સાચી અને સ્થાયી ટકી શકતી નથી.

હેનરી જ્યોર્જ

♦

પ્રત્યેકે પોતાની ઉન્નતિમાં સંતોષ માનવો ન જોઈએ.
પરંતુ બધાની ઉન્નતિમાં જ પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.

સ્વામી દયાનંદ સરસ્વતી

♦

એ મહત્ત્વનું નથી કે આપણે ક્યાં છીએ,
પણ મહત્ત્વની વાત તો એ છે કે
આપણે કઈ દિશામાં પ્રગતિ કરીએ છીએ.

ઓ ડબ્લૂ હોમ્સ

♦

મને સંસ્કારમાં વિશ્વાસ નથી; સ્વાભાવિક ઉન્નતિમાં વિશ્વાસ છે.

સ્વામી વિવેકાનંદ

કર્મ

કર્મના આ ખેતરમાં તમે જેવી વાવણી કરશો
એવી જ કાપણી કરવાની આવશે.

ગુરુ ગ્રંથસાહેબ

♦

નિષ્ઠાના અભાવથી કરેલું કોઈપણ કાર્ય કાર્ય ન રહેતા, માત્ર ઢસરડો બની જાય છે અને આપણને એનો બહુ થાક લાગતો હોય છે.

ઉલ્લાસ અભ્યંકર

♦

કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો,
કદાપિ કરોડ કામ સુધર્યા અને એક મોક્ષ બગડ્યો તો તેમાં શું કર્યું?

ગુણાતિતાનંદ સ્વામી

♦

નિષ્કામ કર્મ ઈશ્વરને ઋણી બનાવે છે
અને ઈશ્વર તેને વ્યાજ સહિત પાછું વાળવા અધીરો બની જાય છે.

સ્વામી રામતીર્થ

♦

નિષ્ઠાપૂર્વક કામ કરો, નામ તમારી પાછળ દોડતું આવશે.

[illegible]

♦

તમે બાળકને મેઘધનુષ્ય બતાવતા હોય
ત્યારે કામ તમારી રાહ જોઈ શકે છે,
પરંતુ તમે કામ પૂરું કરો ત્યાં સુધી
મેઘધનુષ્ય તમારી રાહ નહીં જુએ.

પેટ્રિસિયા કિલફોર્ડ

♦

કોઈ મને ઝાડ કાપવા માટે છ કલાકનો સમય આપે
તો પ્રથમ ચાર કલાક તો હું કુહાડીની ધાર
કાઢવામાં જ પસાર કરીશ.

અબ્રાહમ લિંકન

♦

ઊંઘ આવે ત્યારે ઊંઘી જાવ, પરંતુ જાગૃત અવસ્થાની
એક પણ ક્ષણ નકામી વેડફશો નહીં.

વિનોબા ભાવે

♦

જેની સિદ્ધિનો આધાર બીજા પર હોય એવું કર્મ ન આરંભવું.

મનુસ્મૃતિ

♦

નિંદા નહીં નિંદિત કર્મોથી ડરો.

જો દુષ્કૃત્ય નહીં આચરો તો નિંદા પોતે જ વિદાય લેશે.

એન્ટન ચેખોવ

♦

આપણું જીવન વર્ષોથી નહીં, પણ કર્મોથી જ મપાય છે.
અંતઃકરણ ઉપરથી જ તેનું માપ થાય છે.
શ્વાસોશ્વાસ દ્વારા થતું નથી, લાગણીઓ ઉપરથી તે મપાય છે, ઘડિયાળના કાંટા વડે તે મપાતું નથી.

બેઈલી

♦

દસમાંથી નવ લોકોના દુર્ભાગ્યનું કારણ એ હોય છે કે
તેઓ કર્તવ્યને બદલે સુખને પહેલી પસંદગી આપે છે.

ટી. ટી. મુંગર

♦

શોધ-સંશોધન ધીરજ માગે છે. શોધ-સંશોધન એ કરી શકે છે
જે ધીર હોય, ધીરજવાળો હોય,
અધીર અને ઉતાવળાનું આ કામ નથી.

યુવાચાર્ય મહાપ્રજ્ઞ

♦

જો ભોજન માણવું હોય તો જમતા પહેલાં શ્રમ કરો.
વસ્ત્રોનો શોખ પૂરો કરવો હોય તો પૂરી કિંમત ચૂકવો.
ગાઢ ઊંઘ લેવી હોય તો મનને
પવિત્ર બનાવીને પથારીમાં આડા પડો.

બેન્જામીન ફ્રેન્કલીન

♦

તમે જો હવાઈકિલ્લા બાંધ્યા હોય,
તો તમારું કામ પતી જતું નથી. તેઓ હવે ભલે ત્યાં જ રહે.
તમે એમની નીચે પાયો ચણી દો.

થોરો

♦

વીતી ગયેલાં દિવસનાં કાર્યો ત્રણ વખત તપાસી ન જાઓ,
ત્યાં સુધી ઊંઘને તમારી આંખ ઉપર ઘેરાવા ન દો.
જે સારું કામ કર્યું હોય તેનાથી ખુશ થાઓ.
જે ખરાબ કામ કર્યું હોય તેનાથી દિલગીર થાઓ.

પાયથાગોરસ

♦

હાલ તરત નાનાં કૃત્યો તારી સામે આવ્યાં હોય તે કરવા માંડ,
પછી મોટાં કૃત્યો તને શોધતાં આવશે.

ઈરાની કહેવત

♦

મૃત્યુ પછી તરત જ લોકોની સ્મૃતિમાંથી ભૂંસાઈ ન જવું હોય તો એવું સર્જન કરો કે સૌને વાંચવાનું મન થાય,
અથવા એવાં કાર્યો કરો કે બીજાઓને સર્જન કરવાનું મન થાય.

ફ્રાંકલિન

♦

તમારે કામ સારી રીતે કરાવવું હોય તો
બહુકામવાળા માણસને પસંદ કરો. નવરા માણસને વખત જ નથી.

અજ્ઞાત

♦

ભગવાનને પ્રાર્થના કરો, પણ કિનારે જવા માટે
હલેસાં મારવાનું ચાલુ રાખજો.

અજ્ઞાત

♦

કર્મ હંમેશાં સુખ તરફ દોરી જાય એવું ન પણ બને,
પરંતુ કર્મ કર્યા વિના ક્યારેય સુખ નથી.

ડિઝરાઈલી

♦

અધૂરું કાર્ય અને અધૂરી લડાઈ
એ બંને અર્ધા બુઝાવેલા અગ્નિની જેમ, અંતે હાનિકર્તા નીવડે છે.

તિરુવલ્લુવર

♦

સારું કામ ખોટી ન થાય, ધર્મનું કામ કોઈને ખોટું
દુઃખ આપીને ન થાય, ઘરનું જરૂરી કામ છોડીને કથામાં ન જવાય. કામનો બોજો બીજા ઉપર નાખીને પૂજામાં ન બેસાય.
ચોરેલું નાળિયેર ચડાવવા જેવું થાય. સમયની ચોરી છે,
કામની ચોરી છે, બીજાઓના હકનું ઉલ્લંઘન છે,
બીજાઓની સગવડની અગવણના છે, એ ભગવાનને માન્ય નથી.
એ ચોરેલું નાળિયેર છે. એ પ્રસાદમાં ન વહેંચાય.

ફાધર વાલેસ

કલા

સ્વતંત્રતા નહીં તો કલા નહીં.
કલા ઉપર અંકુશ માત્ર કલા પોતે જ મૂકી શકે.

આલ્બેર કામુ

♦

જિંદગી ટૂંકી હોય છે, કલા નહીં.

હિપોક્રેટિસ

♦

કલા એટલે જ્ઞાન વડે પણ ન મળી શકે એવો અનુભવ.

એરિસ્ટોટલ

♦

કલા એટલે પ્રકૃતિનું સંપૂર્ણ સ્વરૂપ.

થૉમસ બ્રાઉન

♦

સાચી કલા ક્યારેય કોઈનીય ખુશામત કરતી નથી –
ન રાજાની, ન પ્રજાની.

લુડવિગ વાન બિથોવન

♦

તમારી કલાકૃતિ જો સારી હશે, સાચી હશે તો તેનો
પડઘો પડ્યા વગર નહીં રહે. આજે નહીં તો છ મહિના પછી,
છ વર્ષ પછી, કે પછી તમે આ દુનિયામાં નહીં હો ત્યારે.
પણ તેથી તમને શો ફરક પડે છે?

ગુસ્તાવ ફ્લોબેર

♦

જીવનમાં સતત બાંધછોડ કરવી પડતી હોય છે,
કલામાં ક્યારેય બાંધછોડ ન ચાલે.

ગન્ટર ગ્રાસ

♦

કલા એ મોજશોખની વસ્તુ નથી.
તે મનુષ્યના સ્વભાવ અને અભિલાષનો પરિચય આપે છે.
માણસને પોતાના કાર્યમાં અને જીવનમાં કેટલો
અને કેવો આનંદ પડે છે તેનો નિર્ણય તેની કલા ઉપરથી થાય છે.

કાકા કાલેલકર

♦

વૃદ્ધાવસ્થામાં લાચાર દશામાં મુકાવું ન પડે તે માટે
માણસે મનને પોતાના ગુજરાન માટેના વ્યવસાયો – વ્યવહારોથી
દૂર બીજે ક્યાંય રોકાવાનું શીખવું જ જોઈએ.
વાચન અને કલા તે માટેનાં ઉત્તમ ક્ષેત્રો છે.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

કલાકાર

પ્રત્યેક માનવીના શરીરના કોઈ ને કોઈ ખૂણે 'કલાકાર' છુપાયેલો છે અને તે સમજ, યુગ અને કાળનાં પાસાંઓને
પ્રત્યેક માટે સુલભ બનાવી આપે છે.

નંદલાલ બસુ



બધી કલાઓમાં જીવન જીવવાની કલા શ્રેષ્ઠ છે.
સારી રીતે જીવી જાણે તે જ સાચો કલાકાર છે.

થોરો



કલાને કલાકારો તો અસંખ્ય મળી આવશે
પણ જીવનનો રસ ગમે તેવા દુ:ખરૂપી તડકાના તાપથી સહેજ
પણ સુકાવા દીધા વગર જીવન જીવી જાણે તે મહાન કલાકાર.

ધર્માનંદ કોસંબી



કલાકાર તેના સમાજનો, તેના રાષ્ટ્રનો, રાષ્ટ્રના કાન, આંખ
અને હૃદયનો નિયંત્રક છે. તે પોતાના યુગનો અવાજ છે.

મેક્સિમ ગોર્કી



ચિત્રકાર એટલે જે વેચી શકાય તેવું ચીતરનારો,
કલાકાર એટલે પોતે જે ચીતરે તે વેચી શકનારો.

પાબલો પિકાસો

કવિ અને કવિતા

હું પ્રેમમાં પડ્યો તે પહેલાં કવિ બનવાનો વિચાર
મને સ્વપ્નમાંય આવ્યો નહોતો.
રોબર્ટ બર્ન્સ



કવિઓમાં નમ્રતાની નબળાઈ ભાગ્યે જ જોવા મળે છે.
સર્વાન્ટિસ



એક સાચો કવિ
વિચારક્રાંતિ કરી શકે છે.
હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'



જેના આત્મામાં સંગીત ન ગુંજતું હોય
તે સાચો કવિ ક્યારેય ન બની શકે.
એસ. ટી. કોલરિજ



કવિતા એટલે બોલતું ચિત્ર, ચિત્ર એટલે મૂંગી કવિતા.
સિમોન્ડિસ



સારી કવિતા લખવા કરતાં ખરાબ કવિતા લખવી સહેલી છે.
માઇકલ દ. મોન્તેઈન



જે કવિતા આનંદ નથી આપી શકતી
તે કવિતા ઉપદેશ પણ નથી આપી શકતી.
આનંદ એ કવિતાનો એકમાત્ર નહીં તોય મુખ્ય હેતુ છે.
જોન ડ્રાયડન



જેમ જેમ સંસ્કૃતિની પ્રગતિ, તેમ તેમ કવિતાની અધોગતિ.
ટી. બી. મેકોલે



કવિતા એટલે સંગીતમય વિચાર.
થોમસ કાર્લાઇલ



કવિતા વાંચવી અઘરું કામ છે.
રોબર્ટ બ્રાઉનિંગ

કાયદો

કાયદો એટલે લાગણીથી મુક્ત એવો તર્ક.

એરિસ્ટોટલ

♦

કાયદો એ કરોળિયાના જાળા જેવો હોય છે.
તે નબળાને જ સપડાવે છે.

સોલોન

♦

જે દેશમાં કાયદાની સંખ્યા વધારે,
તે દેશમાં ચોર-ડાકુની સંખ્યા પણ વધારે.

લાઓ ત્સે

♦

નવો માલિક, નવો કાયદો.

જોન હેરિંગ્ટન

♦

કાયદાનો રૂપિયો જે કામ નથી કરી શકતો,
તે કામ પ્રેમની પાવલી કરી શકે છે.

જેમ્સ કેલી

♦

જ્યાં કાયદા વધારે, ત્યાં ન્યાય ઓછો.

થૉમસ ફુલર

♦

કાયદાની ચક્કી ચલાવીને ધનવાનો નિર્ધનને પીસે છે.

ઓલિવર ગોલ્ડસ્મિથ

♦

કાયદા ઘડવા કરતાં કાયદાનો અમલ
કરવાનું કામ વધારે મહત્ત્વનું છે.

થૉમસ જેફરસન

♦

કાયદો એટલે લોકોને વારસામાં મળતો રોગ.

ગેટે

♦

કાયદો એક એવી ખાઈ જેવો છે, જેને તળિયું નથી.

અર્બૂથનૉટ

♦

જ્યારે કોઈ ગુનેગાર નિર્દોષ છૂટી જાય છે
ત્યારે ન્યાયાધીશ ગુનેગાર બની જાય છે.

લેટીન કહેવત

♦

કાયદા મનુષ્ય માટે ઘડાય છે,

મનુષ્યનું નિર્માણ કાયદા માટે નથી.
સ્વામી રામતીર્થ



કાયદો ગરીબો પર શાસન કરે છે
અને ધનાઢ્યો કાયદા પર શાસન કરે.
ઓલિવર ગોલ્ડસ્મિથ



અત્યંત શિષ્ટ કાયદાનું પાલન પ્રાયઃ ઓછું જ હોય છે,
જ્યારે અતિ કડક કાયદાનું ઉલ્લંઘન બહુ ઓછું થાય છે.
ફ્રેંકલીન



નાના નાના કાયદાઓ મોટા અપરાધોને જન્મ આપે છે.
ઉઈદા



સખતમાં સખત કાયદો સમાજને પરિશ્રમી,
ઉડાઉને વ્યવસ્થિત, શરાબીને સંયમી, ક્રોધને નમ્ર,
દુરાચારીને સદાચારી, ભીરુને શૂરવીર,
ગપોડિયાને સાચો નથી કરી શકતો.
પરંતુ આ બધી વાતો આપણા પ્રયત્નથી
આપણામાં લાવી શકીએ છીએ.
બાલકૃષ્ણ ભટ્ટ



જગતમાં કોઈ એવી વ્યક્તિ નથી જે પોતાના જીવનના
સમગ્ર વિચારો અને કર્મોનું કાયદાનુસાર મૂલ્યાંકન કરે
અને તેને ઓછામાં ઓછું દસ વખત ફાંસી પર લટકવું ન પડે.
માનટેન



ક્યારેય તમે તમારી જાતને એટલી ઊંચી ન સમજો,
કાયદો તમારાથી પણ ઊંચો છે.
થૉમસ ફુલર

ક્રોધ

ક્રોધ એટલે કામચલાઉ ગાંડપણ.

હોરેસ

♦

ક્રોધનાં કારણો કરતાં તેનાં પરિણામ વધુ ખતરનાક હોય છે.

માર્કસ ઓરેલિયસ

♦

બે પ્રકારના સંજોગોમાં ક્યારેય ગુસ્સે ન થવું.
જ્યારે તમે કશુંક બદલી શકો એમ હો ત્યારે
અને જ્યારે તમે કશું ન બદલી ન શકો એમ હોય ત્યારે.

થૉમસ ફુલર

♦

ગુસ્સો અને ઘોડો, બંને પર લગામ ન રખાય
તો માણસ ઊથલી પડે.

કોલે સિબ્બર

♦

જેનો આરંભ ગુસ્સામાં, એનો અંત શરમજનક.

બેન્જામિન ફ્રેન્કલિન

♦

ગુસ્સાનું મૂળ મોટે ભાગે અહંકારમાં રહેલું હોય છે.

સેમ્યુઅલ જોનસન

ઘડપણ

ઘડપણ એટલે ભયાનક એકલતા.

પ્લેટો

♦

ઘડપણ એટલે એક એવી માંદગી જેનો ઉપચાર થઈ ન શકે.

સેનેકા

♦

ઘડપણ ભલભલા માણસનું અભિમાન ઓગાળી નાખે છે.

રિચર્ડ બાર્લીફિલ્ડ

♦

ઘડપણમાં ડહાપણ આવે છે એ ખરું,
પણ ત્યારે એ બહુ કામનું રહ્યું હોતું નથી.

જોન રે

♦

જિંદગી જેટલી વધુ લાંબી, તેટલાં વધુ દુઃખો.

સેમ્યુઅલ જોનસન

♦

મને માત્ર એક જ બીક છે:
હું વધુ પડતું લાંબું જીવીશ તો?

થોમસ જેફરસન

♦

તનના ઘડપણ કરતાં પણ વધુ ખરાબ હોય છે મનનું ઘડપણ.

વિલિયમ હેઝલિટ

ઘર

પંખી માટે જેટલું પાંજરું અનિવાર્ય, તેટલું માણસ માટે ઘર.

જ્યોર્જ બર્નાર્ડ શો



પોતાના ઘરમાં તો દરેક કૂતરો સિંહ બની જાય છે.

ગોવાની ટોરિયાનો



ઘણાખરા માણસો પોતાના ઘરમાં સૌથી વધુ અજાણ્યા હોય છે.

એસ. ટી. કોલરિજ



પૂરબ હો કે પચ્છમ, ઘર જ છે ઉત્તમ.

એચ. જી. બોન



જે પતિનું ઘર, એ પત્નીનો કિલ્લો.

એલેકઝાન્ડર ચેઝ



સો પુરુષો ભેગા થઈને વસાહત ઊભી કરી શકે,
પણ ઘર બનાવવા માટે તો એક સ્ત્રીની જરૂર પડે.

એર્મા બોમબેક



પુરુષના બોલાવ્યા મુલાકાતીઓ ઘરે આવે ખરા,
પણ તેઓ રોકાય તે તો સ્ત્રીને પ્રતાપે.

ચાર્લ્સ કોલ્ટન

ચારિત્ર્ય/ચરિત્ર

ચારિત્ર્ય માનવજીવનનો મુખ્ય પાયો છે. સુદૃઢ ચારિત્ર્યના પાયા ઉપર રચાયેલી જીવનની ઇમારત જ ગમે તેવાં વાવાઝોડાં કે ઝંઝાવાતો સામે ટકી શકે, ધન, સત્તા ને વિદ્વતા એ બધો જીવનનો શણગાર જરૂર છે, પણ એ શોભે છે ચારિત્ર્યના પ્રાણથી.

અજ્ઞાત

♦

ચારિત્ર્યવાળા મનુષ્ય ન્યાયયુક્ત, પ્રેમયુક્ત, કર્તવ્ય–બુદ્ધિયુક્ત, સત્યયુક્ત, ઉત્સાહયુક્ત હોય છે. તેઓ સર્વત્ર ઉપકાર દૃષ્ટિ રાખે છે અને તેઓનો પાસ અને સુવાસ સર્વને લાગે છે.

અજ્ઞાત

♦

આપણે જે ચરિત્રનું નિર્માણ કરીએ છીએ
તે ભવિષ્યમાં પણ આપણી સાથે રહેશે –
જ્યાં સુધી ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને તેમાં લીન ન થઈએ.

ડૉ. રાધાકૃષ્ણન

♦

ચરિત્ર એક સફેદ કાગળ જેવું છે. એક વખત કલંકિત થયા પછી
તેનું પૂર્વવત ઉજ્જ્વળ થવું મુશ્કેલ છે.

જે. હાવેજ

♦

ચરિત્ર જ સફળતા કે નિષ્ફળતાનો આધાર છે.
ચરિત્ર સાર્થક હોય તો જીવન પણ સફળતા પ્રતિ પ્રયાણ કરશે.
પરંતુ જો ચરિત્ર નિષ્ફળતા તરફ પ્રયાણ કરશે
તો જીવન અવશ્ય પતન્મોખ હશે.

રોમા રોલાં

♦

ધનાઢ્ય તેમજ નિર્ધન બંને ચારિત્ર્યના અધિકારી છે.
સમાજ માટે બંનેની અપેક્ષા છે, પરંતુ ધનાઢ્ય ધનના ઘમંડમાં
તે ગુમાવી બેસે છે અને નિર્ધન તેને પોતાનું
સર્વસ્વ માનીને અપનાવે છે.

સ્વેટ માર્ડન

♦

પ્રવૃત્તિઓનો સર્વોત્તમ વિકાસ એકાંતમાં થાય છે,
પરંતુ ચરિત્રનું નિર્માણ વિશ્વના ઝંઝાવાતોમાં જ થઈ શકે છે.

ગેટે

♦

સમાજ ઉચ્ચ કોટિના દર્શનશાસ્ત્રીઓથી નહીં
પરંતુ વ્યક્તિગત ચરિત્ર પર આધારિત છે.

ચૈનિંગ

♦

ચરિત્ર એવો હીરો છે જે અન્ય બધા પાષાણને કાપી નાખે છે.

બારટલ

♦

દુર્બળ ચરિત્રવાળી વ્યક્તિ નેતર જેવી છે,
જે હવાના પ્રત્યેક ઝોકાથી ઝૂકી જાય છે.

માઘ

જગત

જગત એક ઘુંમટ જેવું છે જ્યાંથી આપણો જ અવાજ પડઘો
બનીને પાછો આવે છે. આ એક અરીસો છે
જેમાં આપણું પ્રતિબિંબ દેખાય છે. જો આપણે હસીએ
તો તે પણ હસે છે, જો આપણે રડીએ તો તે પણ રડે છે.
એક વખત આ સૃષ્ટિના સૌંદર્યને આપણા હૃદયમાં છલકાવી જુઓ, આપણો આત્મા તે સૌંદર્યના ઉલ્લાસથી પરિપૂર્ણ થઈ જશે.

સ્વેટ માર્ડન

♦

ભગવાનનું આ વિશ્વ અત્યંત સુંદર છે.
બસ આમાં એક જ ચીજ એવી છે કે જે સુંદર નથી અને તે છે આપણે લોકો. આપણા લોકોમાં કેટલો ઓછો ન્યાય અને નૈતિકતા છે? આળસ, મૂર્ખામી અને બેવકૂફી સિવાય આપણી પાસે છે શું?

એન્ટન ચેખવ

♦

જગત વિચાર કરનારાઓ માટે કૉમેડી અને વિચારશીલ માટે ટ્રેજેડી.

હોરેસા વાલપોલ

♦

એ ન વિચારો કે જગત તમને જીવવા માટે અનુકૂળતા આપે. જગતનો પહેલો નિયમ એ છે કે કોઈને કોઈ આપતું નથી.

રોબર્ટ જે. બરડેટે

♦

વિશ્વને માટે માત્ર એટલું જ કહેવાનું છે: બળવાન બનો.

સ્વામી વિવેકાનંદ

♦

દરેક વ્યક્તિ દુનિયા બદલવા ઇચ્છે છે,
પરંતુ પોતાની જાતને બદલવા માટે કોઈ તૈયાર નથી.

લિયો ટૉલ્સ્ટૉય

જીવન

મોજાંની ગતિ કિનારા તરફ,
જીવનની ગતિ મરણ તરફ.

વિલિયમ શેક્સપિયર

♦

જીવન એટલે જ સંઘર્ષ.

યુરિપિડિસ

♦

દુ:ખીને જિંદગી લાંબી લાગે છે, સુખીને ટૂંકી.

પબ્લિયસ સાયરસ

♦

જિંદગી ટૂંકી છે. એ ઈશ્વરનો
માણસ પરનો સૌથી મોટો ઉપકાર છે.

પ્લીની ધ એલ્ડર

♦

જિંદગી એટલે શું તેની ખબર પડે તે પહેલાં જ
અડધી જિંદગી પૂરી થઈ ગઈ હોય છે.

જ્યોર્જ હર્બર્ટ

♦

આખી જિંદગી કશું ન કરવા માટે મેં ઘણી મહેનત કરી છે.

હોગો ગ્રોટસ

♦

જિંદગી એટલે કંટાળાની હારમાળા.

સેમ્યુઅલ જોનસન

♦

મારી જિંદગી, જાણે દરિયાકિનારા પરની એક લટાર.

થોરો

♦

સંપત્તિ, સત્તા અને દક્ષતા માત્ર જીવનનાં સાધનો છે,
ખુદ જીવન નહીં.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

♦

જગતનું સૌથી મોટું આશ્ચર્ય એ છે કે
મરવાનું નિશ્ચિત હોવા છતાં માણસ એ રીતે જ જીવન જીવે છે, જાણે કે એ આ પૃથ્વી પર કાયમ માટે રહેવાનો હોય.

યુધિષ્ઠિર

♦

મોટા ભાગના લોકો એ ક્યારેય નથી શીખી શકતા કે
જીવનનો સૌથી અગત્યનો હેતુ એને માણવાનો છે.

સેમ્યુઅલ બટલર

♦

જીવન એક આરસી જેવું છે, તેના તરફ મલકો તો મોહક લાગે
અને તેની તરફ ઘૂરકો તો બેડોળ બને.

એડવિગ ફોલિર્યર

♦

"જીવન આપણી પાસે નથી, ને મરણ નથી આઘું.
એક દિવસ તો જાનૈયા ને એક દિવસ તો ડાઘુ."

સુરેશ દલાલ

♦

લાખો રૂપિયા હોય, બુદ્ધિના ભંડારો હોય
અને વિદ્વતાના વિવિધ રંગો હોય, પણ
નિખાલસ દિલ ન હોય તો જીવનની
સાચી તક મળતી નથી.

અજ્ઞાત

♦

ચિંતન કરી લઉં છું, મંથન કરી લઉં છું,
વિસર્જન થતું હોય ત્યાં, નવસર્જન કરી લઉં છું.

ખલિલ ધનતેજસ્વી

♦

જીવવા ઇચ્છનાર માટે આ દુનિયા જીવવા જેવી છે.
મરનારને માટે આ દુનિયા મૃત્યુલોક જેવી છે.
જીવન-મરણનો આધાર તમે કઈ રીતે
અને જીવનને કઈ સમજથી જીવો છો તેના ઉપર છે.

ટિરોન એડવર્ડ્ઝ

♦

લોઢું જેમ જેમ ઘસાતું જાય છે તેમ તેમ કાટ ઊખડતો જાય છે ને ચળકાટ વધતો જાય છે. એ જ રીતે સ્વાર્થીપણાના કાટને લીધે નિસ્તેજ બનેલો માનવ જેમ જેમ બીજાના ભલા માટે ઘસાતો જાય છે, તેમ તેમ કાટ કપાતો જાય છે ને જીવન તેજસ્વી બનતું જાય છે.

રવિશંકર મહારાજ

♦

પ્રતિદિન હું અનુભવું છું કે મારા આંતરબાહ્ય જીવનના નિર્માણમાં કેટકેટલી વ્યક્તિઓનાં શ્રમ અને કૃપા રહેલાં છે. આ અનુભૂતિથી પ્રેરણા પામેલું મારું અંતઃકરણ એવી અપેક્ષા રાખે છે કે
'આ દુનિયામાંથી હું જેટલું મેળવું છું તેટલું તો પાછું આપતો જાઉં.'

આલ્બર્ટ આઇન્સ્ટાઇન

♦

તન્મયતાથી રમકડાંની સાથે રમતું બાળક
બધું ભાન ભૂલી જઈને રમતમાં એકતાન થઈ જાય છે.
ગાવાના સમયે ગીતમય બની જતો ભક્ત કે ગવૈયો,
એક કાર્યરત કુંભાર કે રોટલા ઘડતી ગૃહિણી કાર્ય સાથે

જે ઐક્યભાવ અનુભવે છે, તે ઐક્યતાની ઘડી એ જ જીવન...

સ્વામી અનુભવાનંદજી



જીવન તો ચાકડા ઉપરની માટીના પિંડ જેવું છે.
એને તમે પોતાના પુરુષાર્થે કેવો આકાર આપવા માગો છો
એ જ મહત્ત્વનું છે. જીવનના ઘાટ અને ઘડતર
છેવટે તો તમારા હાથમાં જ છે.

અજ્ઞાત



ઉચ્ચતર જીવનનું સ્વપ્ન, આપણે
આજે હોઈએ તેનાથી આગળ વધવાની ઝંખના.
એ જીવનમાં આપણને મળેલી મોટામાં મોટી ભેટ છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન



જીવન અને પરિસ્થિતિ સામે ઓછામાં ઓછી
ફરિયાદો રજૂ કરનારો એના વિશે સાચી સમજણ મેળવી શકે છે.

અજ્ઞાત



જીવનનું આ નવું ગણિત ગોખી લેજો :
સ્નેહનો સરવાળો કરજો, ભૂલચૂકની બાદબાકી કરજો,
સહકારનો ગુણાકાર કરજો અને વેરઝેરનો ભાગાકાર કરજો.

અજ્ઞાત



જીવનનો અંત આવે તે અવસ્થાએ જ જીવન વિષે વિચારવું
એ તો મુસાફરી કર્યા પછી ક્યાં ગયા હોત તો સારું થાત,
કઈ રીતે ગયા હોત તો વધારે સારું રહેત એના જેવું,
રાંડ્યા પછી ડહાપણ છે. ખેતરમાં ધાન્ય પક્ષીઓ ચરી જાય
પછી તેના પર પસ્તાવો કે વિચારો કરવાનો અર્થ ખરો?
એટલે જેને જીવન જીવવામાં ખરેખરો રસ હોય
તેને કશું મૂલતવી રાખવું એટલે જ એટલા પૂરતું મરી જવું.

જે. કૃષ્ણમૂર્તિ



જીવન એક અરીસો છે. જો તમે તેની સામે આંખો કાઢશો
તો એ પણ એવું જ કરશે,
ને અભિવાદનનો ઉત્તર અભિવાદનથી આપશે.

થેકરે



દેખાડવા માટે નહીં, દેવા માટે જ્ઞાન મેળવો,
પ્રતિષ્ઠા માટે નહીં, પવિત્રતા માટે દાન આપો,

જીવવા માટે નહીં, જિવાડવા માટે જીવો.

અજ્ઞાત



જીવન તો વસ્ત્ર છે, મેલું થઈ જાય તો ધોઈ લેવું જોઈએ,
ફાટી જાય તો રફૂ કરાવી લેવું જોઈએ, પણ જેટલા દિવસ
તે ચાલે ત્યાં સુધી ચલાવવું જોઈએ.

બાલ્ઝાક



સૂર્યનાં કિરણો જેવી રીતે ગરીબ અને અમીરના આવાસ પર
પોતાનો પ્રકાશ પાથરે છે, તેવી રીતે તું પણ ભેદભાવ ભૂલીને
નાના કે મોટા સૌના પર તારા પ્રેમનાં કિરણો રેલાવી દે.
સૌની સેવામાં તારું જીવનધન અર્પી દે.

અજ્ઞાત



જીવનને આગળ ધપાવવા આતુર રહો, પાછળ દષ્ટિ રાખશો નહીં, અગ્રગામી બનો. કાલે પણ જીવન જીવવાની મજા આવશે
એ ભાવ સાથે આજે આનંદથી જીવો!

માર્ટિન ગમ્પર્ટ

દાન

જરૂરિયાતવાળી વ્યક્તિની પાસે જઈને આપવું શ્રેષ્ઠ દાન છે.
તેને આપણી પાસે બોલાવીને આપવું એ મધ્યમ દાન છે.
માગવાથી આપવું અધમ છે અને સેવા કરાવીને આપવું
એ તો સર્વથા નિષ્ફળ અને વ્યર્થ છે.

પરાશર

♦

દાન આપવાની શૈલી આ છે: તમે દાન આપો પણ એ આપતાં જ તમારું મોં ફેરવી લો, કે જેથી લેનારના મોં ઉપરની શરમ
તમે જોઈ જ ન શકો!

ખલીલ જિબ્રાન

♦

યુદ્ધમાં વીરતા દાખવવી એની કાંઈ નવાઈ નથી,
પરંતુ ઈર્ષાહીન દાન કરવું અત્યંત કઠિન છે.
જગતમાં મહાપરાક્રમી શૂરવીર તો અનેક છે,
પરંતુ દાનેશ્વરી બધા કરતાં શ્રેષ્ઠ છે.

અજ્ઞાત

♦

દાન મનુષ્યને સમૃદ્ધ બનાવતું જાય છે.
લાલસા વિપત્તિનો સંચય કરીને ચાલી જાય છે;
જ્યારે સંગ્રહી રાખેલું ધન મનુષ્યને લોભી બનાવે છે;
માટે દાની બનો.

ટી. બ્રાઉન

♦

કોઈપણ વ્યક્તિના મૃત્યુ સમયે સૌ કોઈ દાન આપે છે.
મૃત્યુ સમયે દાન આપવા કરતાં જીવનપર્યંત દાન કરવું
અતિ ઉત્તમ છે, અતિ શ્રેયકર છે.

હજરત મોહમ્મદ

♦

જેવું પર્સ ખાલી થઈ જાય છે તેવું જ હૃદય સમૃદ્ધ થઈ જાય છે.

વિક્ટર હ્યુગો

♦

દાનનું પ્રત્યેક કાર્ય સ્વર્ગના પથ પ્રતિ પ્રયાણ કરવાનું એક ચરણ છે.

બીચર

દુઃખ

ભાવી આફતની ચિંતા કરનારો બે વખત દુઃખી થાય છેઃ
અત્યારે અને આફત ખરેખર આવે ત્યારે.

અજ્ઞાત

♦

સુખને જો આપણે કલ્યાણકર માની લઈએ તો ભૂલ કરીએ છીએ. જે સુખકર હોય તે કલ્યાણકર હોય જ એવું નથી.
આપણું સુખ શેમાં છે તે જોવું જોઈએ, જે કલ્યાણકર છે
તે દુઃખકર પણ હોઈ શકે છે. એટલે દુઃખ જો કલ્યાણ તરફ લઈ જતું હોય તો એને પણ ભગવાનના આશીર્વાદ સમજવા જોઈએ.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

♦

તમારી સાચી સમજણને અંધારાનું એક પડ વીંટળાઈ વળ્યું છે.
એ અંધકારના પડને વીંધવા માટે કુદરત તમને
જે શક્તિની બક્ષિસ કરે છે તેનું નામ જ દુઃખ છે.

ખલીલ જિબ્રાન

♦

જ્યારે તમે અતિશય દુઃખી હો ત્યારે વિશ્વાસ રાખો
કે દુનિયામાં તમારા કરવા માટે કંઈક છે. જ્યાં સુધી તમે બીજાના દર્દમાં થોડીક પણ મીઠાશ લાવી શકો ત્યાં સુધી જીવન વ્યર્થ નથી.

હેલન કેલર

♦

દુઃખમેં સુમિરન સબ કરે, સુખમેં કરે ન કોઈ,
જો સુખમેં સુમિરન કરે તો દુઃખ કાહે કો હોઈ!

કબીર

♦

ઘણીવાર આપણા દુઃખોમાંથી જ આપણા ચારિત્યના દઢમાં દઢ સિદ્ધાંતો જન્મે છે. પવનથી ઊડી આવેલ એકાદ બીજમાંથી જ તોફાનની સામે દઢતાથી ઊભું રહેનાર એક વૃક્ષ જન્મે છે.

બલ્વર

♦

દુઃખ બધા કરતાં સારો શિક્ષક છે. ટેલિસ્કોપ વગર
એક આંસુમાંથી માણસ પૂરતું દૂર સુધી જોઈ શકે છે.

અજ્ઞાત

♦

દુઃખ એક પ્રકારનો ચેપી રોગ છે. જો આપણે વીલું મોં લઈને
કોઈને મળીએ તો તેનો પણ ઉલ્લાસ ઓછો થઈ જાય છે.

સ્વામી વિવેકાનંદ

♦

જગતમાં જેટલાં દુ:ખ છે તે બધાં ક્ષણિક છે;
કારણકે તેમાંથી મુક્ત થઈ શકાય છે. તે આપણી મૂર્ખામીમાંથી
પેદા થાય છે. જ્યાં સુધી આપણને મૂળ કારણની જાણ થતી નથી ત્યાં સુધી આપણે તેના હાથનું રમકડું બનીને રહીએ છીએ.

જેમ્સ એલન



અનંત પ્રકાશિત નક્ષત્ર ત્યારે જ ચમકે છે
જ્યારે અંધકાર અત્યંત ગાઢ હોય.

કાર્લાઈલ



દુ:ખનાં પક્ષીઓને તમે તમારા માથા પર ઊડતાં રોકી શકતા નથી પરંતુ તેમને તમારા માથા પર માળો બાંધતાં રોકી શકો છો.

ચાઇનીઝ કહેવત



દુ:ખી હોવાનું રહસ્ય આ જ છે કે તમારી પાસે
આ વિચારવાનો સમય હોય કે તમે સુખી છો કે નથી.

જ્યોર્જ બર્નાડ શો



તમે જ્યારે લોકોને તમારાં દુ:ખ જણાવો છો,
ત્યારે તેઓમાંથી અડધા તમારી વાત સાંભળી ન સાંભળી કરે છે. બાકીના અડધા સાંભળીને મનમાં કહે છે કે સારું થયું,
તમે તેને જ લાયક છો.

અજ્ઞાત



જેણે ક્યારેય દુ:ખ જોયું નથી તે બધા કરતા અધિક દુ:ખી છે.

અજ્ઞાત

દૃષ્ટિકોણ

જો તમે વસ્તુઓને જોવાનો દૃષ્ટિકોણ બદલી શકો
તો જે વસ્તુઓને તમે જુઓ છો એ પણ બદલાઈ જશે.

વેન ડાયર



બંધન કે મુક્તિ વસ્તુમાં નહિ દૃષ્ટિમાં હોય છે.

ઓશો રજનીશ



દૃષ્ટિકોણ એ નાની બાબત છે, જે બહુ મોટો તફાવત ઊભો કરે છે.

વિન્સ્ટન ચર્ચીલ

ધ્યેય/લક્ષ્ય

ધ્યેય પ્રાપ્તિ તરફ એક ડગલું તમે ભરો બીજું પ્રભુ ભરાવશે.

મોરારિબાપુ

♦

જીવનની કરુણતા એ નથી કે આપણે આપણા લક્ષ્ય સુધી નથી પહોંચી શકતા, પરંતુ કરુણતા એ છે કે પહોંચવા માટે આપણી પાસે લક્ષ્ય જ નથી.

બેન્જામીન મેસ

♦

ફક્ત એક જ તીર આપ્યું છે મને, લક્ષ્ય લાખો વીંધવાના હોય છે.

આબિદ ભટ્ટ

♦

માનવી મોટે ભાગે પોતાના લક્ષ્યને જાણતો નથી હોતો
એ જ બધા દુઃખનું મૂળ છે. કુટિર પણ ન ઊભી કરી શકાય
એવા પાયા ઉપર એ મોટા મિનારા બાંધવા લાગે છે.

ગેટે

♦

જે પોતાના લક્ષ્ય તરફ પાગલ થઈ જાય છે
એને જ પ્રકાશનું દર્શન થાય છે. જે થોડો અહીં થોડો ત્યાં
હાથ મારે છે, તે કોઈ લક્ષ્ય પૂરું ન કરી શકે. એવા લોકો થોડીક ક્ષણો માટે જોશ બતાવે છે, પણ તરત ઠંડા થઈ જાય છે.

સ્વામી વિવેકાનંદ

♦

કોઈ દિવસ જે ધ્યેયનો પરાજય થવાનો છે
તેમાં આજે વિજય મેળવવા કરતાં, કોઈક દિવસ જેની ફતેહ
થવાની છે તેવા ધ્યેય કાજે અત્યારે હાર પામવાનું હું પસંદ કરું.

વુડ્રો વિલ્સન

♦

ઉચ્ચમાં ઉચ્ચ શિખર પર પહોંચવું હોય તો
તમે તમારા ઉદ્યોગ પાયાથી શરૂ કરો. પોતાના કાર્ય સાથે જેનો સંબંધ હોય, એવી કોઈ પણ વાતને વ્યર્થ અને બિનઉપયોગી ન સમજો. તેનું પણ પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરો.

સ્વેટ માર્ડન

♦

જેનું ધ્યેય ઉન્નત છે, તેણે આરામલક્ષી અને સગાં–સંબંધીઓથી
દૂર રહેવું જોઈએ.

ઇમર્સન

♦

ધૈર્ય જાળવવું મુશ્કેલ છે, પણ તેનું ફળ શુભ હોય છે.

રુસો

ધર્મ

આ દુનિયામાં પહેલવહેલું લોહી રેડાયું તે ધર્મને નામે.

જોન વેબસ્ટર



અંધશ્રદ્ધાનો વિરોધ એટલે ધર્મનો વિરોધ નહીં.

સિઝેરો



માણસ દેવ-દેવીઓમાં માને છે
તેની પાછળનું પહેલું કારણ છે ભય.

પેટ્રોનિયસ આર્બિટર



ધર્મ એટલે પ્રેમ – પ્રભુ પ્રત્યેનો અને માણસમાત્ર પ્રત્યેનો.

વિલિયમ પેન



ધર્મમાંથી મને જે સમજાય છે તે બધું હું સ્વીકારું છું,
જે નથી સમજાતું તેનો આદર કરું છું.

રૂસો



સૃષ્ટિના આરંભથી કોઈ ધર્મ અસ્તિત્વમાં
આવ્યો હોત તો હું તેમાં માનતો હોત.
પણ બધા ધર્મો તો માણસે બનાવેલા છે.

નેપોલિયન બોનાપાર્ટ



માણસ ધર્મ માટે જીભાજોડી કરશે,
લખશે, લડશે, મરશે, મારશે, બીજું ગમે તે કરશે,
પણ ધર્મ પ્રમાણે જીવશે નહીં.

સી. સી. કોલ્ટન



ધર્મ: લોકોને ઘેનમાં રાખવામાં માટેનું અફીણ.

કાર્લ માર્ક્સ



હું ધર્મો વિરુદ્ધના ધર્મમાં માનું છું.

વિક્ટર હ્યુગો



જે વાતો બીજી કોઈ રીતે માણસને ગળે ન ઉતારી શકાય
તે ઉતારવા માટે ધર્મની મદદ લેવાય છે.

જોન સ્ટુઅર્ટ મિલ



જે ધર્મ આપણી નિર્બળતા દૂર ન કરે,

જે ધર્મ આપણને પ્રસન્ન ન રાખે,
જે ધર્મ આપનો ભાર-બોજો દૂર ન કરે
તે ધર્મનું પાલન કરવાની આવશ્યકતા શી છે?

અજ્ઞાત



ધર્મનાં જૂનાં સ્વરૂપો સંગ્રહસ્થાનમાં આવેલાં
એક કાળનાં વિરાટકાય પ્રાણીઓમાં હાડપિંજર જેવા છે,
જે જૂના ધર્મો પરમાત્મા માટેની જીવની
સાચી આકાંક્ષા સંતોષી શકે નહીં.

સ્વામી વિવેકાનંદ



ધર્મ જૂઠું બંધન છે. પરમાત્મા એક છે.
તે લાચાર અને વિવશ નથી. તે ધર્મથી પર છે.
ધર્મ આપણને સીમામાં બાંધી રાખે છે,
પરમાત્માથી વિખૂટા પાડે છે; તેથી તે આપણો શત્રુ છે.

અજ્ઞેય



ધર્મ વસ્તુતઃ એક જ લક્ષ્યની પ્રતિ
લઈ જનારા વિભિન્ન માર્ગ છે.
જ્યારે આપણે એક જ લક્ષ્ય પર પહોંચવા ઇચ્છીએ છીએ
ત્યારે કોઈપણ માર્ગે જવાથી શો ફરક પડે છે.

મહાત્મા ગાંધી



વાસ્તવિક ધર્મ આ છે કે જે વાતો મનુષ્યને પોતાને
સારી ન લાગે તેવી વાતો બીજાઓ સાથે હરગિજ ન કરે.

વેદ વ્યાસ

સ્ત્રી/નારી

સ્ત્રી હંમેશાં પુરુષ કરતાં ઘણી સારી
અથવા ઘણી ખરાબ હોય છે.

નેપોલિયન બોનાપાર્ટ



સ્ત્રીનું સાચું આભૂષણ છે મૌન.

સોફોક્લિસ



સ્ત્રીઓની નિંદા કઈ રીતે થઈ શકે?
ઈશ્વરના પુત્રનો જન્મ પણ એક સ્ત્રીને પેટે જ થયો હતો.

સેન્ટ ઑગસ્ટાઇન



આ દુનિયામાં સ્ત્રીઓ ન હોત તો
પુરુષો દેવોની જેમ રહેતા હોત.

થૉમસ ડેકર



સ્ત્રીને ક્યારેય કોણ પૂરેપૂરી વાંચી શક્યું છે?

વિલિયમ શેક્સપિયર



અક્ષરો ઉકેલવાની મહેનત કર્યા વગર સામી વ્યક્તિને
વાંચી લેવાની સૂઝ દરેક સ્ત્રીમાં જન્મજાત હોય છે.

બેન જોનસન



સ્ત્રીનું મન અને શિયાળુ પવન, બંનેને બદલાતાં વાર નહીં.

જોન રે



સારું છે કે હું પુરુષ તરીકે જન્મી નથી.
કારણ જો હું પુરુષ હોત તો મારે કોઈ
સ્ત્રી સાથે લગ્ન કરવાં પડ્યાં હોત.

એન લૂઇ દ સ્ટેલ



સ્ત્રી: ઈશ્વરે કરેલી બીજી ભૂલ.

ફ્રેડરિક નિત્શે



જ્યાં નારીઓનું સન્માન થાય છે
ત્યાં દેવતાઓ પણ પ્રસન્ન રહે છે.

મનુ



જે પરિવારમાં નારીનું સન્માન થતું નથી

તે પરિવાર પતન અને વિનાશની ગર્તામાં લીન થઈ જાય છે.

વેદ વ્યાસ

♦

નારી સૃષ્ટિની પરમ સૌંદર્યમયી રચના છે.
સૃષ્ટિના આદિકાળથી વિશ્વ તેની ગોદમાં ક્રીડા કરતું આવ્યું છે.
તેના સ્મિતમાં મહાનિર્માણનાં સ્વપ્ન છે
અને ભ્રૂકુટીમાં વિનાશના પ્રલયકારી બનાવો.

નલિન

♦

સ્ત્રી વફાદારી અને ત્યાગની મૂર્તિ છે –
જે પોતાના ત્યાગથી પોતાની જાતને મિટાવી દઈને
પતિના આત્માનો એક અંશ થઈ જાય છે.

અજ્ઞાત

♦

સૌંદર્યશાળી સ્ત્રી નયનાભિરામી હોય છે.
બુદ્ધિશાળી સ્ત્રી હૃદયને પ્રસન્ન કરે છે.
એક અણમોલ રત્ન છે તો બીજી રત્નરાશી.

નેપોલિયન બોનાપાર્ટ

♦

સ્ત્રી સર્વ કાંઈ સહન કરી શકે છે,
કઠણમાં કઠણ દુ:ખ, મોટામાં મોટું સંકટ,
જો તે સહન ન કરી શકતી હોય તો તે પોતાના અપમાન.

મુન્શી પ્રેમચંદ

♦

નારી એક એવું પુષ્પ છે
જે છાયામાં જ પોતાની સુવાસ પ્રસરાવે છે.

લેમેનિસ

♦

નારી એક શક્તિ છે; તેને આત્મસાત કરવાથી
પુરુષની રિક્તતા, થાક અને નિરુદ્દેશતા સમાપ્ત થઈ જાય છે,
પરંતુ આ ભાવના એક સાધન છે.
પત્ની ક્યારેય સાધ્ય થઈ શકતી નથી,
પરંતુ સાધનથી જેમ સાધ્યથી અધિક પ્રિય થઈ શકે છે.

મહાવીર અધિકારી

નિષ્ફળતા

બે પ્રકારના માણસો જીવનમાં નિષ્ફળ જાય છે,
એક તો એ લોકો, જેઓ વિચાર કરે છે
પણ એને કાર્યમાં નથી ઉતારતા અને બીજા એ લોકો
કે જેઓ કાર્ય કરે છે, પણ કદી વિચાર નથી કરતા.

થૉમસ ઈલિયટ

♦

સાધારણ બુદ્ધિમાન મનુષ્ય પણ વર્ષો સુધી એક કામ કરતો રહેતો તેનો જાણકાર બની જાય છે. જ્યારે હોંશિયારમાં હોંશિયાર
માણસ પણ કામ બદલતો રહે તો તે નિષ્ફળ જાય છે.

અજ્ઞાત

♦

એક વાત દરેક માનવીએ યાદ રાખવી જોઈએ કે અસફળતા
પોતાના આંચલમાં સફળતાનાં ફૂલ લઈને જ આવે છે.

મિલ્ટન

♦

જગતમાં અર્ધા ઉપરાંત લોકો એટલા માટે નિષ્ફળ જાય છે.
કારણકે સમયસર તેમનામાં સાહસ ઉપસ્થિત થતું નથી
અને તે ભયભીત થઈ જાય છે.

સ્વામી વિવેકાનંદ

♦

નિષ્ફળ બનવું એ જ સફળતા તરફ પહોંચવાનું પહેલું પગલું છે.
જો કે એ માટે પ્રયત્ન ચાલુ રહેવો જોઈએ.

અરસ્તુ

♦

નિષ્ફળતાનું મુખ્ય કારણ ધનનો અભાવ નહિ
પણ શક્તિ અને સામર્થ્યનો અભાવ હોય છે.

ડેનિયલ વેબ્સ્ટર

♦

જગતમાં પ્રત્યેક કાર્યમાં વિજય પ્રાપ્ત કરવા માટે
એકાગ્રચિત્ત થવું આવશ્યક છે. જે ચિત્તને ચારે તરફ
ભમતું રાખીને કાર્ય કરે છે તે નિષ્ફળ જાય છે,
ક્યારેય તેને સફળતા પ્રાપ્ત થતી નથી.

માર્લે

નિરાશાવાદ

નિરાશાવાદ વિધ્વંશને નોંતરે છે. નિરાશા એક મોત છે,
રિબાવી રિબાવીને મારતું મોત.

સ્વેટ માર્ડન



હું આશાવાદી છું, કારણકે નિરાશાવાદી થવામાં કોઈ લાભ નથી.

વિન્સ્ટન ચર્ચિલ



આશાવાદી તેને જ કહેવાય જે કોઈ પણ મુશ્કેલીમાં પણ
તક જુએ છે. નિરાશાવાદી તેને કહેવાય
જે કોઈપણ તકમાં મુશ્કેલી જુએ છે.

અજ્ઞાત

પરિવર્તન

પરિવર્તન સિવાય બીજું કંઈ જ કાયમી નથી.

હેરાક્લિટસ



દરેક વ્યક્તિ દુનિયા બદલવા ઇચ્છે છે,
પરંતુ પોતાની જાતને બદલવા માટે કોઈ તૈયાર નથી.

લિયો ટૉલ્સ્ટૉય



જે હાથ ભૂંસી શકે છે તે જ સાચી વસ્તુ લખી શકે છે.

મેઈસ્ટર એકહાર્ટ



માનવ જાતમાં પરિવર્તન લાવવાના વિચાર સહુ કરે છે,
પણ પોતાની જાતમાં પરિવર્તન લાવવાનો કોઈ નહીં.

લિયો ટૉલ્સ્ટૉય



ઘરની બહાર ખાતરનો ઢગલો કરી રાખો તો
તે મારફતે દુર્ગંધ પ્રસરશે, પણ એ જ ખાતરનો ઉપયોગ કરીને બગીચો બનાવશો તો સુગંધ પ્રસરશે.
નષ્ટ કરવા જેવું જીવનમાં કશું જ નથી,
પણ પરિવર્તન કરવા જેવું, ઉદાત્ત કરવા જેવું,
ઉન્નત કરવા જેવું જીવનમાં ઘણું છે.

ઓશો રજનીશ



જો આપણે સમયની સાથે પરિવર્તન નહિ કરીએ
તો પરિવર્તનની આ આદત તે વિના બોલાયે આવી જાય છે.
અને મામલો અવ્યવસ્થિત કરી નાખે છે.

જવાહરલાલ નેહરુ



પૃથ્વી પરિવર્તનશીલ છે,
પરંતુ આત્મા અને પરમાત્મા અચળ-અવિચળ છે.

રોબર્ટ બ્રાઉનિંગ



પરિવર્તન વિના પ્રગતિ અશક્ય છે.

જ્યોર્જ બર્નાર્ડ શો

પુસ્તક

માણસો બે કારણસર પુસ્તકો વાંચે છે.
કેટલાક આનંદ ખાતર, કેટલાક બણગાં ફૂંકી શકાય એટલા ખાતર.
બર્ટ્રાંડ રસેલ



કેટલાંક પુસ્તકો ચાખવા માટે હોય છે,
કેટલાંક ગળી જવા માટે અને બહુ થોડાં ચાવીને પચાવવા માટે.
ફ્રાન્સિસ બેકન



જેમાંથી કશું જ સારું ન મળી શકે
એટલું ખરાબ કોઈ પુસ્તક નથી હોતું.
સર્વાન્ટિસ



પુસ્તકો વગર જીવવાનું મારે માટે શક્ય જ નથી.
થૉમસ જેફરસન



જ્યારે તમે ઉત્તમ પુસ્તક ફરી વાર વાંચો છો,
ત્યારે તમને એ પુસ્તકમાં કશું નવું જોવા નથી મળતું.
જે નવું જોવા મળે છે તે તો તમારા પોતાનામાં.
ક્લિફટન ફડીમેન



અભણ માણસો પુસ્તકો વાંચી શકતા નથી.
પણ હા, કેટલાક અભણ માણસો પુસ્તકો લખી શકે છે ખરા!
આલ્બર્ટ મોરાવિયા



શું પુસ્તકો વગર આ દુનિયા ન ચાલી શકે?
ચાલી શકે ને, પણ એમ તો માણસ વગર
આ દુનિયા વધુ સારી રીતે ચાલી શકે.
જ્યાં પૉલ સાર્ત્ર



જગતમાં મહાન શક્તિઓનું સર્જન પુસ્તકોની
અબોલ એવી લાગવગ અને તાકાતમાંથી થયું છે.
જેઓએ શાંત ચિત્તે ગ્રંથોને ગુરુ તરીકે સ્વીકારી
તેના જ્ઞાનનો પોતાના જીવનમાં અમલ કર્યો છે.
તેઓએ સમસ્ત વિશ્વના વહેણને પલટી નાખી
નવી સૃષ્ટિ કે નવા યુગનું સર્જન કર્યું છે.
ગાઈલ્સ



પુસ્તકાલયો એવાં દેવળ છે, જ્યાં દંભી મહંતોના
માધ્યમ વિના જ માનવી ઇષ્ટદેવનું સાંનિધ્ય મેળવી શકે છે.

બેકન

♦

પ્રકાશકોને જે પુસ્તકોથી વધુમાં વધુ નુકસાન ગયું છે
તેનાથી જ્ઞાનને સૌથી વધારે લાભ થયો છે.

થૉમસ ફુલર

♦

ખરાબ ચોપડી જેવો ડાકુ બીજો કોઈ નથી.
તે તમારી પરવાનગીથી તમારા ઘરમાં આવી તમને લૂંટી જાય છે.

અજ્ઞાત

♦

પુસ્તક વિના ઈશ્વર નીરવ બની જાય છે,
ન્યાય સુષુપ્ત, વિજ્ઞાન ગતિહીન, તત્ત્વજ્ઞાન પાંગળું,
પત્રો મૂગા બની જાય છે અને
જીવન સમસ્ત અંધકારમાં સરી પડે છે.

બર્થૉલિની

પાપ/પુણ્ય

દરેક પદાર્થને પોષણ જોઈએ છે.
પુણ્યને તેમ જ પાપને પુણ્ય પુણ્યથી
અને પાપ પાપથી જીવે છે. પુણ્યનો અંત જેમ પાપ નથી
તેમ પાપનો અંત પુણ્ય ન હોઈ શકે.

કલાપી

♦

સદાચારને અનુસરવું એ ડુંગર ચડવા જેવું છે.
પાપને અનુસરવું એ ઢાળ ઊતરવા જેવું છે.

મેક્સીમ ગોર્કી

♦

પાપ તળિયા વિનાના ખાડા જેવું છે.
તેમાં પડતાં પહેલાં બચી શકો, પણ અંદર પડ્યા પછી
વચ્ચે થોભવાનો કોઈ આરો જ ન હોઈ શકે.

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

♦

પાપનો ડાઘ એ કંઈ આત્માની અંદર જ હસ્તી ધરાવતી
કોઈ વસ્તુ નથી. એ તો પડછાયા જેવો છે,
એટલે કે પ્રકાશનો અભાવ છે.

સંત થૉમસ એક્વિનાસ

♦

પાપ અને પુણ્યનાં બહુ મોટાં તત્ત્વજ્ઞાન નથી.
માનવી માનવીને દુ:ખ પહોંચાડે અને પોતાનો જ સ્વાર્થ સાધે
તે પાપ અને બીજાનું ભલું કરવામાં સદાય તત્પર રહે તે પુણ્ય.

અજ્ઞાત

પ્રશંસા/ટીકા

આપણામાંના ઘણાની બાબતમાં મુશ્કેલી એ હોય છે
કે બીજાએ કરેલી પ્રશંસાથી આપણે બરબાદ થતા હોઈએ તો પણ તે આપણને વધુ ગમે છે, પણ બીજાએ કરેલી ટીકાથી
આપણો ઉદ્ધાર થવાનો હોય તો પણ ગમતું નથી.

નોર્મન વિન્સેંટ પીલ

♦

મૂર્ખતા ભરેલી નિંદા અવશ્ય ખરાબ છે,
પરંતુ અતિશયોક્તિ ભરેલી પ્રશંસા પણ
એટલી જ તિરસ્કારને પાત્ર છે.

મુન્શી પ્રેમચંદ

♦

પ્રશંસા અને ખુશામત વચ્ચેનો તફાવત તરત સમજી શકાશે.
પ્રશંસા પ્રામાણિક હોય છે, ખુશામત અપ્રામાણિક હોય છે.
પ્રશંસાના શબ્દો જીગરમાંથી નીકળે છે. ખુશામતિયાં વાક્યો હોઠ પરથી જ બહાર આવે છે. એક નિઃસ્વાર્થી છે જ્યારે બીજામાં સ્વાર્થ છે. પ્રશંસાને બધા પસંદ કરે છે,
ખુશામતને જગત ધિક્કારે છે.

ડેલ કાર્નેગી

♦

જે લોકો તમારી પ્રશંસા કરે એની વાતો એક કાને સાંભળો
અને જે લોકો તમારી ટીકા કરે તેમની વાતો બન્ને કાને સાંભળો.

આન્દ્રે જિદ

♦

પ્રશંસા એક અત્યંત ક્ષણભંગુર ઉત્તેજના માત્ર છે,
જે પ્રાપ્ત કરતાંની સાથે જ શીઘ્ર નષ્ટ થઈ જાય છે.

થૉમસ આલ્વા એડીસન

♦

આપણે હંમેશાં તેમને ચાહીએ છીએ,
જે આપણી પ્રશંસા કરે છે. આપણે હંમેશાં તેમને ચાહતા નથી
જેની આપણે પ્રશંસા કરીએ છીએ.

રોશ ફૂકો

♦

એક બુદ્ધિશાળીની પ્રશંસા તેની અનુપસ્થિતિમાં કરજો;
પરંતુ સ્ત્રીની પ્રશંસા તેની રૂબરૂમાં કરજો.

વેલ્સની કહેવત

પ્રેમ

પુરુષ જે સ્ત્રીને ચાહતો હોય
તેને માટે ગમે તે કરવા તૈયાર હોય છે,
માત્ર તેને કાયમ માટે ચાહવા તૈયાર હોતો નથી.

ઑસ્કર વાઇલ્ડ

♦

માગ્યો પ્રેમ મળે એ સારું,
પણ વણમાગ્યો પ્રેમ મળે એ વધુ સારું.

વિલિયમ શેક્સપિયર

♦

કોઈ ઉંદર ક્યારેય બિલાડીના પ્રેમમાં પડી શકે ખરો?

થૉમસ ફુલર

♦

પ્રેમ સત્યને ચાહે છે, પણ સ્ત્રી સત્યને ધિક્કારે છે.

અર્લ ઑફ એસેક્સ

♦

સ્ત્રીને માટે પ્રેમ એ તેનું સમગ્ર અસ્તિત્વ છે,
પુરુષ માટે માત્ર એક પ્રસંગ.

બાયરન

♦

પહેલી નજરે ન થયો હોય, એ તે વળી પ્રેમ કેવો?

ક્રિસ્ટોફર માર્લો

♦

પ્રેમ દાખલ થાય છે બારીમાંથી અને જાય છે બારણામાંથી.

વિલિયમ કેમડન

♦

મૃત્યુનો સામનો કરવા માટેનું અસરકારક શસ્ત્ર એક જ છે: પ્રેમ.

મોરીન ડફી

♦

પ્રેમ એટલે બુદ્ધિ ઉપર કલ્પનાનો વિજય.

એચ. એલ. મેનકેન

♦

પ્રેમરૂપી કંટકથી દિલને ઘાયલ કર્યા વિના
આપણામાંનું કોણ ગાઈ શક્યું છે?

ખલીલ જિબ્રાન

♦

કોઈનો પ્રેમ ક્યારેય ઓછો હોતો નથી,
આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.

હરીન્દ્ર દવે

♦

જીભ જ્યારે બોલવાનું બંધ કરે, કાન જ્યારે સાંભળવાનું બંધ કરે.જ્યારે માત્ર આંખ જ બોલે અને આંખ જ સાંભળે
ત્યારે જ પ્રેમ જન્મે છે.

ખલીલ જિબ્રાન

♦

શું કરું, ક્યાંથી ઉકેલું કેવો આ સંબંધ છે?
તું લખે છે બ્રેઇલમાં ને હાથ મારો અંધ છે!

સૌમ્ય જોશી

♦

સ્નેહ વધુમાં વધુ કામ કરે છે,
છતાં એમાંનું ઓછામાં ઓછું યાદ રાખે છે.

ટોકર

♦

સૌથી મોટો વિજય પ્રેમનો વિજય છે, જે વિજેતા અને પરાજિત બંનેના હૃદયોને હંમેશ માટે બાંધી રાખે છે.

સમ્રાટ અશોક

♦

જ્યાં સુધી ‘હું’ છે ત્યાં સુધી ‘તું’ છે અને તેથી જુદાપણું છે, પરિણામે કહેવાતો પ્રેમ પણ સોદાબાજી જ હોય છે.

મેં તેના માટે આટલું બધું કર્યું પણ તેણે કંઈ જ ન કર્યું
તેવું એક પ્રેમીજનને બીજા પ્રેમીજન માટે લાગે છે.
શુદ્ધ નિઃસ્પૃહી પ્રેમ, જેવો માતાને સંતાન માટે હોય છે
તેવો જગતમાં ભાગ્યે જ જોવા મળે છે.

જે. કૃષ્ણમૂર્તિ

♦

પ્રેમનાં બે લક્ષણો છે:
પહેલું, બાહ્ય જગતને ભૂલી જવું અને
બીજું, પોતાના અસ્તિત્વ સુધ્ધાંને ભૂલી જવું.

રામકૃષ્ણ પરમહંસ

♦

વ્યવસ્થા એ ઘરની શોભા છે.
સમાધાન એ ઘરનું સુખ છે.
આતિથ્ય એ ઘરનો વૈભવ છે.
સદાચાર એ ઘરનું શિખર છે અને
પ્રેમ એ ઘરની પ્રતિષ્ઠા છે.

અજ્ઞાત

♦

પ્રેમ મૃત્યુ કરતાં અધિક શક્તિશાળી છે,
મૃત્યુ જીવન કરતાં અધિક શક્તિશાળી છે.
આ જાણવા છતાં માનવી–માનવી વચ્ચે

કેટલી સંકુચિત સીમા ખેંચી છે.

ખલીલ જિબ્રાન



આપણે જાતે મા-બાપ ન બનીએ ત્યાં સુધી
આપણાં માતાપિતાનો આપણા માટેનો પ્રેમ આપણે જાણતા નથી.

હેન્રી બિચર



પ્રેમ વડે હૃદયનો, જ્ઞાન વડે બુદ્ધિનો અને શક્તિ વડે શરીરનો
વિકાસ કરે એનું જીવન સુંદર અને યશસ્વી બને છે.
જીવનમાં આકાશની સ્વચ્છતા, નદીની પ્રસન્નતા
અને સાગરની ગંભીરતા હોય તો જ મન પ્રસન્ન રહે.

અજ્ઞાત



લોહીથી ખરડાયેલાં કપડાં લોહીથી નહીં પણ પાણીથી શુદ્ધ થાય,
તેમ તિરસ્કારનો પ્રતિકાર ક્રોધથી નહીં પણ પ્રેમથી થાય.
તલવાર સામે ઢાલ, અગ્નિ સામે પાણી તેમ તિરસ્કાર સામે પ્રેમ!

ચિત્રભાનુ



પ્રેમ સ્વભાવથી જ વૈરાગી હોય છે. તે રસ્તાની ધારે ધૂળમાં જ પોતાનાં ફૂલો નિરંતર ખીલવ્યાં કરે છે. તે દીવાનખાનાના
ચિનાઈ માટીના કૂંડામાં પોતાનો પ્રભાવ દાખવી શકતો નથી.

રવીન્દ્રનાથ ટાગોર

પૈસા

ગુલામીનું એક નવું સ્વરૂપ પૈસો.

લિયો ટૉલ્સ્ટૉય

♦

પૈસા માટેનો પ્રેમ એ એક એવો રોગ છે
જે માણસને સૌથી વધુ દયામણો બનાવે છે.

લોન્જાઇનસ

♦

કોઈ માણસને સલાહ લેવી ગમતી નથી,
પણ પૈસા લેવા સૌ કોઈને ગમે છે.
એટલે સલાહ કરતાં પૈસા ચડિયાતા.

જોનાથન સ્વિફ્ટ

♦

પૈસા વગરનો માણસ એટલે તીર વગરનું કામઠું.

થૉમસ ફુલર

♦

તમારી વાત એક ક્ષણમાં કહી દેવા
માટેની એક જ ભાષા છે – પૈસા.

હેન્રી ફિલ્ડિંગ

♦

પૈસા એટલે જીવનનું ગદ્ય.

રાલ્ફ વાલ્ડો એમર્સન

♦

જો બની શકે તો સાચે રસ્તે પૈસા મેળવવા.
જો ન બની શકે તો પૈસા મેળવવા.

હોરેસ

♦

પૈસાદાર માણસ ભલે ક્યારેય સ્વર્ગમાં જઈ ન શકે,
ગરીબ તો કાયમ માટે નરકમાં સબડતો જ હોય છે.

એલેકઝાન્ડર ચેઝ

♦

મર્યા પછી પૈસા સાથે નથી આવતા એ વાત સાચી છે,
પણ મર્યા પછી પૈસાની જરૂર નથી રહેતી.

બ્રેન્ડન ફ્રાન્સિસ

♦

બીજા લોકોને ધન માટે મરવા દો, હું તો પૈસા વગરનો અમીર છું.

લૉર્ડ કાલિંગ વુડ

♦

નાણાની તંગી ઈશ્વર દૂર ન કરાવે તો જ સારું,

કારણ કે તેની ગરીબાઈ જ જગતને શ્રીમંત બનાવે છે.

સ્પેનિયાર્ડ



ફૂટબૉલ જેવી ધનની રમત હોવી જોઈએ.
ફૂટબૉલને કોઈ પોતાની પાસે રાખતું નથી.
તે જેની પાસે પહોંચે છે એ જ તેને ફેંકી દે છે.
પૈસાને પણ આ રીતે ફેંકતા જઈએ તો સમાજમાં તેનો પ્રવાહ
વહેતો રહેશે અને સમાજનું આરોગ્ય જળવાઈ રહેશે.

વિનોબા ભાવે



પૈસા ફોતરાં ખરીદી શકે ગર્ભ નહીં, ખોરાક લાવી શકે ભૂખ નહીં, દવા લાવી શકે આરોગ્ય નહીં, પરિચિત મિત્રો નહીં,
નોકરો વફાદારી નહીં, મોજમજાના દિવસો શાંતિને આનંદ નહીં.

હેન્રિક ઈબ્સન



ઘરમાં વસ્તુ લાવો છો ત્યારે સાચા-ખોટાની
ચકાસણી કરીને લાવો છો, પણ પૈસા લાવતાં પહેલાં
નીતિ-અનીતિની ચકાસણી કરો છો?

રવિશંકર મહારાજ



રાજા બનીને મારી દોલત ભિખારીની જેમ વાપરવાને બદલે,
ભિખારી બનીને મારી પાસેનો છેલ્લો સિક્કોય
રાજાની જેમ વાપરવાનું હું પસંદ કરું છું.

ઈંગર સોલ



મને ટીપવામાં આવે છે, આગમાં તપાવવામાં આવે છે,
કાપવામાં આવે છે, પણ મને તેનું દુઃખ નથી.
મારું અસહ્ય દુઃખ તો એ છે કે આપણા દેશના શાસકો
મને બૅંક ઑફ ઇંગ્લૅન્ડમાં મોકલી રહ્યા છે.

ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, 19–08–92

પ્રાર્થના

પ્રાર્થના પ્રભુને બદલતી નથી, પ્રાર્થના કરનારને બદલે છે.

સોરેન કિર્કગાર્ડ



પ્રાર્થના-પ્રભાતને ખોલવાની કૂંચી અને રાતને વાસવાનું તાળું

ઓવેન ફેલ્થામ



કામ કરો, તમે સો વર્ષ જીવવાના છો એમ માનીને પ્રાર્થના કરો.
કાલે સવારે તમારું મૃત્યુ થવાનું છે એમ માનીને.

બેન્જામિન ફ્રેન્કલિન



પ્રાર્થનાનો જવાબ ન હોય.
જો જવાબ મળે તો તે પત્રવ્યવહાર થાય, પ્રાર્થના નહીં.

ઓસ્કાર વાઇલ્ડ



બહારથી આવતી દરેક વસ્તુ પર
આ દેશમાં કરવેરો ઉઘરાવવામાં આવે છે —
એકમાત્ર પ્રાર્થનાના પ્રત્યુત્તર સિવાય.

માર્ક ટ્વેન



સાચા હૃદયથી થતી પ્રાર્થના હંમેશાં કશુંક શીખવતી જાય છે.

રાલ્ફ વાલ્ડો એમર્સન



જેમ શબ્દો ઓછા તેમ પ્રાર્થના વધુ સાચુકલી.

માર્ટિન લ્યૂથર કિંગ



પ્રાર્થનાએ મારી જિંદગી બચાવી છે.
માણસને કડવા અનુભવો નિરાશાની ગર્તામાં ફેંકી દે છે,
પણ તે પ્રાર્થના વડે નિરાશા ખંખેરી તરી જાય છે.

મહાત્મા ગાંધી



પ્રીતિ અને શ્રદ્ધાથી ઈશ્વરનું સ્મરણ કરીને
શુભ કાર્યોનો આરંભ કરીએ એટલે તે કાર્ય પાર પડે જ,
કેમ કે ઈશ્વર સ્મરણથી બુદ્ધિ નિશંક બને છે
અને કર્મમાં ભાવનાની ભિનાશ ભળે છે.

વિનોબા ભાવે



પ્રાર્થના આપણને આપણામાં સ્થિર કરે છે.
પ્રાર્થના મઝધારને કિનારો કરે છે.

પ્રાર્થના નિજમાં શ્રદ્ધા જગાવે છે.
પ્રાર્થના માણસનો વિકાસ પણ કરે છે.

હે પ્રભુ

હે પ્રભુ! હે પરમાત્મન્! હે ગુરુદેવ!
મારા સર્વ વિચારો, મારી સર્વ ઊર્મિઓ,
મારા સર્વ મનોરથો, મારા દેહનો અણુએ અણુ,
મારા લોહીનું બિંદુએ બિંદુ તારામય હો!
તારા જગતની સેવા માટે હો!
હે પ્રભુ! તારી ઇચ્છા એ જ મારી ઇચ્છા હો!
મારા જીવનને તારી ઇચ્છા મુજબ બનાવ.
મારા જીવનમાં જે કંઈ સંજોગો નિર્માણ કરીશ,
ભલે તે સુખ કે દુ:ખના હોય, લાભ કે હાનિના હોય,
હર્ષ કે શોકના હોય, અરે! જીવન કે મૃત્યુના હોય,
તો પણ તે બધા સંજોગો મારા કલ્યાણ માટે જ
તેં સર્જ્યા છે, તેવી મારી શ્રદ્ધા અખંડ રહો!

માતાજી

♦

શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર?
કુરાનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી.

જલન માતરી

♦

ઈશ્વર સર્વત્ર છે તો અહીં પણ છે.
ઈશ્વર સર્વનો છે તો મારો પણ છે.
ઈશ્વર સર્વમાં છે તો તે મારામાં પણ છે,
એવા ઈશ્વરને પામવાનો માર્ગ છે પ્રાર્થના.
'હે અમારા પરમ પિતા,
તારા વચનો ફળે,
તારું ધર્મરાજ સર્વત્ર પ્રસરે,
તારી મંગલ યોજના સિદ્ધ થાય.
જેમ આકાશમાં તેમ પૃથ્વી પર,
આજનો રોટલો આજે અમને આપ.
અમારા પાપને માટે અમને માફ કર્યા છે તેમ,
પ્રલોભન કે લાલચથી અમને દૂર રાખ ને
બૂરા કાળમાં અમારું રક્ષણ કર'

જિસસ ક્રાઇસ્ટ

♦

શ્વાસ ચાલે છે, નાડી ચાલે છે, હૈયાના ધબકાર ચાલે છે.
તે જ રીતે અખંડ પ્રાર્થના ચાલતી હોય
ત્યારે જ જીવન ઉન્નત થયું એમ સમજી શકાય.

કાકા કાલેલકર

♦

તૂ કરતા વો હૈ જો તૂ ચાહતા હૈ
પર હોતા વો હૈ જો મૈં ચાહતા હું,
તો તૂ વો કર જો મૈં ચાહતા હું
ફિર વો હોગા જો તૂ ચાહતા હૈ

ભગવાન

♦

શ્રદ્ધા જ મારી લઈ ગઈ મુજને મંઝિલ તરફ,
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ.

'ગની' દહીંવાલા

♦

હે પ્રભુ!
સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ!
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે હાસ્ય અને આનંદ
કેમ ન ગુમાવવા તે મને શીખવ!
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય
ત્યારે શાંતિ કેમ રાખવી તે મને શીખવ!
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય
ત્યારે ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ!
કઠોર ટીકા કે નિંદાનો વરસાદ વરસે
ત્યારે તેમાંથી ખપનું કેમ ગ્રહણ કરી લેવું તે મને શીખવ!
પ્રલોભનો, પ્રશંસા અને ખુશામતની
વચ્ચે તટસ્થ કેમ રહેવું તે મને શીખવ!
ચારેબાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે ને શ્રદ્ધા ડગુમગુ થઈ જાય,
મન નિરાશાની ગર્તામાં ડૂબી જાય
ત્યારે ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની
પ્રતિક્ષા કેમ કરવી તે મને શીખવ!

કુન્દનિકા કાપડીઆ

♦

હે પ્રભુ! હું તારી પાસે જે કંઈ માગું,
તે આપવામાં મારું અકલ્યાણ રહ્યું હોય તો તું ન આપીશ,
પરંતુ જેમાં મારું કલ્યાણ હોય,
તે જ મારા ન માગવા છતાં તું મને આપજે!
હે પ્રભુ! મને કલ્યાણને માર્ગે લઈ જા!

સોક્રેટીસ

♦

હે ભગવાન!
તારી સાથે વાત કરવાની મજા,
તારી સાથે ચૂપ રહેવાની મજા!

આંખ ખુલ્લી રાખું તો આનંદ, બંધ રાખું તો પણ આનંદ.
તું જે કંઈ આપે તેમાં આનંદ, ન આપે તેથી પણ આનંદ
તારી પાસે માગવાની મજા, તારી પાસે મેળવવાની મજા
તારી પાસેથી કંઈ ન મળે તો પણ આનંદ!
તારી અંદર આનંદ, તારી બહાર આનંદ!

માતા કૃષ્ણાબાઈ



પ્રાર્થના કરો એમ માનીને કે બધું જ ઈશ્વર પર નિર્ભર છે.
કામ કરો એમ માનીને કે બધું જ માણસ પર નિર્ભર છે.

ફ્રાન્સિસ સ્પેલમેન

પ્રસિદ્ધિ

પ્રસિદ્ધિ એ એક અકસ્માત છે, તમારી મિલકત નથી.

થૉમસ કાર્લાઈલ



જો માણસને મર્યા પછી જ પ્રસિદ્ધિ મળતી હોય
તો મને પ્રસિદ્ધિ મેળવવાની જરાય ઉતાવળ નથી.

માર્શિયલ



જે પ્રસિદ્ધિની પાછળ પડે છે
તેણે છેવટે વખાણ અને ખુશામતથી સંતોષ માનવો પડે છે.

પ્લિની ધ યંગર



પ્રસિદ્ધિ માટેની ભૂખની નબળાઈ ભલભલા
ડાહ્યા માણસનો પીછો પણ સહેલાઈથી છોડતી નથી.

ટેસિટસ



પ્રસિદ્ધિનો ભાર વેંઢારવા જેટલું અઘરું કામ બીજું કોઈ નથી.

વોલ્તેર

બાળપણ

બાળકને પોષણ માટે જોઈએ દૂધ અને પ્રશંસા.

મેરી લેમ્બ



બાળકનો આદર કરો. વધુ પડતું માબાપપણું ન કરો.

રાલ્ફ વાલ્ડો એમર્સન



બાળક નાનું હોય ત્યારે તમે તેને થોડો પ્રેમ આપશો
તો મોટું થઈને એ તમને ઘણો બધો પ્રેમ આપશે.

જૉન રસ્કિન



જેને બાળક ન હોય તેને પ્રેમ એટલું શું
એની ક્યાંથી ખબર પડે?

એચ. જી. બૉન



જે માણસને બાળકો વહાલાં ન હોય
તે માણસ પર ભરોસો મૂકવો નહીં એ મારો એક નિયમ છે.

ચાર્લ્સ ડિકન્સ



જિંદગીમાં બાળપણ ક્યારેક ફરી આવે છે, યુવાની ક્યારેય નહીં.

એના જેમસન



કુટુંબમાંનાં બાળકો ફૂલદાનીમાંનાં ફૂલ જેવાં હોય છે.
તેમાંનું એકાદ તો તમે જે રીતે ગોઠવવા માંગતા હો
એના કરતાં જુદી દિશામાં જ ઝૂકવાનું.

માર્સેલેન કોક્સ



બાળકને તમારી પ્રતિકૃતિ બનાવવાની મથામણ ન કરો,
કારણ બાળક તો પ્રભુની પ્રતિકૃતિ છે.

ગેટે

ભાષા

શબ્દો એટલે ભરેલી બંદૂક.

જ્યાં પૉલ સાર્ત્ર



ભાષા અને સિક્કા લોકોમાં ચલણી બને તો જ સાચાં.

ક્વિન્ટિલિયન



જ્યારે કોઈ પણ પ્રજાની ભાષાની પડતી શરૂ થાય છે,
ત્યાર પછી એ પ્રજાની પોતાની પડતી બહુ દૂર નથી હોતી.

જૉન મિલ્ટન



માણસને જો ભાષા ન મળી હોત તો
તેની વિચારવાની પ્રક્રિયા વધુ સહેલી,
સરળ અને સંપૂર્ણ બની હોત.

એસ. ટી. કોલરિજ



ભાષા ઘડાય છે તો ખેતરોમાં અને કારખાનાંઓમાં.
કૉલેજો અને પુસ્તકોમાં તો માત્ર તેની નકલ થતી હોય છે.

રાલ્ફ વાલ્ડો એમર્સન



ભાષા માત્ર માંદગી હોય છે
અને એ માંદલાપણાનો ભાર માણસની
પ્રગતિને માથે સતત ઝળૂંબતો રહે છે.

ફ્રેડરિક નિત્શે



શબ્દો આપણી એકમાત્ર સંપત્તિ.

સેમ્યુઅલ બૅકેટ



ભાષા એટલે આપણા મનની નગ્નતાને ઢાંકવા માટેનું આવરણ.

હેરોલ્ડ મિન્ટર



જેમ ગાય કાળી હોવા છતાં દૂધ
ઉજ્જ્વલ અને ગુણકારક આપે છે તેથી લોકો તે પીએ છે,
એ જ રીતે ભાષા ભલે ગામઠી હોય
છતાં સીતા-રામનો યશ ગવાઈ રહ્યો હોય છે.
તેથી જ્ઞાની પુરુષ પણ એને ગાય છે અને સાંભળે છે.

સંત તુલસીદાસ



તમારી પાસે ગમે તેટલી કુદરતી શક્તિ હશે,

તમારી પાસે ગમે તેટલું શિક્ષણ હશે,
તમે ગમે તેટલાં સુંદર વસ્ત્રો પહેર્યાં હશે,
પણ જો તમારી ભાષા સુંદર નહીં હોય
તો આ બધું નકામું નીવડશે.
તે તમને સારા દેખાડી શકશે નહીં.

સ્વેટ માર્ડન

ભાગ્યવાન

ભાગ્યશાળી વ્યક્તિને ઊંડા દરિયામાં ફેંકો
અને મોંમાં માછલી લઈને એ બહાર આવશે.

આરબ કહેવત



એવી કોઈપણ વ્યક્તિ આ સંસારમાં નથી કે જેની પાસે જિંદગીમાં એકવાર પણ ભાગ્યોદયનો અવસર ન આવતો હોય.
પરંતુ જ્યારે તે દેખે છે કે વ્યક્તિ તેનું સ્વાગત કરવા માટે
તૈયાર નથી, ત્યારે તે અવળા પગે પાછો વળી જાય છે.

કાર્ડિનલ

મન

તમારા મનને જળને અવિચારી રીતે આમતેમ છલકાવો નહીં,
નહીં તો તમારી દશા રણમાં જઈને અદશ્ય બનતા
ઝરણાં જેવી થશે.

રોમા રોલાં



માણસ ભૂલ કે ગુનો કરીને એને છાવરવાનો બહારથી
ગમે તેટલો પ્રયત્ન કરે, પણ એનું મન તો એને છોડતું જ નથી.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ



બે વસ્તુઓ માનસિક નિર્બળતા જાહેર કરે છે,
એક તો બોલવાના સમયે મૂંગા રહેવું,
બીજું મૂંગા રહેવાના સમયે બોલવું.

શેખ સાદી



મનનો આરામ ત્યારે જ સંભવિત છે કે
આપણે વર્તમાનમાં રહેવાનું શીખી જઈએ.
માણસ ભૂતકાળ કે ભવિષ્યકાળમાં વધુ રહે છે.
વર્તમાનમાં એ ઓછામાં ઓછું રહે છે. યાદોમાં ગૂંચવાય છે
અથવા કલ્પનાઓના તાણાવાણા વણવામાં વ્યસ્ત રહે છે.
બિનજરૂરી યાદો-સ્મૃતિઓ અને કલ્પનાઓમાં ખોવાયેલો રહે છે. આથી તેને આજમાં – વર્તમાનમાં જીવવાનો
ઓછામાં ઓછો
સમય મળે છે, અથવા બિલકુલ મળતો નથી.

યુવાચાર્ય મહાપ્રજ્ઞ



જે માણસ ક્રોધને કાબૂમાં રાખી શકે છે તે પહેલવાન કરતાં
પણ ચડિયાતો છે. અને જે પોતાના મન ઉપર સત્તા ચલાવી શકે છે તે એક દેશ જીતી લેનાર વીરપુરુષ કરતાં
પણ મહાન છે.

જિસસ ક્રાઇસ્ટ



ગુલાબને કાંટા છે એ વાત કરવાને બદલે કાંટાવાળી ડાળખીના
માથા પર સુંદર સુગંધી ગુલાબનો મુગટ છે
એ વાતથી મન બહેલાવો.

અજ્ઞાત



આપણી આંખ ભલે અપવિત્ર ચીજો જોઈ લે,
પણ આપણા મનને કદી અપવિત્ર ચીજો જોવા ન દો.
આપણા કાન ભલે કોઈ અપવિત્ર શબ્દ સાંભળી લે,

પણ આપણા મનને કદી અપવિત્ર ચીજ સાંભળવા ન દો.

એક શિંતો પ્રાર્થના



મન પેટ જેવું છે. તમે અંદર કેટલું ભરો છો એ મહત્ત્વનું નથી
પણ એ કેટલું પચાવે છે એ મહત્ત્વનું છે.

અજ્ઞાત

માણસ/મનુષ્ય

જે માનવીથી દૂર જગતમાં બધા હશે
એની નજીક આપણો સૌનો ખુદા હશે.

અદીં મિરઝા

♦

સમજી ના શકીએ એવો આમૂલ મજાનો માણસ છે.
હારે ના હિંમત ક્યારે એ ખૂબ મજાનો માણસ છે.
દોષ ઘણા છે, ગુણ ઘણા છે, સારો છે, નરસો પણ છે.
કુદરતનું સર્જન ઉત્તમ, લખલૂંટ ખજાનો માણસ છે.

સૌમ્ય જોશી

♦

માણસના મનમાં જેવા વિચારો હોય,
તેવું વર્તન તેઓ આપણા તરફ કરશે.

રામકૃષ્ણ પરમહંસ

♦

જે માણસ બધું કામ પોતાની જાતે જ કરવા માગતો હોય
અને કરેલા કામનો જશ માત્ર પોતાની જાતને જ આપતો હોય
એ ક્યારેય સાચો લીડર ન બની શકે.

એન્ડ્રુ કાર્નેગી

♦

માનવીનાં બે રૂપ છે.
એક અંધારામાં પણ જાગે છે,
બીજું અજવાળામાં પણ ઊંઘે છે.

ખલીલ જિબ્રાન

♦

પથ્થરોને જે ઘડે એ હો કલાકારો ભલે,
બાકી માણસને તો ઠોકરોથી ઘડે છે પથ્થરો.

બરકત વિરાણી 'બેફામ'

♦

ના હિન્દુ નીકળ્યા ના મુસલમાન નીકળ્યા,
કબરો ઉઘાડી જોયું તો ઇન્સાન નીકળ્યા.

અમૃત ઘાયલ

♦

ચિંતન કરી લઉં છું, મંથન કરી લઉં છું,
વિસર્જન થતું હોય ત્યાં નવસર્જન કરી લઉં છું.

ખલીલ ધનતેજવી

♦

એક માણસને ત્રીસ વર્ષની ઉંમરે

જો કોઈ મહાન સત્યની ઝાંખી ન થઈ હોય,
કોઈ મહાન સિદ્ધાંત જેને માટે
તે પોતાની જાતને કુરબાન કરી શકે તેવો
મહાન આદર્શ જો તેને પ્રાપ્ત થયો ન હોય,
તો તે માણસ મૃત્યુ પામેલો જ ગણાય.

માર્ટીન લ્યુથર કિંગ

♦

બે પ્રકારના માણસો જીવનમાં નિષ્ફળ જાય છે.
એક તો એ લોકો, જેઓ વિચાર કરે છે
પણ એને કાર્યમાં નથી ઉતારતા.
બીજા એ લોકો કે જેઓ કાર્ય કરે છે,
પણ કદી વિચાર નથી કરતા.

થૉમસ ઈલિયટ

♦

કહેવાય છે કે મિલનસારપણું એવા લોકોમાં જ જોવા મળે છે
જે ખુલ્લા દિલથી બધા લોકોનું સ્વાગત કરે છે.

તિરુવલ્લુવર

♦

કોઈ પણ માણસ જ્યાં સુધી સારો થવાની કોશિશ ન કરે
ત્યાં સુધી પોતે કેટલો ખરાબ છે તે જાણી નથી શકતો.

સી. એચ. લેવિસ

♦

જે માણસ જૂઠું બોલતા ડરે છે,
તે પછી બીજા કશાથી ડરતો નથી.

ફ્રૉઇડ

♦

માણસ મરે છે ત્યારે તો એનાં રત્નો
એને માટે કાંકરાની બરાબર પણ નથી.
માણસની અંદર રહેલો માણસ મરે છે
ત્યારે તો માત્ર દુનિયા જ નહીં,
દુનિયા પછીની દુનિયા પણ એને માટે
કાંકરા જેવી બની જાય છે.

ધૂમકેતુ

♦

તમે થોડા માણસોને હંમેશ માટે મૂર્ખ બનાવી શકો છો.
વધુ માણસોને થોડા સમય માટે મૂર્ખ બનાવી શકો છો.
પણ સૌને સદાને માટે તો મૂર્ખ નહીં જ બનાવી શકો.

અબ્રાહમ લિંકન

♦

માણસ એકવાર મને દગો દે તો તે તેને માટે શરમજનક છે.
જો તે મને બે વાર દગો દે તો તે મારા માટે શરમજનક છે.

એનોન

♦

માનવી મોટે ભાગે પોતાના લક્ષ્યને જાણતો નથી હોતો
એ બધાં દુ:ખનું મૂળ છે. કુટિર પણ ન ઊભી કરી શકાય
એવા પાયા ઉપર એ મોટા મિનારા બાંધવા લાગે છે.

ગેટે

♦

જે માણસ જ્યાં રહેતો હોય તે સ્થાનના
ભૌતિક, બૌદ્ધિક અને નૈતિક જીવનમાં કંઈક ફાળો આપે
અને લાંબા સમય સુધી એને યોગ્ય
બદલો ન મળે એવું કદી બનતું નથી.

બુકર ટી વૉશિંગ્ટન

♦

જે માણસ ક્રોધને કાબૂમાં રાખી શકે છે
તે પહેલવાન કરતાં પણ ચડિયાતો છે.
જે પોતાના મન ઉપર સત્તા ચલાવી શકે છે
તે એક દેશ જીતી લેનાર વીર પુરુષ કરતાં પણ મહાન છે.

જિસસ ક્રાઇસ્ટ

♦

જે માણસ એમ માને કે પોતે બીજા વિના જીવી શકે તેમ નથી,
તે ભૂલ કરે છે. જે માણસ માને છે કે
બીજાઓ મારા વિના જીવી શકે તેમ નથી
તે વળી એથી યે વધુ ભૂલ કરે છે.

હસીદી ગુરુઓ

♦

દરેક મનુષ્યમાં ખામીઓ હોય છે જ,
જો કોઈ ખામી વિનાનો મિત્ર શોધવા
જઈએ તો તે મિત્ર વિનાનો જ રહે.
આપણે જેમ ખામીથી ભરેલા છીએ
છતાં આપણી જાતને ચાહીએ છીએ,
તેમ આપણા મિત્રોને પણ પ્રેમ કરવો જોઈએ.

સાયરસ

♦

જે માણસ દરેક વાતમાં વાયદો બતાવે
જે માણસ દરેક વાતમાં કાયદો બતાવે
જે માણસ દરેક વાતમાં ફાયદો બતાવે
આ ત્રણ પ્રકારના માણસોથી હંમેશાં સાવધ રહેવું.

અજ્ઞાત

♦

તમારે કામ સારી રીતે કરાવવું હોય તો
બહુ કામવાળા માણસને પસંદ કરો,
નવરા માણસને વખત જ નથી.

અજ્ઞાત

♦

માનવી અતીતને તે જેવો હતો તેના કરતાં સુંદર જુએ છે.
વર્તમાનને તે જેવો છે તેના કરતાં ખરાબ અને ભવિષ્ય હોઈ શકે
તેના કરતાં વધુ સુખમય હશે એવું કલ્પે છે.

માદામ દ' અવિને

♦

હીરાને ઘસીએ નહીં ત્યાં સુધી તેનું તેજ પ્રગટે નહીં,
તેમ કસોટીમાંથી પસાર થયા વિના માણસ પૂર્ણ બનતો નથી.

ચીની કહેવત

♦

માણસનું સાચું રૂપ નમ્રતા છે.
નમ્રતા વિનાનો માણસ પાણી વિનાની નદી જેવો છે.

પર્લ બક

♦

કોઈ માણસને અમુક કામ માટે નીમ્યા
પછી પૂરેપૂરી જવાબદારી તેને સોંપી દેવી.
પૂરેપૂરો વિશ્વાસ રાખ્યા વગર
તેની શક્તિનો પૂરો લાભ મેળવી શકાતો નથી.

હેનરી ફોર્ડ

♦

જે માણસ એમ કહેતો હોય કે નવું શીખવા માટે
હવે પોતે બહુ ઉંમરનો થઈ ગયો છે, તે પહેલેથી એવો હોય છે.

એ. માર્શલ

♦

માણસે જે પ્રાપ્ત ન કર્યું હોય
તેને પ્રયત્નપૂર્વક પ્રાપ્ત કરતા રહેવું જોઈએ.
પ્રાપ્ત કર્યું હોય તેનું કાળજીપૂર્વક રક્ષણ કરવું જોઈએ,
રક્ષણ કર્યું હોય તેને સારી રીતે વધારતા રહેવું જોઈએ
અને વૃદ્ધિ પમાડ્યું હોય તેને સન્માર્ગે વાપરવું જોઈએ.

સંસ્કૃત સુભાષિત

♦

માનવજાતમાં પરિવર્તન લાવવાના વિચાર સહુ કરે છે,
પણ પોતાની જાતમાં પરિવર્તન લાવવાનો કોઈ નહીં.

ટૉલ્સ્ટૉય

♦

માનવીની સર્વોચ્ચ પ્રતિષ્ઠા એ નથી કે એ ક્યારેય પડતો નથી,
પણ એ જ્યારે પડે છે ત્યારે ફરી ઊભો થઈ શકે
એમાં એની ખરી પ્રતિષ્ઠા સમાયેલી છે.

અજ્ઞાત

♦

માનવજાતનું બધું શાણપણ
બે શબ્દોમાં સમાઈ જાય છેઃ રાહ જુઓ, આશા રાખો.

એલેકઝાન્ડર ડુમા

♦

જૂઠું બોલનાર માણસ માટે મોટામાં મોટી સજા
એનું કહ્યું કોઈ માને નહીં એ નથી,
પરંતુ એ ખુદ પોતાનું કહ્યું માની શકે નહીં
અને બીજા કોઈનું કહ્યું માનવા
એનું મન તૈયાર થાય નહીં તે સ્થિતિ છે.

જ્યોર્જ બર્નાડ શો

♦

જે માણસ સાચા અર્થમાં પોતાની જાત ઉપર
હકુમત ચલાવી ન શકે, તે સાચા અર્થમાં સ્વતંત્ર નથી.

પાયથાગોરસ

♦

માનવી તારાને પકડવા હાથ ફેલાવે છે
અને પોતાના જ પગમાં ઊગેલાં ફૂલોને ભૂલી જાય છે.

જર્મી બેંથૈમ

♦

કામ શોધતા માણસો નોકરી મળી ગયા પછી
કામ ટાળતા માણસો બની જાય છે.

અજ્ઞાત

♦

જે માણસ જરાપણ સમય ગુમાવતો નથી
તેને સમયના અભાવની ફરિયાદ કરવાનો વારો ક્યારેય નહીં આવે.

થોમસ જેફરસન

♦

માણસ પોતાનું હિત સાધે તેટલા માટે સ્વાર્થી ન કહેવાય,
પણ પડોશીના હિત તરફ તે દુર્લક્ષ કરે
ત્યારે તેને કારણે તે સ્વાર્થી ગણાય.

વ્હેટલી

♦

માણસના બે હાથ એ કદી ન શોધાઈ
હોય તેવી મહાન મશીનરી છે.

જયપ્રકાશ નારાયણ



દુ:ખની ઉડાડે ધૂળ તે શયતાન હોય છે,
સુખનું વહાવે ઝરણું તે ભગવાન હોય છે,
બંનેનો મેળ સાધી જે નીપજાવે જિંદગી
મારું છે માનવું કે તે ઇન્સાન હોય છે.

શેખાદમ આબુવાલા



જે મનુષ્ય નીતિ અનીતિના વિવેક વિના
આનંદ પ્રમોદની ઇચ્છા કરે છે તે વૃક્ષ પર ચઢીને
સુતેલા મનુષ્ય જેવો છે. નીચે ભોંય પર પડે છે
ત્યારે જ જાગી ઊઠે છે.

વાલ્મીકિ રામાયણ



હે મનુષ્ય! તું શુદ્ધ દીપ્તિમાન, વીર્યવાન છે,
પ્રકાશવાન તેજસ્વરૂપ છે, તું આત્મસ્વરૂપ છે,
તેજસ્વી જ્યોતિસ્વરૂપ, પ્રકાશસ્વરૂપ છે.
તેથી શ્રેયને પ્રાપ્ત કર, સમાનકક્ષા વાળાઓથી આગળ વધી જા.

અથર્વવેદ



પરમાત્માએ માનવદેહને કાયમી ભલે ન બનાવ્યો,
પરંતુ માનવજાતને ચિરંજીવતા બક્ષી.
પરમાત્માએ માનવીને બનાવ્યો તે સારું કર્યું,
પરંતુ સારો માનવ બનવાનું તો એણે માનવ પર જ છોડ્યું,
તેમજ એકલા કિસ્મત ઉપર આધાર રાખવાનું નહીં,
પરંતુ માનવીની ઇચ્છાશક્તિમાં તેનું
પ્રારબ્ધ ઘડવાની અપૂર્ણ એવી તાકાત
પણ પરમાત્માએ માનવીને જ અર્પી.

મિલ્ટન



જ્યાં સુધી સાચું પત્તું હાથમાં ન આવે
ત્યાં સુધી દરેક મનુષ્ય એ ફરિયાદ કરતો હોય છે
કે ગંજીફો બરાબર ચીપવામાં આવ્યો નથી.

અજ્ઞાત



જે માણસે પોતાના સમયને કેમ વાપરવો
એની સમસ્યા ઉકેલી દીધી છે,
એણે પોતાનો વિકાસ પણ નિશ્ચિત કરી લીધો છે.

વૉલ્ટર એચ. કોન્ટીગહામ



માણસ એટલે એક પડછાયો અને એક સપનું.
પિન્ડાર

♦

કુદરતમાં અજાયબીઓ તો અનેક છે,
પણ સૌથી મોટી અજાયબી છે માણસ.
સોફોક્લિસ

♦

જેણે માણસ પર મદાર રાખ્યો એનું આવી બન્યું
સેન્ટ ઓગસ્ટાઈન

♦

માણસોના ટોળામાં માણસ તો રડ્યાખડ્યા હોય છે,
બાકીના બધા હોય છે ઘેટાં–બકરાં, કાચીંડા, શિયાળ, કૂતરા.
જૉસેફ હોલ

♦

એકલો રહેતો માણસ કાં સંત હોય કાં શેતાન.
રોબર્ટ બર્ટન

♦

દરેક માણસમાં એક જંગલી પ્રાણી છુપાયેલું હોય છે.
ફ્રેડરિક ધ ગ્રેટ

♦

મોટા ભાગના માણસો આખી જિંદગી
નવા નિશાળિયાની જેમ વિતાવે છે.
થૉમસ જેફરસન

♦

માણસ એટલે ઈશ્વરનું ખંડેર.
રાલ્ફ વાલ્ડો એમર્સન

♦

મનુષ્યનું આયુષ્ય વધ્યું છે પણ આયુષ્યમાંનું જીવન ઘટ્યું છે.
જે. કૃષ્ણામૂર્તિ

♦

માણસનો સ્વભાવ જ એવો છે કે
તે બીજાને પોતાનાથી અધિક સુખી સમજે છે
અને પોતે તેના જેવો થવા ઇચ્છે છે.
સોક્રેટીસ

♦

નિરાશાવાદી માણસ દરેક તકમાં મુશ્કેલીઓ શોધે છે,
જ્યારે આશાવાદી માણસ દરેક મુશ્કેલીમાં તક શોધે છે.
વિન્સ્ટન ચર્ચીલ

♦

રમતાં રમતાં લડી પડે ભૈ માણસ છે,
હસતાં હસતાં રડી પડે ભૈ માણસ છે.

જયંત પાઠક



આ નર્યા હાડ ચામડાનો માણસ એટલે દોડધામનો માણસ,
સાંભળ્યું'તું છે કામનો માણસ, નીકળ્યો કિન્તુ નામનો માણસ.

અમૃત ઘાયલ



હૈયે તો છું પણ હોઠેથી ભુલાઈ ગયેલો માણસ છું
હું મારા ડાબા હાથે ક્યાંક મુકાઈ ગયેલો માણસ છું.

રાજેશ વ્યાસ 'મિસ્કિન'



માણસોને સ્પષ્ટ પારખવા બહુ મુશ્કેલ છે.
સાવ નકલી રત્નોનો ચળકાટ પણ ઓછો નથી હોતો.

હેમેન શાહ



મનુષ્યના કેવળ ત્રણ જ વર્ગ થઈ શકે છે,
વિપરીતગામી, સ્થિર અને અગ્રગામી.

લૈવેટર



વ્યક્તિ સમાજથી તિરસ્કૃત થવાથી દાર્શનિક,
શાસકના અતિજુલમથી વિદ્રોહી,
પરિવારથી ઉપેક્ષિત થવાથી મહાત્મા
અને નારીના અનાદરથી, અપમાનિત થવાથી દેવતા થાય છે.

રમણ મહર્ષિ



મનુષ્ય જ્યારે પશુ બની જાય છે
ત્યારે તે પશુથી પણ હીન હોય છે.

રવીન્દ્રનાથ ટાગોર

મહત્ત્વાકાંક્ષા

મહત્ત્વાકાંક્ષી માણસે ઉપર ચડવા માટે
ઘણી વાર ઘૂંટણિયે પડીને ચાલવું પડતું હોય છે.

જોનાથન સ્વિફ્ટ



મહત્ત્વાકાંક્ષા એ પોતે દોષ હોય તો પણ
તે ઘણા ગુણોનું ઊગમસ્થાન બની શકે છે.

ક્વિન્ટિલિયન



વાવાઝોડું અને મહત્ત્વાકાંક્ષા ક્યારેય પાછું વાળીને જોતાં નથી.

બેન જોન્સન



મહત્ત્વાકાંક્ષા એટલે પંખીને નહીં, પવનને પકડવા જાળ પાથરવી.

જોન વેબસ્ટર



ગુલામે માત્ર એક જ માલિકને ખુશ રાખવાનો હોય છે,
મહત્ત્વાકાંક્ષી માણસે અનેક માલિકોને.

જ્યાં દલા બ્રુયરે



મહત્ત્વાકાંક્ષા એટલે નિષ્ફળ માણસના મનમાં બચેલી છેલ્લી આશા.

ઑસ્કર વાઇલ્ડ

મૈત્રી/મિત્ર

મિત્રની ટીકા કરવી હોય તો માત્ર તેને મોઢે જ કરવી.
વખાણ બીજાના મોઢે કરવાં.
લિયોનાર્દો દ વિન્ચી



કેટલો લાભ લઈ શકાય એમ છે
તે જોઈને મૈત્રી બાંધવા જેટલું ભૂંડું કામ બીજું કોઈ નથી.
ઓવિડ



મારે ઘણા મિત્રો છે એમ માનનારને
હકીકતમાં એકે મિત્ર હોતો નથી.
સેમ્યુઅલ જોનસન



તમારી ખામીઓ સાથે તમને સ્વીકારવા તૈયાર હોય તે સાચો મિત્ર.
વિલિયમ શેક્સપિયર



જેને હજારો મિત્રો છે તેને ક્યાંય એકપણ મિત્ર દેખાતો નથી,
જેને એક દુશ્મન છે તેને બધે જ તેનાં દર્શન થાય છે.
ઇમર્સન



તમારે દુશ્મન જોઈતા હોય તો તમારા મિત્રોથી ચઢિયાતા બનજો, પણ જો તમારે મિત્રો જોઈતા હોય તો તમારા મિત્રોને
તમારા ઉપર સરસાઈ મેળવવા દેજો.
રોશેફ કોલ્ડ



અભિમાની માણસને કદિ મિત્રો હોતા નથી.
જ્યારે તેઓ તવંગર હોય છે ત્યારે તેઓ જ બીજા કોઈને
ઓળખતા નથી. તેઓ જ્યારે વિપત્તિમાં હોય
ત્યારે તેમને કોઈ ઓળખતું નથી.
સિડની સ્મિથ



દરેક મનુષ્યમાં ખામીઓ હોય છે જ,
જો કોઈ ખામી વિનાનો મિત્ર શોધવા જઈએ
તો તે મિત્ર વિનાનો જ રહે.
આપણે જેમ ખામીથી ભરેલા છીએ
છતાં આપણી જાતને ચાહીએ છીએ,
તેમ આપણા મિત્રોને પણ પ્રેમ કરવો જોઈએ.
સાયરસ

♦

તારો મોટામાં મોટો દુશ્મન તને નિહાળે
એ રીતે તારી જાતનું નિરીક્ષણ કર.
તું જ તારી જાતનો મોટામાં મોટો મિત્ર બની શકીશ.

જેરેમી ટેલર

♦

જે સૌનો મિત્ર તે હકીકતમાં કોઈનો મિત્ર નહીં.

જોન વૉડરોફ

♦

ઇતિહાસમાં વફાદાર કૂતરાઓની જેટલી વાતો મળે છે
તેટલી વફાદાર મિત્રોની મળતી નથી.

એલેક્ઝાન્ડર પોપ

♦

મારામાં રહેલી ક્ષમતાઓને જે ઉજાગર કરે છે
એ મારો સૌથી શ્રેષ્ઠ મિત્ર છે.

હેન્રી ફોર્ડ

♦

માણસના ખરા વફાદાર મિત્રો ત્રણઃ પત્ની, કૂતરો, પૈસા.

બેન્જામિન ફ્રેન્કલિન

♦

મિત્ર મેળવતાં વાર લાગે છે, પણ ખોતાં વાર નથી લાગતી.

જોન લીલી

♦

સારો મિત્ર એ છે કે જે સારા સમયે તમે બોલાવો
ત્યારે જ આવે છે અને તમારા ખરાબ સમયમાં
વગર બોલાવે દોડી આવે છે.

યુચીકુ

♦

મિત્ર અને મંત્ર ઉપર કદી અવિશ્વાસ ન રાખશો,
મિત્રમાં અવિશ્વાસ રાખશો તો સ્નેહ તૂટશે,
મંત્રમાં અવિશ્વાસ રાખશો તો શક્તિ ખૂટશે.

ચાણક્ય

♦

મિત્રને હું બહુવચનમાં નથી મૂકતો;
એકથી વધુ સંખ્યા પરિચિતો કે શુભેચ્છકોની હોઈ શકે.
મિત્ર એટલે એક અને અનન્ય.

આનંદ

મૂર્ખ

એક ડઝન બુદ્ધિમાનો એક કલાકમાં જેટલા જવાબ નહીં આપી શકે, તેટલા સવાલ એક મૂર્ખ ફક્ત એક જ મિનિટમાં પૂછી શકશે.

લેનિન

♦

તમે થોડા માણસોને હંમેશ માટે મૂર્ખ બનાવી શકો છો,
વધુ માણસોને થોડા સમય માટે મૂર્ખ બનાવી શકો છો,
પણ સૌને સદાને માટે તો મૂર્ખ નહીં જ બનાવી શકો.

અબ્રાહમ લિંકન

♦

વિશ્વમાં હંમેશાં મોટામાં મોટી મુશ્કેલીઓ એ છે કે,
મૂર્ખાઓનો આત્મવિશ્વાસ કદી ડગતો નથી
અને બુદ્ધિમાનોને પોતાની શંકાઓમાંથી ફુરસદ મળતી નથી.

રસેલ

♦

જો પુત્રનો જન્મ જ ન થયો હોય
અથવા જન્મ પામીને મૃત્યુ પામ્યો હોય
અથવા મૂર્ખ હોય આ ત્રણમાં પહેલી
બે બાબતો જ વધુ સારી છે. કારણ કે પ્રથમ બે તો
એક જ વખત દુ:ખ આપે છે, જ્યારે ત્રીજી બાબત તો
ડગલે ને પગલે દુ:ખ આપે છે.

હિતોપદેશ

♦

પાણી વડે અગ્નિને રોકવો શક્ય છે,
છત્રી વડે તડકાનું નિવારણ શક્ય છે,
મદમસ્ત હાથીને પણ અંકુશથી વશ કરી શકાય છે,
ગાય-ગધેડાં જેવાં પશુઓને ડંડા વડે વશ કરી શકાય છે,
રોગનું નિદાન વિભિન્ન પ્રકારની ઔષધિઓથી કરવું સંભવિત છે અને મંત્ર દ્વારા વિષ પણ ઊતરી શકે છે.
આમ પૃથ્વી ઉપર દરેક બાબતનું શાસ્ત્રોક્ત ઔષધ છે, પરંતુ મૂર્ખનું કોઈ ઔષધ નથી.

ભર્તૃહરિ

♦

મૂર્ખ માનવી આ પાંચ લક્ષણોથી પરખાઈ જાય છે:
ઓળખાણ વિનાનો વિશ્વાસ, સંબંધ વિનાની વાણી,
કારણ વિનાનો ગુસ્સો, જિજ્ઞાસા વિનાની પૂછપરછ
અને પ્રગતિ વિનાનું પરિવર્તન.

વેદ વ્યાસ

મૌન

માણસમાત્રની માતૃભાષા – મૌન.

ઓલિવર ગોલ્ડસ્મિથ



બોલ્યા પછી હું ઘણી વાર પસ્તાયો છું,
પણ મૂંગો રહ્યા પછી ક્યારેય નહીં.

પબ્લિલિયસ સાયરસ



સુખી થવું હોય તો સાંભળો, જુઓ અને મૂંગા રહો.

ગેસ્ટા રોમાનોરમ



મૂંગા માણસથી હંમેશાં ચેતતા રહેવું.

ફોન્ટેઈન



મૂંગા રહેવું એ નબળાઈની નિશાની નથી,
સમજણની નિશાની છે.

થૉમસ બ્રાઉન



શબ્દો કરતાં મૌન વધુ બોલકું હોય છે.

થૉમસ કાર્લાઈલ

મૃત્યુ

મૃત્યુ એટલે થાકેલા માણસને પોઢાડવા માટેનો ઈશ્વરનો અંગુલીસ્પર્શ.

આલ્ફ્રેડ ટેનિસન



મૃત્યુ કરતાં વધુ કષ્ટદાયી બીજું કશું હોઈ શકે?
હા, મરવાની ઇચ્છા થાય અને છતાંય મોત આવે નહીં તે.

સોફોક્લિસ



મૃત્યુ એટલે જીવનની અંતિમ સરહદ.

હોરેસ



મૃત્યુ કરતાંય વધુ બિહામણો હોય છે મૃત્યુનો ડર.

વિલિયમ શેક્સપિયર



મૃત્યુના ઘરમાં તારીખિયું નથી હોતું.

જ્યોર્જ હર્બર્ટ



ગમે તેવા અસાધ્ય રોગનો પણ
એક ઉપચાર તો હોય જ છે – મૃત્યુ.

થૉમસ બ્રાઉન



જ્યારે બીજાં બધાં દ્વાર બંધ થઈ જાય છે
ત્યારે પણ માણસ સામે એક દ્વાર તો ખુલ્લું રહે જ છે – મૃત્યુ.

ગોવાની ટોરિયાનો



કૅન્સરથી મૃત્યુ પામનારા લોકો કરતાં
ઈર્ષાથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ઘણી મોટી છે.

જૉસેફ. પી. કેનેડી



હું ટૂંક સમયમાં જ મૃત્યુ પામીશ,
એ વિચારોએ જ મને કંઈક જુદું અને મોટું કરવા માટે પ્રેર્યો છે.

સ્ટીવ જૉબ્સ



દરેક માણસ મરે છે, પણ દરેક માણસ ખરેખર જીવી શકતો નથી.

વિલિયમ વૉલેન્સ



જીવન અને મૃત્યુ, સુખ અને દુ:ખ, પ્રગતિ અને પડતી
આ બધા દ્વંદ્વોને આપણે નિવારી શકીએ એમ નથી,
જે બદલી શકાય એમ ન હોય તે સહર્ષ સ્વીકારી લેવું જોઈએ.

રામાયણ



અમુક લોકો મોતથી એટલા બધા ડરી જાય છે કે
જિંદગીની શરૂઆત જ નથી કરી શકતા.

હેનરી વાન ડાઈક



મૃત્યુ તો પરમાત્માનું આમંત્રણ છે. જ્યારે તે આવે ત્યારે
દ્વાર ખોલીને તેનું સ્વાગત કરો અને તેનાં ચરણોમાં
હૃદય-ધન સમર્પિત કરીને તેનું અભિવાદન કરો.

રવીન્દ્રનાથ ટાગોર



પોતાના જીવન દરમિયાન જેઓએ બિલકુલ ઘોંઘાટ ન મચાવતાં
માત્ર મૂંગા રહીને કામ કર્યા કર્યું છે, તેવાઓની કીર્તિગાથાઓના નિનાદ તેમના મૃત્યુ બાદ સમગ્ર સંસારમાં
સંભળાયા કરે છે.

હેઝર્ટ



કોઈપણ સંકટ સંકટની ભીતિ કરતાં વધારે ભયપ્રદ હોતું નથી. મરણની બીક રાખવા કરતાં મને તો મરવું જ
વધારે સારું લાગે છે.

સ્વામી રામતીર્થ



અત્યારે જ્યારે તારામાં વાત કરવાની શક્તિ છે,
ત્યારે ભાઈ, મૃદુતા અને પ્રસન્નતાથી વાત કરી લે.
એટલા માટે કે કાલે જ્યારે મોતનો કાસદ આવી પહોંચશે
ત્યારે તારે લાચારીએ મોં બંધ કરી દેવું પડશે.

શેખ સાદી શીરાજી



જન્મ અને મરણનો કોઈ ઇલાજ નથી,
સિવાય કે વચલા ગાળાને ખૂબ માણી લેવો.

જૉર્જ સાંતાયન



મોતને સૂતી વખતે ઓશીકે રાખજો, ઊઠો ત્યારે આંખની સામે.

હઝરત આબિસ



દુષ્ટ સ્ત્રી, કપટી મિત્ર, સામું બોલનાર નોકર
અને સાપવાળા ઘરમાં રહેવું એ મોત જ છે એમાં શંકા નથી.

ચાણક્ય

યુદ્ધ

યુદ્ધની સફળતાનો આધાર તે કેટલો વિનાશ વેરી શકે છે
તેના પર રહેલો હોય છે.

વિક્ટર હ્યુગો



યુદ્ધમાં બીજી ભૂલ માટે ક્યારેય તક હોતી નથી.

લામાક્સ



મોટાં યુદ્ધોનું કારણ ઘણુંખરું નાનું હોય છે.

જુલિયસ સીઝર



યુદ્ધ કરતાં પણ વધુ ખરાબ હોય છે યુદ્ધનો ભય.

સેનેકા



યુદ્ધ હંમેશાં શિક્ષા કરે છે – હારનારને અને જીતનારને પણ.

થૉમસ જેફરસન



યુદ્ધ જો આટલું ભયાનક ન હોત તો માણસને તેની ટેવ પડી જાત.

રૉબર્ટ લી



યુદ્ધને અંતે કોઈ જીતેલું હોતું નથી, બધા હારેલા હોય છે.

નેવિલ ચેમ્બરલેન



બધાં યુદ્ધોનું લક્ષ્ય એક જ હોય છેઃ શાંતિ.

સંત ઑગસ્ટાઇન



એક યુદ્ધ પછીની શાંતિ એટલે
બીજા યુદ્ધની તૈયારી માટેનો સમય.

ફ્રેડરિક નિત્શે

યુવાન/યુવાની

પ્રેમ વગરની યુવાની? એ તે વળી કેવી યુવાની?

બાયરન

♦

ખીલતી યુવાની સુંદર પણ ક્ષણભંગુર.

થિયોક્રિટસ

♦

યુવાની પોતાનો રસ્તો શોધી લે છે.

જોન લીલી

♦

દુનિયાએ ભલે ગમે તેટલી પ્રગતિ કરી હોય,
યુવાની તો એકડેએકથી જ શરૂ કરશે.

ગેટે

♦

જો આપણે બે વખત યુવાન થઈ શકતા હોત
તો આપણે આપણી બધી ભૂલો સુધારી શકતા હોત.

યુરિપિડિસ

♦

યુવાનો માને છે કે ઘરડાંઓ મૂરખા છે,
પણ ઘરડાંઓ જાણે છે કે યુવાનો મૂરખા છે.

જ્યોર્જ ચેપમેન

♦

યુવાનીમાં આશરો આશાનો,
ઘડપણમાં આશરો સ્મરણોનો.

જ્યોર્જ હર્બર્ટ

♦

યુવાન ડૉક્ટર અને ઘરડા હજામથી ચેતતા રહેવું.

બેન્જામિન ફ્રેન્કલિન

♦

યુવાન દેખાવા માટે માણસો ઘણી મહેનત કરે છે,
પણ ઘરડા દેખાવા માટે કોઈ મહેનત કરતું નથી.

રોબર્ટ લુઈ સ્ટીવન્સન

♦

કોઈ પણ યુવાન માણસના ઇતિહાસમાં કાળામાં કાળી ક્ષણ
એ હોય છે, જ્યારે તે પ્રામાણિકપણે કામકાજ કર્યા વિના
પૈસા કેમ કમાવા એનો વિચાર કરવા બેઠો હોય છે.

હોરેસ ગ્રીલે

♦

જે પેઢીના વૃદ્ધો યુવાનોની વાત માને છે

એ પેઢીને ધન્ય છે. જે પેઢીના યુવાનો વૃદ્ધોની
શિખામણ કાને ધરે છે તે પેઢીને બમણો ધન્યવાદ ઘટે છે.

મધર ટૅરેસા



યુવાનોએ સાધુચરિત, આરૂઢ અભ્યાસી, આશાવંત,
દૃઢ નિશ્ચયી ને કાર્ય સંપન્ન બનવું જોઈએ.
એવા યુવાનો માટે સમગ્ર પૃથ્વી દ્રવ્યપૂર્ણ બની જાય છે.

જ્હૉન લૉક

રાજકારણ

રાજકારણમાં પડેલો માણસ જે પહેલી ભૂલ કરે છે
તે છે રાજકારણમાં પડવું.

બેન્જામિન ફ્રેન્કલિન



કોઈપણ માણસ રાજકારણમાં પડે છે
તે પોતાના દેશનું ભલું કરવા માટે નહીં, પોતાની જાતનું ભલું કરવા.

રાલ્ફ વાલ્ડો એમર્સન



રાજકારણમાં દરેક વસ્તુના બે ભાગ પડાય છે
અને બંને ભાગ બળિયાને મળે છે.

ઓગસ્ટ બેબેલ



રાજકારણ એક એવો ધંધો છે
જેમાં પડવા માટે લાયકાત કે અનુભવની જરૂર પડતી નથી.

રોબર્ટ લુઈ સ્ટીવન્સન



રાજકારણ એ એક પ્રકારનું જ્યોતિષશાસ્ત્ર છે.
પણ તેમાં માત્ર એક જ રાશિ જોવાય છે – ધન.

જોન લિયોનાર્ડ



રાજકારણ અને સિગારેટની લત લાગ્યા પછી છૂટવી અઘરી.

નોર્મન મેલર



ફાંસીગર અને રાજકારણી,
બંનેને પોતાનું કામ લોકો સૂતા હોય ત્યારે કરવું વધુ ફાવે છે.

રસેલ બેકર



માલિક બનવા માટે રાજકારણી
લોકોનો સેવક હોવાનો સ્વાંગ સજે છે.

ચાર્લ્સ દ ગોલ



જ્યાં નદી ન હોય ત્યાં પુલ બાંધવાનું
વચન આપે તે ખરો રાજકારણી.

નિકિતા ક્રુશ્ચેવ

લગ્ન

સુખી લગ્નજીવન માટેની બે જરૂરિયાતઃ
બહેરો પુરુષ, આંધળી સ્ત્રી.
એસ. ટી. કોલરિજ



સાચું કહું તો લગ્ન એ એક દૂષણ છે,
પણ એ એક અનિવાર્ય દૂષણ છે.
મિનેન્ડર



જીવતાં બળી મરવા કરતાં લગ્ન કરી લેવાં એ વધુ સારું.
જોકે સૌથી સારું તો એ કે ન લગ્ન કરવાં, ન જીવતાં બળી મરવું.
ટેરટુલિયન



પરિણીત જીવનમાં પતિએ બંને આંખ ખુલ્લી રાખવી
અને પત્નીએ એક આંખ ખુલ્લી રાખવી.
જૉન લીલી



જે પૈસા ખાતર પરણે છે તે પોતાની સ્વતંત્રતા વેચે છે.
જ્યોર્જ હર્બર્ટ



લગ્નઃ પહેલે વર્ષે આનંદ, બીજે વર્ષે સુખ, બાકીનાં વર્ષો સમાધાન.
જૉન રે



જે માણસ પરણે છે તે મૂરખ છે,
પણ જે નથી પરણતો તે તેના કરતાંય મોટો મૂરખ છે.
વિલિયમ વિચર્લે



જે સમાજમાં પ્રેમ વિનાનાં લગ્નો હોય,
તે સમાજમાં લગ્ન વિનાનો પ્રેમ પણ પાંગરવાનો જ.
બેન્જામિન ફ્રેન્કલિન

લોકશાહી

લોકશાહી એટલે લઘુમતીને બહુમતીની ગુલામ બનાવવાની પ્રક્રિયા.

નિકોલાઈ લેનિન



ભલભલા સરમુખત્યારો કરતાંય
ક્યારેક લોકશાહી વધુ ઘાતકી હોઈ શકે છે.

સેનેકા



સંપૂર્ણ લોકશાહી તો માત્ર દેવોના દેશમાં જ સંભવી શકે.

રૂસો



હું લોકશાહીમાં માનું છું,
કારણ દરેક માણસમાં રહેલી ઉત્તમ શક્તિઓને
બહાર આવવાની લોકશાહીમાં તક મળે છે.

વુડ્રો વિલ્સન



લોકશાહીમાં ભલે ગમે તેટલાં દૂષણો હોય,
એ દૂષણોને દૂર કરવાનો માત્ર
એક જ સાચો રસ્તો છે -- વધુ લોકશાહી.

આલ્ફ્રેડ સ્મિથ



લોકશાહી એટલે આંકડાઓનો દુરુપયોગ કરવાની કળા.

જ્યૉર્જ લૂઈ બોર્જિસ



લોકશાહી મતદાન પર આધારિત નથી હોતી,
મતગણતરી પર આધારિત હોય છે.

ટોમ સ્ટોપર્ડ



ચોકડી મારી મેં જેના નામ પર લોકશાહીમાં એ ચૂંટાઈ ગયો.

અજ્ઞાત



લોકશાહી એટલે સહિષ્ણુતા. તેમાં માત્ર આપણા મન સાથે સંમત થનારાઓને જ નહીં, પરંતુ સંમત નહીં થનારાઓને
પણ સહન કરવાના હોય છે.

જવાહરલાલ નેહરુ



લોકશાહી એ માત્ર સરકારનો પ્રકાર નથી,
પણ જીવનનો એક તરીકો છે.
વ્યક્તિનાં ગૌરવ અને સ્વતંત્રતા રક્ષવાની ક્રિયા છે.

ડૉ. રાધાકૃષ્ણન

લોભ

લોભ એ એક તળિયા વિનાની ખાઈ છે
કે જેમાં તૃપ્તિની શોધમાં માણસ અનંત અધોગતિ
કરતો ખતમ થઈ જાય છે, છતાં તે સંતોષ સુધી પહોંચતો જ નથી.

એરિક ફ્રોમ



લોભી માણસ રણપ્રદેશની વેરાન-રેતાળ જમીન જેવો છે.
જે વરસાદનું તથા ઝાકળનું બધું પાણી આતુરતાથી પી જાય છે,
પણ બીજાઓના ઉપયોગ માટે એક તણખલું કે ફૂલઝાડ
પેદા કરી શકે નહીં.

ઝેનો

વિચાર

વર્તુળની બહાર વિચારવાને બદલે વર્તુળની બહાર જ થઈ જાવ.

દીપક ચોપરા



તમારી ભીતરમાં રહેલા સમગ્ર નવા ખંડો
અને જંગલોમાં કોલંબસ તમે બનો.
નવા વેપારમાર્ગો નહીં વિચારમાર્ગો ખોલો.
દરેક મનુષ્ય એવા સામ્રાજ્યનો સ્વામી છે
જે સામ્રાજ્યની આગળ ઝારનું સામ્રાજ્ય તુચ્છ છે.

થોરો



મોટું વિચારો, જલ્દી વિચારો, આગળનું વિચારો,
વિચારો પર કોઈનો ઇજારો નથી.

ધીરુભાઈ અંબાણી



બધું આપી દઈશ તો ખાઈશ શું?
એ આસુરી વિચાર બધું ખાઈશ તો આપીશ શું? એ દૈવી વિચાર.

ગૌતમ બુદ્ધ



કુહાડીથી કાપેલાં વૃક્ષો તો ફરીથી ઊગે છે,
પરંતુ કડવી વાણીથી વીંધાયેલું મન ફરી પ્રસન્ન થતું નથી
માટે વિચારીને વાણી વાપરવી.

વિદુરનીતિ



માણસના મનમાં જેવા વિચારો હોય
તેવા તેની વાણીમાંથી બહાર નીકળી જાય છે.

રામકૃષ્ણ પરમહંસ



લોકો ભલે તમારા માટે ગમે તે વિચારે.
તમને જે સાચું લાગતું હોય તે જ કરો.
નિંદા કે સ્તુતિ બંને તરફ ઉદાસીન રહો.

પાયથાગોરસ



કંઈપણ સારું કે ખરાબ નથી હોતું,
બસ વિચાર એને એવું બનાવે છે.

વિલિયમ સેક્સપિયર



આપણે ઘણું વિચારીએ છીએ

પરંતુ ખૂબ ઓછું અનુભવીએ છીએ.

ચાર્લી ચેપ્લિન

♦

મેલા અને ઢંગધડા વગરના કપડાથી
જો આપણને શરમ આવતી હોય,
તો પછી મેલા અને ઢંગધડા વિચારોથી
પણ આપણે શરમાવું જોઈએ.

આલ્બર્ટ આઇન્સ્ટાઇન

♦

વિચારની કિંમતમાં પણ ફેરફાર થતો હોય છે.
જે વાતની ગઈકાલે આપણને માહિતી હોતી નથી
તે વાત આપણા આજના પ્રયાસનો વિષય હોય છે,
અને તે જ આવતીકાલે નવી વાતની શોધ કરવામાં
આપણને મદદગાર થઈ પડે છે.

મેકોલે

♦

વિચાર કર્યા વિના માની લીધેલાં સત્યો કરતાં
વિચાર કરીને કરેલી ભૂલો ઓછી હાનિકારક હોય છે.

અજ્ઞાત

♦

નિર્બળોને સતાવવા તત્પર થાઓ
ત્યારે આટલો વિચાર અવશ્ય કરજો.
કોઈક બળવાન પંજો તમારા ઉપર તૂટી પડે તો
તમારું હૃદય કેવું ધ્રૂજે!

વલ્લભભાઈ પટેલ

♦

સારો વિચાર કરવો એ ડહાપણભર્યું છે,
સારું આયોજન કરવું એ વધુ ડહાપણભર્યું છે,
પણ તેનો સારી રીતે અમલ કરવો એ સૌથી વધુ ડહાપણભર્યું છે.

ઈરાની કહેવત

♦

મનુષ્યની સર્વ મહત્તા તેના વિચારમાં રહેલી છે.
સારા વિચાર કરવા એ જ તેનું મોટું કર્તવ્ય છે.

પાસ્કલ

♦

તમારી સાથે એક જ ઘરમાં રહેનારો તમારો સાચો પાડોશી નથી, પરંતુ વિચારક્ષેત્રે તમારી સાથે હોય તે તમારો સાચો પાડોશી છે.

અજ્ઞાત

♦

હું તો અંધ છું, પણ આંખોથી જોનારને એક સૂચન કરું છું,

તમે આવતીકાલે જ અંધ થઈ જવાના હો
એવા વિચાર સાથે જ તમે તમારી આંખોનો સદુપયોગ કરો.
હેલન કેલર

♦

જે સમયે ક્રોધ ઊપજે તેમ હોય
તે વખતે તેનાં પરિણામોનો તમે વિચાર કરજો.
કન્ફ્યુશિયસ

♦

હું ક્યારેય ભવિષ્યનો વિચાર કરતો નથી,
કારણકે વિચારવામાં જ ભવિષ્ય વર્તમાન બની જાય છે!
આલ્બર્ટ આઇન્સ્ટાઇન

વિશ્વાસ

જો તમે સદંતર જૂઠું બોલો અને વારંવાર બોલો
તો લોકો તેના પર પણ વિશ્વાસ કરી લેશે.

એડોલ્ફ હિટલર



શંકા રાખી બરબાદ થઈ જવા કરતાં
વિશ્વાસ રાખીને લૂંટાઈ જવું વધુ સારું.

શરદબાબુ



આત્મવિશ્વાસથી મોટી કોઈ એવી શક્તિ નથી,
જે મનુષ્યની યોગ્યતાને દ્વિગુણિત કરી નાખે,
આત્મવિશ્વાસ દ્વારા એક જ યોગ્યતા રાખવાવાળી
વ્યક્તિ પણ કામમાં સફળ થઈ જાય છે,
જ્યારે દસ પ્રકારની યોગ્યતા રાખવાવાળી વ્યક્તિ
પણ આત્મવિશ્વાસના અભાવે નિષ્ફળ જાય છે.

સ્વેટ માર્ડન



જો તમારી પાસે થોડો પણ વિશ્વાસ હોય
તો તેનો લાભ મને પણ લેવા દો.
તમારા સંદેહ-શંકા તમારી પાસે જ રાખો
કારણકે મને પણ મારાં સંદેહ-શંકાઓ ઓછાં નથી.

ગેટે



પહેલાં આપણે વિશ્વાસ કરીએ કે ન્યાય જ શક્તિનો આભાસ છે. પછી આ વિશ્વાસના આધાર પર જ અંત સુધી આપણું કર્તવ્ય સમજીને ડગ ભરતા રહીએ.

અબ્રાહમ લિંકન



વિશ્વાસ માટે કોઈ સંગીન આધાર હોવો જોઈએ,
અન્યથા તે ફક્ત અંધ વિશ્વાસ હોય છે.

એ. એ. હૌજ



જે દરવાજેથી સંદેહ-શંકા અંદર આવે છે,
પ્રેમ-વિશ્વાસ તેમાંથી બહાર નીકળી જાય છે.

યંગ

વિજ્ઞાન

મારી લાંબી જિંદગી દરમિયાન હું એક વાત જાણી શક્યો છું: વાસ્તવિકતાની સરખામણીમાં આજ સુધીનું વિજ્ઞાન
એ બાળકની રમત જેવું છે અને છતાં માણસજાત
પાસેની એ સૌથી વધુ મૂલ્યવાન વસ્તુ છે.

આલ્બર્ટ આઇન્સ્ટાઇન



રાજકારણ અને સત્તાના દુરુપયોગના
ચેપથી વિજ્ઞાન ક્યારેય મુક્ત રહી શકતું નથી.

જેકબ બ્રોનોસ્કી



વિજ્ઞાનનું મૂળ કામ જ્ઞાનનું લોકશાહીકરણ કરવાનું છે.

નોર્મન બ્રાઉન



શું છે તે વિજ્ઞાન જાણી શકે છે,
શું હોવું જોઈએ તે વિજ્ઞાન કહી શકતું નથી.

એમિલ બ્રુનર



ઓગણીસમી સદી વિજ્ઞાનને દેવ માનતી હતી,
વીસમી સદી દાનવ. પણ હવે આપણે
એ સમજવું જોઈએ કે વિજ્ઞાન નથી દેવ કે નથી દાનવ.

એગ્નસ મેયર



જે વાત વિજ્ઞાન દ્વારા ન જાણી શકાય
તે જાણવાનો માણસજાત પાસે બીજો કોઈ રસ્તો નથી.

બર્ટ્રાન્ડ રસેલ



મોટામાં મોટો વૈજ્ઞાનિક જ્યારે એમ કહે કે આમ બનવું શક્ય છે,
ત્યારે તે મોટે ભાગે સાચો હોય છે. પણ જ્યારે તે એમ કહે કે
આમ બનવું અશક્ય છે, ત્યારે તે ઘણુંખરું ખોટો હોય છે.

આર્થર ક્લાર્ક

સજ્જન/સજ્જનતા

દસ વર્ષ સુધી વાંચેલાં સારાં સારાં પુસ્તકો કરતાં
પણ સજ્જનો સાથેનો એક પ્રત્યક્ષ વાર્તાલાપ અધિક છે.

લોંગ ફેલો



આ દુનિયા દુર્જનોની દુર્જનતાથી નથી પીડાતી,
તેટલી સજ્જનોની નિષ્ક્રિયતાને લીધે પીડાય છે.

રોમારોલા



આજથી ન બોલે તેને બોલાવજો, ન આવે તેના ઘેર જજો,
રિસાયા હોય તેને રીઝવજો. આ બધું તેમના ભલા સારું નહીં
તમારા ભલા સારું કરજો. જગત લેણદાર છે.
આપણે કરજદાર છીએ.

મહાત્મા ગાંધી



જે વ્યક્તિ ભલાઈથી પ્રેરાઈને ભલું કરે છે,
તે ન તો પ્રશંસાનો આકાંક્ષી હોય છે
કે ન તો પુરસ્કારનો. જો કે બંને સ્વત: જ
તેને અંતે પ્રાપ્ત થઈ જાય છે.

વિલિયમ પેન



આપણો ઉદ્દેશ જગતનું ભલું કરવાનો છે.
આપણા ગુણોની સુકીર્તિ ગાવાનો નહીં.

સ્વામી વિવેકાનંદ



જે મનુષ્ય જગતનું ભલું કરશે,
તેને એટલું જ ઈશ્વરની વ્યવસ્થાથી સુખ પ્રાપ્ત થશે.

સ્વામી દયાનંદ સરસ્વતી



મોટી વ્યક્તિને નાની કહેવાથી એની મોટાઈમાં ઘટાડો થતો નથી, કારણકે ગિરિધરને મુરલીધર કહેવાથી
શ્રીકૃષ્ણનો મહિમા નથી ઘટી જતો.

રહીમદાસ

સત્ય

સત્ય જાણનારાઓ કરતાં સત્યને ચાહનારાઓ સવાયા હોય છે.

કન્ફ્યુશિયસ

♦

પ્લેટો મને વહાલો છે, પણ સત્ય તેના કરતાંય વધુ વહાલું છે.

એરિસ્ટોટલ

♦

સત્યની ભાષા હંમેશાં સરળ હોય છે.

સેનેકા

♦

સત્ય શું છે? એમ પૂછનારાઓ
મોટે ભાગે જવાબ સાંભળવા રોકાતા નથી.

ફ્રાન્સિસ બેકન

♦

સત્ય એટલે પ્રભુની પુત્રી.

જોન રે

♦

સાચું ન લાગે તેવું સત્ય બોલતાં પહેલાં સો વાર વિચાર કરવો.

થૉમસ ફુલર

♦

સત્ય મારે પક્ષે છે એમ કહેનારા ઘણા હોય છે,
હું સત્યને પક્ષે છું એમ કહી શકનારા ઘણા થોડા.

રિચર્ડ વોટલે

♦

સત્ય અને ગુલાબ, બંને કાંટાઓથી વીંટળાયેલાં હોય છે.

એચ. જી. બૉન

♦

સત્ય જેમ વધુ સરળ, તેમ તે સ્વીકારવું વધુ અઘરું.

જોન રસ્કિન

♦

દુનિયાને મૂરખ બનાવવી હોય તો સાચું બોલો.

બિસ્માર્ક

♦

સત્ય હજુ જૂતાં પહેરતું હોય ત્યાં તો અસત્ય દુનિયાભરનું ચક્કર લગાવી લે છે, પણ સત્ય એ સત્ય છે અને અસત્ય એ અસત્ય છે.

અર્જુન દેવ

♦

જો તમે સાચા હો તો તમારા ગુસ્સાને અવશ્ય કાબૂમાં રાખી શકો. જો તમે સાચા ન હોતો ગુસ્સે થવાનો તમને અધિકાર નથી.

મહાત્મા ગાંધી

♦

મળે જો માર્ગમાં સત્ય બોલી વાત કરવી છે,
હૃદય નાચી ઊઠે એવી અણમોલ વાત કરવી છે,
અમારી વાત પર છોને 'મુખી' વિશ્વાસ ના ધરતા
અમારે તો હૃદયના દ્વાર ખોલી વાત કરવી છે.

ગિરધરલાલ મુખી

♦

જે માણસ જૂઠું બોલતા ડરે છે,
તે પછી બીજા કશાથી ડરતો નથી.

ફ્રાઉડ

♦

સત્યની ઇમારતને માત્ર એક જ બારણું છે, અને તે અનુભવ!

ટેલર

♦

હીરા જેમ ધરતીના પેટાળના અંધકારમાંથી જ મળી આવે છે,
તેમ સત્ય ઊંડા ચિંતનથી આત્માના ઊંડાણમાંથી મળી શકે છે.

રોબર્ટ મેકિયાવેલી

♦

ગૃહસ્થજીવનમાં, વ્યાપારમાં ને રાજકારણમાં અસત્યને
અતિશયોક્તિએ પારાવાર નુકસાન કર્યું છે.
સત્યની સાધના બહોળા સ્વરૂપે આરંભાયા વિના
આજના નરકાગારનો આરો નહીં જ આવે.

સેમ્યુઅલ સ્માઇલ્સ

♦

સત્ય સર્વનું છે. તેના ઉપર કોઈ વ્યક્તિ, કુટુંબ, સમાજ કે રાષ્ટ્રની મુદ્રા ન હોઈ શકે. હા આપણા સઘળા પર સત્યની મુદ્રા હોય
તે અધિક યોગ્ય છે. વિશ્વ વંદ્ય મહાપુરુષો સર્વપ્રથમ સત્યનો સાક્ષાત્કાર કરે છે, પછી તે જ સત્ય તેમને માર્ગદર્શન આપે છે. સત્ય જ તેમનો સંપ્રદાય, સત્ય જ તેમનો
ઈશ્વર અને સત્ય જ તેમનો ગુરુ છે.

સ્વામી કૃપાલાનંદજી

♦

અગર ભૂલોને રોકવા માટે દરવાજા બંધ કરી દેશો
તો સત્ય પણ બહાર રહી જશે.

રવીન્દ્રનાથ ટાગોર

♦

સાગરમાં તરસ્યા મરવું ખતરનાક છે.
તમે તમારા સત્યને એટલું ખારું બનાવો છો
કે એ તમારી તરસ પણ ન છિપાવી શકે?

ફ્રેડરિક નિત્શે

♦

સત્ય અને અસત્યની ટક્કર પથ્થર અને માટીના ઘડાની
અથડામણ જેવી છે. પથ્થર પર માટીનો ઘડો પડે
તો તે ફૂટી જાય છે અને પથ્થર ઘડા ઉપર પડે
તો પણ ઘડો જ ફૂટે છે!

હિતોપદેશ



સત્ય માટે બધું જ છોડી શકાય છે,
પણ સત્યને કોઈપણ ચીજ માટે છોડી શકાય નહીં,
તેનું બલિદાન આપી શકાય નહીં.

સ્વામી વિવેકાનંદ



અસત્યને સત્ય તરીકે જાણી લેવું એ સત્યનો આરંભ છે.
આપણી વાણીમાં, આપણા સંબંધોમાં, આપણી શૂદ્ર આકાંક્ષાઓમાં, આપણા શૂદ્ર વર્ગમાં, આપણી નિર્દયતામાં
રહેલું અસત્ય સમજવું
એ સત્યપ્રાપ્તિની શરૂઆત છે.

જે. કૃષ્ણમૂર્તિ

સફળતા

જેઓએ જીવનમાં સફળતા પ્રાપ્ત કરી છે,
તેઓ બધા પુરુષાર્થવાદીઓ હતા.
તેમણે ક્યારેય એમ નહોતું કહ્યું કે નસીબમાં હશે તેમ થશે.

રાલ્ફ વાલ્ડો એમર્સન



આપણામાંની દરેક વ્યક્તિમાં સારા અને નરસા
બંને ગુણો પડેલા હોય છે. જે સારા ગુણો પર ધ્યાન કેન્દ્રિત
કરવાનો નિર્ણય કરે છે તે સફળ થાય છે.

નરેન્દ્ર મોદી



દરેક નાનો મોટો પરાજય એ વિજય
પ્રત્યે પહોંચનાર પગથિયું છે, એવું ખાતરીથી માનનારો
આખરે વિજય મેળવ્યા વગર રહેતો નથી.

અજ્ઞાત



જે લોકો કપાળે હાથ દઈને તકની રાહ જોતા બેસી રહે છે,
એના નસીબમાં આખરે તો કપાળ કૂટવાનું જ આવે છે.

વજુ કોટક



વ્યક્તિ તેમજ પ્રજાની પ્રગતિ મુશ્કેલીઓ દ્વારા જ થાય છે. મુશ્કેલીઓએ જ આધુનિક સમયની ઘણી યાંત્રિક શોધો
તથા સુધારાઓને જન્મ આપ્યો છે.

સ્માઇલ્સ



મારી સફળતાનું રહસ્ય એ હતું કે
હું મારા કામ કરવાના ખંડમાં કદી ઘડિયાળ રાખતો ન હતો.

થૉમસ આલ્વા એડિસન



લહરો સે ડરકર નૌકા પાર નહીં હોતી
કોશિશ કરનેવાલોંકી કભી હાર નહીં હોતી

હરિવંશરાય બચ્ચન



આપણે જે ગમે તે કરવા કરતાં જે કરીએ
તે ગમાડવું તે વધુ મોટી સિદ્ધિ છે.

બ્લેક



સફળ વ્યક્તિ એ છે કે જે તેના પર બીજા દ્વારા ફેંકવામાં

આવેલી ઈંટોનો ઉપયોગ કરીને પોતાનો પાયો મજબૂત કરે છે.

ડેવિડ બ્રિંકલે

♦

વિજેતાઓ કંઈ જુદું કામ નથી કરતા, એ કામને જુદી રીતે કરે છે.

શિવ ખેરા

♦

હું નિષ્ફળતાને ધિક્કારતો નથી, પણ પ્રયત્નો ન કરનાર
માણસને કદીએ સ્વીકારતો નથી.

સેમ્યુઅલ જોન્સન

♦

તમે ગરીબ તરીકે જન્મો છો એ તમારી ભૂલ નથી,
પણ તમે ગરીબ તરીકે મૃત્યુ પામો તો એ જરૂર તમારી ભૂલ છે.

બિલ ગેટ્સ

♦

તમારા મિશનમાં સફળ થવા માટે એકાગ્ર ચિત્તે
તમારી જાતને ધ્યેય માટે સમર્પિત કરો.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

♦

હો ગઈ હૈં પીર પરબતસી પિઘલની ચાહિએ,
ઇસ હિમાલયસે કોઈ ગંગા નીકલની ચાહિએ,
મેરે સિને મેં નહીં તો તેરે સીને મેં સહી,
હો કહીં ભી આગ, લેકિન આગ લગની ચાહિયે,
સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહીં,
મેરી કોશિશ હૈ કિ યે સૂરત બદલની ચાહિયે.

દુષ્યન્તકુમાર

♦

હિમવાન ગૌરીશંકર જેવા વ્યોમચુંબી શિખરની
શીતળતા ભવ્ય હોય છે. જાણે અજાણે આપણે
તેને વખાણીએ છીએ પણ ઘરના છાપરા પર તો
નળિયા હોય તો જ ફાવે હિમાલય નહીં.

મુનશી પ્રેમચંદ

♦

જીવનસંગ્રામમાં સફળતા હાંસલ કરવા માટેનાં
બે સબળ શસ્ત્રોનાં નામ છેઃ 'ઉત્સાહ' અને 'એકાગ્રતા'.

અજ્ઞાત

♦

જે શોધવાને ઇચ્છે છે તે જ આગળ વધે છે,
પણ પોતાને પૂર્ણ માનનારો નિષ્ફળ જાય છે.

અજ્ઞાત

♦

સફળતા માટે તાલીમથી પણ વધુ જરૂર છે તેજસ્વી આત્માની,
જે અડગ, અણનમ આત્મા ધરાવે છે
તેને ધારી સફળતા મળે જ છે.

અજ્ઞાત



સફળતાની કોઈપણ ચાવી તમે પોતે એ કાર્ય ન કરો
ત્યાં સુધી હાથ આવતી નથી.

લોકમાન્ય ટિળક



સફળતા એ એવી સીડી છે,
જેના સોપાન ખિસ્સામાં હાથ નાખીને ચડી શકાય નહીં.

કાર્લાઇલ



સફળતાની ચાવી પરિશ્રમ છે, પણ કેટલાક લોકો
તે ચાવી વાપરવાને બદલે તાળું તોડી નાખે છે.

વિલ્યમ ફોકનર

સમય

"એ સમયની વાત છે જ્યારે સમય બદલાય છે
શબ્દ એના એ જ, એના અર્થ જુદા હોય છે."

શયદા

♦

જે માણસે પોતાના સમયને કેમ વાપરવો
એની સમસ્યા ઉકેલી દીધી છે,
એણે પોતાનો વિકાસ પણ નક્કી કરી લીધો છે.

વૉલ્ટર એચ. કોન્ટીંગહામ

♦

કાળની સાથે સમાંતર ચાલશે. માનવી એવો નિરંતર ચાલશે.

સૌમ્ય જોશી

♦

એ સમયના સૂર્યને હું માનસહ જોતો રહ્યો,
મારી છાયા જે ઘડી મારા બરાબરની હતી.

ગની દહીંવાલા

♦

સમય અમૂલ્ય છે. સમસ્ત જગતની મિલકતથી પણ તે ખરીદી શકાતો નથી. મનુષ્યે હમેશાં એ માનીને ચાલવું જોઈએ કે વીતી ગયેલી જવાની અને વીતેલો સમય ક્યારેય પાછો આવતો નથી.

અજ્ઞાત

♦

આળસુને આળસ માટે સમય મળતો નથી,
પરિશ્રમ નહીં કરનારને વિશ્રામ માટે.
આપણે કાંઈક કરતા રહેવું જોઈએ, નહીં તો દુઃખી થઈએ.

જિમર મૈન

♦

સમય જીવન છે. સમયના બગાડને હું આત્મહત્યા કહું છું.

જી. ક્ષિચેનલીન

♦

આપણે ધ્યાન રાખવું જોઈએ કે
આપણે કેવી રીતે સમય વિતાવીએ છીએ,
કારણકે આપણા ભાગ્યના નિર્માણમાં
સમય આપણને સહાય કરે છે.

રોબર્ટ હીપ

♦

તમને તમારા પોતાના જીવન પ્રત્યે પ્રેમ છે?
તો સમય વ્યર્થ ન ગુમાવો; કારણકે જીવન સમયનું બનેલું છે.

બેન્જામિન ફ્રેન્કલિન

♦

જીવનની એક ક્ષણ કરોડો મહોર આપવા છતાં પ્રાપ્ત થતી નથી.
જો તે ગુમાવવામાં આવે તો એથી અધિક હાનિ થાય છે.

ચાણક્ય

સરકાર

પ્રજાની બધી જ મુશ્કેલીઓ માટેનો
ઉકેલ સરકાર પાસે હોય છે, પણ અધૂરો.

એડમ સ્મિથ

♦

જ્યાં સુધી ફિલસૂફો સરકાર ચલાવતા ન થાય
અથવા સરકાર ચલાવનારા ફિલસૂફો ન થાય
ત્યાં સુધી માણસોનાં દુઃખનો અંત આવવાનો નથી.

પ્લેટો

♦

જે દેશમાં માણસો સારા હોય
તે દેશની સરકાર ખરાબ ન હોઈ શકે.

વિલિયમ પૅન

♦

ગમે તેવી સારી સરકાર પણ માણસનાં દુઃખ દૂર કરી શકે છે,
પણ તેને સુખી બનાવી શકતી નથી.

સેમ્યુઅલ જોન્સન

♦

એક માણસની સંમતિ વગર તેના પર શાસન કરવાનો હક્ક
બીજા કોઈ માણસને ક્યારેય હોઈ ન શકે.

અબ્રાહમ લિંકન

♦

સરકાર એટલે થોડા માણસોનું એક ટોળું –
જે બાકીના માણસો પર મન માની રીતે હિંસા આચરી શકે છે.

લિયો ટૉલ્સ્ટૉય

♦

સરકાર એટલે આપણે, આપણે જ સરકાર,
આપણે એટલે તમે અને હું.

થિયોડોર રુઝવેલ્ટ

♦

કોઈપણ સરકાર વિરોધ પક્ષ વગર વધુ દિવસ ટકી શકે નહીં.

આઇઝેક ડિઝરાયલી

♦

સુશાસનમાં પ્રજાએ બીજી કોઈ સ્વતંત્રતાની
ઇચ્છા કરવી જોઈએ નહીં, કારણ કે સુશાસનથી
મોટી બીજી સ્વતંત્રતા ન હોઈ શકે.

સર ડબ્લ્યૂ રૈલે

♦

સૌથી સારી સરકાર એ છે જે ઓછામાં ઓછું શાસન કરે છે.

થોરો



સૌથી સારી સરકાર એ છે
જે પોતાના પર શાસન કરવાનું શિક્ષણ આપે છે.
ગેટે

સલાહ

ઘણુંખરું સાચી સલાહ ત્યારે જ મળતી હોય છે,
જ્યારે સલાહ માટે ઘણું મોડું થઈ ગયું હોય છે.

જ્હોન રે

♦

સાજો માણસ હંમેશાં માંદા માણસને સલાહ આપે છે, વણમાગી.

ટેરેન્સ

♦

તમને સૌથી સાચી સલાહ માત્ર
એક જ વ્યક્તિ આપી શકે – તમે પોતે.

સિઝેરો

♦

તમે કોઈને સલાહ ભલે આપો,
પણ બને એટલા ઓછા શબ્દોમાં આપો.

હોરેસ

♦

તમે કોઈને સલાહ આપી શકો,
પણ એ પ્રમાણે વર્તવાનું ડહાપણ ન આપી શકો.

થોમસ ફુલર

♦

સલામત સ્થળે ઊભા રહીને ડૂબતાને
સલાહ આપવાનું સહેલું હોય છે.

જે.સી.એફ. શીલર

♦

મેં અનેકના ઉપદેશ લીધા છે, અનેકની સલાહ સાંભળી છે,
પણ મારા આ પ્રભાવશાળી સફેદ વાળે જેટલો ઉપદેશ
કોઈનો સાંભળ્યો નથી કે અંતરાત્માના અવાજ જેટલી
અસરકારક સલાહ કોઈની સાંભળી નથી.

અરબી કહેવત

♦

બીજાને સલાહ આપીએ તેને પ્રથમ આપણે જ અનુસરીએ,
એ જીવનયાત્રાના સાફલ્યનો અમોઘ માર્ગ છે.

અજ્ઞાત

♦

સલાહ તો અનેક લે છે, પરંતુ તેમાંથી લાભ લેવાનું
બુદ્ધિશાળીઓને જ આવડે છે.

સાઈરસ

♦

ટોળાને કદી સલાહ ન આપો.

અરબી કહેવત



ન તો કોઈને યુદ્ધમાં જવાની સલાહ આપો કે ન તો લગ્નની.

સ્પેનિશ કહેવત

સુખ

જો લોકોને ખરેખર સુખી કરવા હોય તો
સૌથી પહેલી જરૂર છે ધર્મને દેશવટો દેવાની.

કાર્લ માર્ક્સ



પરમ સુખ જેવું કશું શક્ય જ નથી.
સુખનો આધાર બીજા માણસ સાથેની
સરખામણી પર જ રહેલો છે.

થૉમસ શાડવેલ



સુખી થવા માટે ઘણાં દુઃખો વેઠવાં પડે છે.

મેરી મોન્ટેગ્યુ



સારું કે ખરાબ, દુનિયા જેને વિશે સૌથી
ઓછું બોલે તે માણસ ખરો સુખી.

થૉમસ જેફરસન



જે સુખ લાંબો વખત ટકે તે પછી સુખ રહેતું નથી.

જી. સી. લિકેનબર્ગ



સુખી કોણ? જે માણસ પોતાને સુખી માને તે.

સી. સી. કોલ્ટન



આ દુનિયામાં સુખની પાછળ પડવાથી સુખ મળતું નથી.
સુખ હંમેશાં આકસ્મિક રીતે મળી જાય છે.

નેથેનિયલ હાવરટોન



આપણે જો ફક્ત સુખી જ થવું હોય તો
એ સહેલાઈથી સિદ્ધ થઈ શકત, પરંતુ આપણે તો બીજાઓના
કરતાં વધારે સુખી થવું છે અને એ હંમેશાં મુશ્કેલ નીવડે છે.
કારણકે બીજાઓ હોય છે તેના કરતાં વધારે
સુખી આપણે તેમને કલ્પેલા હોય છે.

મોન્તેસ્ક



સુખી થવાની ચાવી આ છે:
પાપ થાય તેવું કમાવું નહીં, માંદા પડીએ તેવું ખાવું નહીં,
દેવું થાય તેવું ખર્ચવું નહીં અને લડાઈ થાય તેવું બોલવું નહીં.

સુદર્શન



સુખ અને આનંદ એવાં અત્તર છે કે જેટલા પ્રમાણમાં
બીજા ઉપર છાંટશો તેટલા પ્રમાણમાં તમારી ઉપર સુગંધ આવશે.

રાલ્ફ વાલ્ડો એમર્સન

♦

સુખનું એક દ્વાર બંધ થઈ જાય તો બીજું દ્વાર પણ
ક્યારેક ઊઘડી આવે છે, પણ આપણે બંધ દ્વાર ભણી જોવામાં જેટલો સમય વ્યતિત કરીએ છીએ કે નવાં ઊઘડેલાં
દ્વારો તરફ આપણું ધ્યાન જતું જ નથી.

હેલન કેલર

♦

જ્યારે પરિસ્થિતિ મનુષ્યના સ્વભાવને અનુકૂળ હોય છે
ત્યારે મનુષ્ય સુખી હોય છે, પણ જે માણસ પોતાનો સ્વભાવ પરિસ્થિતિને અનુકૂળ બનાવી શકે તે સૌથી વધુ સુખી છે.

હ્યુમ

♦

જેની સિદ્ધિનો આધાર બીજા ઉપર છે તેવું કર્મ કદી ન આરંભો, પણ જેની સિદ્ધિનો આધાર પોતાની જાત ઉપર જ છે,
તે કર્મ અવશ્ય આરંભો. પરાવલંબનનું જે કંઈ છે
તે જ દુઃખ અને સ્વાવલંબનવાળું જે કંઈ છે તે જ સુખ.
સુખ અને દુઃખની આ ટૂંકી વ્યાખ્યા છે.

આચાર્ય મનુ

♦

તમે એકલા હો તે વખતે પણ સુખી થતા શીખો.
આપણી સોબતની ખુશી આપણે પોતે જ ન અનુભવી શકીએ
તો તેને બીજાને માથે શા માટે મારવી જોઈએ ?

કેમ્પ

સૌંદર્ય

સૌંદર્ય એ જ સત્ય, સત્ય એ જ સૌંદર્ય.

જોન કીટ્સ

♦

જે સુંદર છે તે સાચું છે, જે સાચું છે તે સુંદર.

સાફો

♦

સૌંદર્ય અને ડહાપણ એક સાથે ભાગ્યે જ જોવા મળે છે.

પેટ્રોનિયસ આર્બિટર

♦

જીવનમાં સૌંદર્યનો ક્ષય થાય છે, પણ કલામાં નહીં.

લિયોનાર્દો દ વિન્ચી

♦

સૌંદર્ય વસ્તુ કે વ્યક્તિમાં નહીં,
તેને જોનારની આંખોમાં રહેલું હોય છે.

માર્ગરેટ હંગરફોર્ડ

♦

સૌંદર્યની જાળવણી માટે મનની પ્રફુલ્લતા
જેવું બીજું કોઈ ઓસડ નથી.

કાઉન્ટેસ ઑફ બ્લેસિંગ્ટન

♦

સૌંદર્ય એ શક્તિ છે અને સ્મિત એ તેની તલવાર.

ચાર્લ્સ રીડ

♦

પ્રકૃતિમાં કશું સુંદર કે કુરૂપ નથી હોતું,
કશું વ્યવસ્થિત કે અવ્યવસ્થિત નથી હોતું.
વસ્તુને સુંદર કે કુરૂપ, વ્યવસ્થિત કે અવ્યવસ્થિત બનાવે છે
તે તો હોય છે આપણી કલ્પના.

બેનેડિક્ટ સ્પિનોઝા

♦

દરેક સર્જનને પોતાનું સૌંદર્ય હોય છે
પણ દરેક આંખો એ જોઈ શકતી નથી.

કન્ફ્યુશિયસ

♦

ધનપ્રાપ્તિ એ જ સહુથી મોટી વાત નથી.
પોતાની શક્તિનો વિકાસ કરવો,
પોતાની પ્રકૃતિના ગુપ્ત સૌંદર્યને ઓળખવું અને બહાર લાવવું,
પોતાને આકર્ષક તથા બીજાઓ માટે ઉપયોગી બનાવવા
એ જ મહત્ત્વની વાત છે.

સ્વેટ માર્ડન



સુંદરતાની શોધમાં ભલે આપણે આખી દુનિયાનું ચક્કર લગાવીએ પરંતુ એ આપણા પોતાનામાં નહીં હોય તો ક્યાંય નહીં મળે.

રાલ્ફ વાલ્ડો એમર્સન



સૌંદર્ય ગજબનાક વસ્તુ છે. અહીં સઘળી સરહદો મળે છે
અને સઘળા વિરોધાભાસો અડખેપડખે વસે છે.

દોસ્તોવસ્કી



સૌંદર્ય તો સર્વત્ર બિરાજમાન છે.
અતઃ પ્રત્યેક વસ્તુ આપણને પ્રસન્નતા પ્રદાન કરે છે.

રવીન્દ્રનાથ ટાગોર



જે કાંઈ આકર્ષક અને સુંદર છે, તે સદૈવ શ્રેષ્ઠ હોતું નથી,
પરંતુ જે કોઈ શ્રેષ્ઠ છે, તે સદૈવ સુંદર રહેશે.

નિનન

સ્વતંત્રતા

જે લોકો બીજાને સ્વતંત્રતા આપવાની આનાકાની કરે છે
તે લોકો વહેલામોડા પોતાની સ્વતંત્રતા પણ ગુમાવે છે.

અબ્રાહમ લિંકન



થોડાક સારા માણસો સ્વતંત્રતાના ચાહકો હોય છે,
બાકીના બધા સ્વચ્છંદતાના.

જોન મિલ્ટન



માણસ જન્મે છે ત્યારે સ્વતંત્ર હોય છે,
પણ પછી આખી જિંદગી તે બંધનોમાં ગાળે છે.

રૂસો



સ્વતંત્રતા એ એક એવી શક્તિ છે,
જે માણસમાં રહેલી બીજી બધી શક્તિઓને ખીલવાની તક આપે છે.

ઇમેન્યુઅલ કાન્ટ



એક દિવસમાં સ્વતંત્રતા મેળવી નથી શકાતી
તેમ એક દિવસમાં તે ખોઈ પણ નથી શકાતી.

જયાં પૉલ રિચ્ટર



સ્વતંત્રતા કોઈને આપી શકાતી નથી.
દરેક માણસે તે મેળવવી પડતી હોય છે.

મેક્સ સ્ટર્નર



જ્યારે સરકાર લોકોની સારસંભાળ રાખે
ત્યારે સાચી સ્વતંત્રતા નથી મળતી.
જ્યારે લોકો સરકારની સારસંભાળ રાખે
ત્યારે સાચી સ્વતંત્રતા મળે છે.

વુડ્રો વિલ્સન



સ્વાધીનતા અને દાસતા મનની માન્યતા છે.
જેનું મન સ્વાધીન છે તે વિષ્ઠા–નરકનો
ટોપલો ઉપાડતો હોવા છતાં પણ રાજા છે.

મહાત્મા ગાંધી



અડધી રાત્રે આપણે આઝાદી મેળવી હતી,
પરંતુ એનું સવાર હજુ નથી થયું.

રંગનાથન

♦

જેઓ આઝાદીના આરામને વધુ પસંદ કરે છે,
સ્વતંત્રતાના સુખનું મૂલ્ય અધિક માને છે,
તેઓ ન તો આરામ મેળવે છે
અને ન તો સ્વતંત્ર રહી શકે છે.

દાદા ધર્માધિકારી

♦

જે અન્યને સ્વતંત્રતાથી વંચિત રાખવાનો પ્રયત્ન કરે છે
તેને પોતાને સ્વતંત્ર રહેવાનો અધિકાર નથી,
અને ઈશ્વરની દૃષ્ટિએ તે અધિક દિવસ સુધી
પોતાની સ્વતંત્રતા કાયમ રાખી શકતો નથી.

અબ્રાહમ લિંકન

♦

સ્વતંત્રતા વિકાસનું પ્રથમ સોપાન છે.

સ્વામી વિવેકાનંદ

♦

વિચારોની સ્વતંત્રતા, ધાર્મિક સ્વતંત્રતા, અણગમા
અને ભયથી સ્વતંત્રતા આ ચારે પ્રત્યેક વ્યક્તિને મળવા જોઈએ.

રૂઝવેલ્ટ

♦

જે વ્યક્તિ ઇન્દ્રિયજિત નથી તે ક્યારેય સ્વતંત્ર નથી.

ઇપિક્ટેટસ

શબ્દ

શબ્દો અને પાણી, ક્યારે કઈ તરફ વહે તે કહેવાય નહીં.
બર્નાર્ડ માલમૂદ



એક જ શબ્દ માણસને ડાહ્યો ઠરાવવા માટે પૂરતો છે.
એક જ શબ્દ માણસને મૂરખ ઠરાવવા માટે બસ છે.
કન્ફ્યુશિયસ



શ્વેત અને શ્યામ વચ્ચે જેવો સંબંધ છે,
અગ્નિ અને પાણી વચ્ચે જેવો સંબંધ છે
તેવો જ સંબંધ છે માણસનાં વિચાર અને વાણી વચ્ચે.
જ્હોન લીલી



શબ્દનો ઘા તલવારના ઘા કરતાં વધુ ઊંડો હોય છે.
રોબર્ટ બર્ટન



દુનિયામાં મોટા ભાગના ઝઘડાનું મૂળ – શબ્દો.
લૉર્ડ મેન્સફિલ્ડ



નવો સંબંધ, નવો શબ્દ; નવો શબ્દ, નવો સંબંધ.
રાલ્ફ વાલ્ડો એમર્સન



શબ્દ એટલે મૌન પર પડેલો બિનજરૂરી ડાઘ.
સેમ્યુઅલ બૅકેટ



જો આપણી પાસે શબ્દો ન હોત તો
આપણે એકબીજાને વધુ સારી રીતે સમજી શકતા હોત.
માઇનોર વ્હાઇટ

શાંતિ

શાંતિનો અર્થ સૂઈ જવું નહીં, કર્તવ્ય, કર્મ છોડી દેવા નહીં
બલકે વિચારો રહિત થઈને પૂર્ણ ચેતનામાં આવવું છે.
સાચી વાત સમજવા માટે કોઈ પણ પક્ષમાં ન રહેવું
તો પણ તેને સમજવા પ્રયત્ન કરો.

પંડિત મિશ્રિલાલ



બીજાના દોષોને જ ધ્યાનમાં રાખશો
તો તમારા મનની શાંતિ તમે ચોક્કસ ગુમાવશો.

સ્વામી શિવાનંદ



બીજાનો ભરોસો કરવો તદ્દન વ્યર્થ છે.
કોઈ નેતા આપણને શાંતિ લાવી નહીં આપે.
કોઈ સરકાર નહીં, કોઈ સેના નહીં અને કોઈ દેશ નહીં,
શાંતિ અંતરના પરિવર્તનથી આવશે,
જે બાહ્ય આચરણથી પ્રગટ થશે.
અંતરનું પરિવર્તન એકાંતવાસથી નથી,
તે બાહ્ય કર્મની નિવૃત્તિ નથી.

જે. કૃષ્ણમૂર્તિ



જો તમારું હૃદય પવિત્ર છે તો તમારું આચરણ પણ સુંદર થશે.
જો તમારું આચરણ સુંદર છે તો તમારા પરિવારમાં શાંતિ રહેશે.
જો તમારા પરિવારમાં શાંતિ રહેશે, તો રાષ્ટ્રમાં સુવ્યવસ્થા થશે.
જો રાષ્ટ્રમાં સુવ્યવસ્થા હશે તો સંપૂર્ણ વિશ્વમાં
શાંતિ-સુખનું સામ્રાજ્ય હશે.

ચીની કહેવત



શાંતિ માનવીની સુખી અને પ્રાકૃતિક અવસ્થા છે.
યુદ્ધ તેની ભ્રષ્ટ અને કલંકિત અવસ્થા.

થૉમસન



ધીરજ-સહનશક્તિના વૃક્ષ પર શાંતિના ફળ બેસે છે.

અરબી કહેવત

શિક્ષણ

જે કાંઈ શીખ્યા તે બધું ભુલાઈ ગયા
પછી જે બચે તે જ સાચું શિક્ષણ.

બી. એફ. સ્કિનર

♦

જ્યાં શિક્ષણના પ્રદેશનો અંત આવે છે
ત્યાંથી પ્રતિભાના પ્રદેશનો આરંભ થાય છે.

આઇઝેક ડિઝરાયલી

♦

સ્કૂલ અને કૉલેજમાં જે શીખવાય છે તે સાચું શિક્ષણ નહીં,
પણ સાચું શિક્ષણ કેમ મેળવવું તે શીખવાય છે.

રાલ્ફ વાલ્ડો એમર્સન

♦

લોકશાહીમાં સૌથી વધુ મહત્ત્વનું છે સ્વાતંય,
પછી ન્યાય અને પછી શિક્ષણ. પણ શિક્ષણ વગર
પહેલાં બે લાંબો વખત ટકી શકતાં નથી.

જેમ્સ ગાર્ફિલ્ડ

♦

આ દુનિયા એ વાત ક્યારે જાણશે કે જે જાણીતું છે
તેને જ જાણવું એનું જ નામ છે શિક્ષણ.

જ્યોર્જ મૂર

♦

શિક્ષણનો હેતુ શો છે? માણસને મશીન બનાવવો.

ફ્રેડરિક નિત્શે

♦

જે શીખવા જેવું છે એ ક્યારેય શીખવી શકાતું નથી.

ઓસ્કર વાઇલ્ડ

♦

શિક્ષણ વડે તમે એક ડાહ્યા માણસને
ભલે દસ ગણો ડાહ્યો ન બનાવી શકો,
એક મૂરખ માણસને દસ ગણો મૂરખ તો બનાવી જ શકો છો.

ડેસમન્ડ બૅગલે

♦

જે મનુષ્ય પોતાના કર્તવ્યોનું સુંદર રીતે
પાલન કરવાનું શિક્ષણ પામ્યો છે,
તે મનુષ્ય સાથે સંબંધ રાખનારા સમગ્ર કાર્યો સારી રીતે કરશે.

રૂસો

♦

દેડકો શક્ય છે બળદના કરતાં વધુ ઘોંઘાટ કરે,

પરંતુ ન તો તે ખેતરમાં હળ ખેંચી શકે છે
કે ન તો રેંટનું ચક્ર ફેરવી શકે છે.
કે ન તો તેના ચામડાનાં પગરખાં થઈ શકે છે.
ખલીલ જિબ્રાન

♦

શિક્ષણનો પ્રારંભ માતાનાં ચરણોથી જ થાય છે.
શિશુઓને કહેલી બચપણની વાતોનો
પ્રત્યેક શબ્દ તેના ચારિત્ર્યનું નિર્માણ કરે છે.
બૈલ

♦

જો મનુષ્ય પોતાના ધનનો પોતાના મગજમાં સંગ્રહ
કરે તો તેની પાસેથી કોઈ છીનવી શકે નહીં.
બેન્જામિન ફ્રેન્કલિન

♦

શિક્ષણ એક પ્રશંસનીય વસ્તુ છે,
પરંતુ સમયે-સમયે આનું પણ અનુકરણ કરવું જોઈએ
કે જે જાણવા યોગ્ય વસ્તુઓ છે, તે કદી દેખાડી શકાતી નથી.
ઑસ્કર વાઇલ્ડ

♦

બુદ્ધિથી વિકાસ થાય છે.
બુદ્ધિ વિકાસયુક્ત મનને નિયંત્રણમાં રાખે છે.
એ તેને ભટકવા દેતી નથી.
બુદ્ધિનો વિકાસ જ મનુષ્યના શિક્ષણનો ઉદ્દેશ્ય છે.
જ્યાં શિક્ષણ આપવામાં આવતું નથી કે મિથ્યા દેવામાં આવે છે
ત્યાં મનનો વિકાસ અનિયંત્રિત થઈ અનીતિને માર્ગે ચાલે છે.
ગુરુ દત્ત

શીખવું

જીવનમાં ઘણા સાદા નિયમો સ્કૂલમાંથી નહીં
પણ ડાહ્યા માણસો પાસેથી શીખવાના હોય છે.

કાન્તિ ભટ્ટ



હું એટલું જ જાણું છું કે હું કશું જ જાણતો નથી.

સોક્રેટીસ



જ્યારે લોકો મારા ચિત્રોને સમજવાનો પ્રયત્ન કરે છે,
ત્યારે મને દુઃખ અને આશ્ચર્ય થાય છે.
એ લોકો ચકલીઓનાં ગીતોને સમજવાનો
પ્રયત્ન કેમ નહીં કરતા હોય?

પાબ્લો પિકાસો

શ્રદ્ધા

તમે જે જોઈ શકતા નથી તેમાં માનવું તેનું નામ શ્રદ્ધા.

સેન્ટ ઑગસ્ટાઇન



આપણે જેને સૌથી ઓછું જાણતા હોઈએ છીએ
તેમાં આપણને સૌથી વધુ શ્રદ્ધા હોય છે.

માઇકલ દ મોન્તેઈન



ઘણી વાર એક આંખ બંધ કરવાથી
વધુ સારી રીતે જોઈ શકાય છે. તર્કની આંખ બંધ કરવાથી
શ્રદ્ધાની આંખે વધુ સારી રીતે જોઈ શકાય છે.

બેન્જામિન ફ્રેન્કલિન



તમારે શેમાં શ્રદ્ધા રાખવી અને શેમાં નહીં,
તે બીજું કોઈ તમને કહી શકે નહીં.

થૉમસ જેફરસન



શ્રદ્ધા અને પ્રેમ ક્યારેય પરાણે પેદાં કરી શકતા નથી.

આર્થર શૉપનહોર



ઈશ્વર અને સ્ત્રીમાંની શ્રદ્ધાનો લોપ
એ માણસના જીવનની સૌથી વધુ દુઃખદ ઘટના હોય છે.

એલેકઝાન્ડર સ્મિથ



શ્રદ્ધાથી થયેલી ભૂલો અશ્રદ્ધાએ પ્રેરેલા
ઉત્તમ વિચારો કરતાં બહેતર હોય છે.

ટૉમસ રસેલ



પ્રગતિના સૈન્યની મોખરે કૂચ કરતી હોય છે શ્રદ્ધા.

ટી. ટી. મુંગર



શ્રદ્ધા ખાતર મરવું અઘરું છે,
પણ શ્રદ્ધા ખાતર જીવવું તેનાથીય વધુ અઘરું છે.

વિલિયમ થેકરે



જૂના ધર્મો કહે છે:
જેને પ્રભુમાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે.
નવો ધર્મ કહે છે:
જેને પોતાની જાતમાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે.

સ્વામી વિવેકાનંદ



આપણું સર્વપ્રથમ કર્તવ્ય એ છે કે આપણે આપણી જાતનો
તિરસ્કાર ન કરીએ, કારણકે પ્રગતિ માટે સર્વપ્રથમ
જાત ઉપર વિશ્વાસ જોઈએ. જેને આત્મવિશ્વાસ નથી
તે ભગવાન પર શ્રદ્ધા રાખી જ નહીં શકે.

સ્વામી વિવેકાનંદ



શંકા અને શ્રદ્ધા બન્ને એક સ્થાનમાં રહી શકે નહીં,
શંકાનો જન્મ હૃદયની અસ્થિરતામાંથી અને શ્રદ્ધાનો જન્મ
અટલ આત્મવિશ્વાસ અને પ્રેમમાંથી થાય છે.

મહાત્મા જેમ્સ એલેન

હાસ્ય

આપણા દુશ્મનોના ભોગે હસવામાં સૌથી વધુ મજા આવે છે.

સોફોક્લિસ

♦

જે જીતે છે તે જ હસે છે.

જૉન હેવુડ

♦

ઉમદા માણસોને જાહેરમાં હસવાનું ન શોભે.
હું જ્યારે એકલો હોઉં ત્યારે જ હસું છું.

વિલિયમ કોનગ્રેવ

♦

જે માણસ પોતાની જાત પર હસી શકે છે
તેના પર બીજું કોઈ હસતું નથી.

થૉમસ ફુલર

♦

સુસંસ્કૃત માણસ માત્ર સ્મિત વેરે છે,
ક્યારેય ખડખડાટ હસતો નથી.

લૉર્ડ ચેસ્ટરફિલ્ડ

♦

હાસ્ય એટલે ગળામાં રોકી દીધેલું ડૂસકું.

ડેવિડ હાર્ટલે

♦

ખાલી માથું, ખડખડ હસતું મોં.

ઓલિવર ગોલ્ડસ્મિથ

♦

હાસ્ય એ યંત્રનો એક ભાગ છે.
તેના અભાવથી જીવનરૂપી યંત્ર ખોટકાઈ જાય છે.

સ્વામી રામતીર્થ

♦

આ દુનિયામાં માત્ર માણસને જ હસવાની જરૂર પડે છે,
કારણ માણસ જેટલાં દુઃખ બીજા કોઈ જીવોએ સહેવાં પડતાં નથી.

ફ્રેડરિક નિત્શે

♦

હું એટલા માટે હસું છું, ક્યાંક પેલું સંતાડી રાખેલું આંસુ
ગફલતમાં ટપકે નહીં.

ઉમાશંકર જોશી

♦

જો તમારે લોકોને રડાવવા હોય તો તમારે પણ રડવું જોઈએ.
જો તમારે લોકોને હસાવવા હોય તો ચહેરો ગંભીર રાખવો જોઈએ.

કાનાસોવા

♦

તમારે શું જોઈએ છે? જે કાંઈ પણ જોઈએ
તે સ્મિતથી પ્રાપ્ત કરો, જોરજુલમથી નહીં.

વિલિયમ શેક્સપિયર

♦

જો આપણે જીવનપંથ પર પુષ્પો બિછાવી ન શકીએ
તો ઓછામાં ઓછું સ્મિત પાથરી શકે નહીં.

ચાર્લ્સ ડિકન્સ

♦

સ્મિત થાકેલા માટે વિશ્રામ છે,
હતોત્સાહિત માટે દિવસનો પ્રકાશ છે,
ઉદાસ માટે ધૂપ અને સુખી માટે
પ્રકૃતિનો સર્વોત્તમ પ્રતિકાર છે.

અજ્ઞાત

♦

સર્વ કરતાં સુંદર હાસ્ય તેનું છે જે અંત સુધી હસતો રહે.

અંગ્રેજી કહેવત

♦

મને ખાતરી થઈ ગઈ છે કે
જ્યાં સુધી હાસ્યને દેશવટો નહીં દેવામાં આવે
ત્યાં સુધી માણસજાતનો ઉદ્ધાર થવાનો નથી.

પી. બી. શેલી

હૃદય

માથું ગમે તે દિશામાં હોય, હૃદય સાચી દિશામાં હોવું જોઈએ.

સર વૉલ્ટર રેલે



વાસનાનો અગ્નિ, દ્વેષનો અગ્નિ અને અહંકારનો અગ્નિ
જ્યારે બુઝાઈ જાય છે ત્યારે હૃદયને સુખ થાય છે.

ગૌતમ બુદ્ધ



કોઈની પાસેથી કશી જ અપેક્ષા રાખ્યા વિના
અને કોઈની પ્રત્યે કશો જ ભેદભાવ રાખ્યા વિના
સર્વને ઉપકારક બની રહેવાનું વલણ હવે પ્રજામાં
ઓછું થતું જાય છે. પોતે અન્યને ઉપકારક બને છે.
એવો સહેજ પણ ભાવ ન ડોકાય, પણ કોઈકની મૂંઝવણમાં
સહભાગી બન્યાનો આનંદ જ મોં ઉપર રમતો હોય તો
એ નાની વાત નથી. બધું જ પાલવશે,
માણસની હૃદયસંપત્તિ ઓછી થાય એ કેમ પાલવશે?

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ



મારે મસ્તકે ભલે હિમશ્વેત શિશિરના તંબુ તણાયા,
મારા હૃદયમાં છતાં ચિરંતન વસંતનો નિવાસ છે.

વિક્ટર હ્યુગો



તમારું હૃદય ભગવાનને ચરણે ધરો અને હાથ સંસારને સોંપો.

રણછોડદાસજી મહારાજ



દુશ્મનનું રુદન પણ આપણી આંખમાં આંસુ ન લાવે
ત્યારે જાણવું કે આપણું હૃદય પાપમય બની ગયું છે.

ર. વ. દેસાઈ



માનવીના હૃદય કરતાં મોટું કોઈ નથી.
માનવીનું હૃદય જ બધાં તીર્થોનું સ્થાન છે.
એ જ મંદિર, મસ્જિદ, ગિરજાઘર,
કાબા, કાશી અને જેરુસલેમ છે.

નજરુલ ઇસ્લામ



તમારું હૃદય પવિત્ર છે તો તમારું આચરણ પણ સુંદર હશે,
તમારું આચરણ સુંદર છે તો તમારા ઘરમાં શાંતિ હશે,
તમારા ઘરમાં શાંતિ છે તો રાષ્ટ્રમાં સુવ્યવસ્થા હશે અને રાષ્ટ્રમાં સુવ્યવસ્થા હશે તો આખાયે વિશ્વમાં શાંતિ

અને સુખ હશે.

ચીની કહેવત



સાફ દિલને સહેલાઈથી ભયભીત કરી શકાતું નથી.
હૃદય એ પુષ્પ જેવું છે જે કોમળતાથી પડતા ઝાકળ માટે
વિકસિત રહે છે, પરંતુ મુશળધાર વરસાદમાં બંધ થઈ જાય છે.

અજ્ઞાત



મોટાં શહેરોની જેમ માણસોનાં હૃદયોમાં પણ અંધારી, સાંકડી ગલીઓ અને કુકર્મના અડ્ડા હોય છે. જો આને જાણી લેવામાં
આવે તો ઘણી તકલીફો અને હેરાનગતિમાંથી તે બચી જાય છે.

અજ્ઞાત



પોતાના હૃદયને વ્યગ્ર ન કરો, વ્યથિત ન કરો.

બાઇબલ



પ્રસન્ન વ્યક્તિનું વદન સદૈવ વિકસિત રહે છે.

બાઇબલ



શુદ્ધ હૃદયમાંથી નીકળેલું વચન કદી નિષ્ફળ જતું નથી.

મહાત્મા ગાંધી

જ્ઞાન

હું એટલું જ જાણું છું કે હું કશું જ જાણતો નથી.

સોક્રેટિસ



તમે શું જાણો છો તે જાણતા હો,
અને શું નથી જાણતા તે પણ જાણતો હો,
અને એ કહેવાની તમારામાં હિંમત હોય તેનું નામ સાચું જ્ઞાન.

કન્ફ્યુશિયસ



જ્ઞાન એટલે આત્માનો ખોરાક.

પ્લેટો



જ્ઞાન અને શક્તિ એકબીજાનાં પર્યાય છે.

ફ્રાન્સિસ બેકન



જે જ્ઞાન માણસના મનમાં ગર્વ પેદા કરે તે સાચું જ્ઞાન જ નથી.

વિલિયમ મેથર



જ્ઞાન અને અગ્નિ. બંને એક વાર ઉત્પન્ન થાય
પછી પોતાની મેળે વધતાં જ રહે છે.

સેમ્યુઅલ જોનસન



આપણે ખરેખર તો એટલું જ જાણીએ છીએ
કે આપણે કશું જ જાણી શકીએ એમ નથી.

બાયરન



અડધુંપડધું જાણવા કરતાં ન જાણવું વધારે સારું.

ફ્રેડરિક નિત્શે



ફુરસદના સમયમાં તમે જે જ્ઞાન મેળવ્યું હશે
તે તમારા મનની દોલત છે.
આ દોલત તમે સમય આવ્યે છૂટથી વાપરી શકશો.

સ્વેટ માર્ડન



જ્યારે જ્ઞાન એટલું ઘમંડી બની જાય છે
કે મોકળા મને રડી પણ ન શકે, એ એટલું ગંભીર બની જાય કે મુક્ત મને હસી પણ ન શકે અને એ એટલું
આત્મકેન્દ્રિત બની જાય કે પોતાના સિવાય બીજા કોઈની
ચિંતા ન કરે, તો એ જ્ઞાન અજ્ઞાન કરતાંય ભયંકર
ખતરનાક નીવડતું હોય છે.

ખલીલ જિબ્રાન

♦

જ્ઞાનનું વૃક્ષ આપણને વૃદ્ધવયમાં છાંયડો અને વિસામો આપે છે. જુવાનીમાં જો આપણે એ વૃક્ષ ન રોપીએ તો વૃદ્ધવયે
છાંયાની અપેક્ષા કેમ રાખી શકીએ?

લૉર્ડ ચેસ્ટરફિલ્ડ

♦

સામાને બોલતો બંધ કરવા માટે નહીં, એના હૃદયનાં બિડાયેલાં
દ્વાર ઉઘાડવા માટે જ જ્ઞાનનો ઉપયોગ કરજો.

અજ્ઞાત

♦

જ્ઞાન એ દોરો પરોવેલ સોય જેવું છે,
દોરો પરોવેલ સોય ખોવાતી નથી,
તેમ જ્ઞાન હોવાથી સંસારમાં ભૂલા પડાતું નથી.

શ્રીમદ્ રાજચંદ્ર

♦

લોકો જે ખાય તેથી નહીં, પણ જે પચાવી શકે
તેથી પુષ્ટ થાય છે. તેઓ જે કમાય તેથી નહીં,
પણ જે બચાવે તેથી સમૃદ્ધ થાય છે. તેઓ જે વાંચે તેથી નહીં,
પણ જે સમજે તેનાથી જ્ઞાની બને છે.

અજ્ઞાત

♦

જેમ જેમ અમે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ
તેમ તેમ અમે અમારા પૂર્વજોને અમારી સરખામણીમાં
મૂર્ખ સમજીએ છીએ, પરંતુ નિ:સંદેહ અમારી ભાવિ પેઢી
અમારે માટે પણ આ જ વિચાર ધરાવશે.

જ્હૉન પોપ

♦

જ્ઞાન તો એક ધારા પ્રવાહિત સ્રોતોથી પૂર્ણ કૂવા જેવું છે
અને તમારું મગજ એક નાની ડોલ જેવું છે.
તમે એટલું જ પ્રાપ્ત કરી શકો છો
જેટલી તમારી ગ્રહણશક્તિ હોય.

ડૉ. હરદયાલ

♦

જ્ઞાન જ બધાં કરતાં શ્રેષ્ઠ છે
અને અજ્ઞાનના બધા કરતાં અત્યંત ખરાબ છે.

ડાયોજેનીસ

♦

તમારી પોતાની અજ્ઞાનતાનો તાગ મેળવવા માટે
ખાસ્સું બધું જ્ઞાન તમારી પાસે હોવું જરૂરી છે.

ટોમસ ઑવેલ



અધૂરા જ્ઞાનથી ઉત્પન્ન થતાં દોષોને
દૂર કરવાનો ઉપાય પૂર્ણ જ્ઞાન છે.

કાકા કાલેલકર



જ્ઞાન એવી પાંખ છે જેની સહાયથી
આપણે સ્વર્ગ તરફ ઉડ્ડયન કરીએ છીએ.

વિલિયમ શેક્સપિયર



સાચું જ્ઞાન બીજી કોઈપણ મૂલ્યવાન ચીજની જેમ જ
સરળતાથી પ્રાપ્ત થતું નથી એને માટે પરિશ્રમ કરવો,
અધ્યયન કરવું અને ચિંતન કરવું જરૂરી છે.

ટી. આર્નોલ્ડ

●●